સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૫૫ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# બાળકોને ગમતી પ્રવૃત્તિ કરવા દેવી જોઈએ: વડાપ્રધાન મોદી

## ધોરણ 10 અને 12 બોર્ડના વિદ્યાર્થીઓ સાથે પરિક્ષા પે ચર્ચા કરતા વડાપ્રધાન: આદર મેળવવા તમારે તેવું બનવું પડે: મોદી

નવી દિલ્હી, તા.10

ધોરણ 10 અને 12 બોર્ડની પરીક્ષા હવે નજીકમાં છે ત્યારે પીએમ મોદી વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરી રહ્યા છે. પીએમ મોદીએ વિદ્યાર્થીઓને તલ ગોળના લાડુ ખવડાવીને મોં મીઠુ કરાવ્યું હતું.



ત્યારબાદ પીએમ મોદીએ બાળકો સાથે વાતચીત કરવાની શરૂઆત કરી. દિલ્હીના પ્રગતિ મેદાન સ્થિત ભારત મંડપમ ખાતે આયોજિત કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમ દૂરદર્શન અને પીએમઓની યુટ્યુબ ચેનલ પર પ્રસારિત છે. પીએમ મોદી આઠમી વખત વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ સાથે પરીક્ષા અંગે ચર્ચા કરી રહ્યા છે. જેથી બોર્ડની પરીક્ષાનો વિદ્યાર્થીઓમાં જે ડર છે. જે તણાવ છે તે દૂર થાય.

આ વખતે બોલિવૂડ અભિનેત્રીઓ દીપિકા પાદુકોણ, વિક્રાંત મેસી, ભૂમિ પેડનેકર, મહિલા બોક્સિંગ ચેમ્પિયન મેરી કોમ, સદગુરુ, પેરા એથ્લીટ અવની લેખારા, ન્યુટ્રિશનિસ્ટ રુજુતા દિવેકર, માઈન્ડ કોચ સોનાલી સભરવાલ, વેન્ચર કેપિટાલિસ્ટ રેવંત હિમત્સિંગકા, એચટીસી ઈન્ડિયાના સીઈઓ રાધિકા ગુપ્તા અને ટેક ગુરુ ગૌરવ ચૌધરી પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમમાં ભાગ લઈ રહ્યાં છે.

પરીક્ષાઓ પર ચર્ચા કાર્યક્રમમાં પીએમ મોદી વિદ્યાર્થીઓને તેમના સ્વાસ્થ્યની સંભાળ રાખવા માટેની ટિપ્સ આપી રહ્યા છે. તેમણે કહ્યું, કેટલા લોકોએ પાણી પીતા પહેલા તેનો સ્વાદ પણ ચાખ્યો છે? પીએમ મોદીએ વિદ્યાર્થીઓને વધુ પાણી પીવાની સલાહ આપી છે. તેમણે કહ્યું કે કેવી રીતે ખાવું, શું ખાવું અને ક્યારે ખાવું તેના પર ધ્યાન આપવું જોઈએ.

એક બિહારના વિદ્યાર્થીએ લીડરશિપને લઈને સવાલ કર્યો હતો. તેમણે કહ્યું કે લીડર શિપ એટલે કુર્તા પાયજામા પહેરવુ, સ્ટેજ પર ભાષણ આપવુ તેવુ નથી હોતું. તમારે પોતાને તે માટે ઉદાહરણ રૂપ બનવુ પડે. પીએમ મોદીએ મોનિટરનું ઉદાહરણ આપીને બાળકોને લીડરશિપ વિશે સમજ

અનુસંધાન પાના ૭ પર

# સ્ટીલ અને એલ્યુમીનીયમ પર 25 ટકા ટેરીફ લાગુ કરતા ટ્રમ્પ

વોશિંગ્ટન, તા.10

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની અમેરિકા યાત્રા અને સંભવિત ભારત પર પણ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ 'ટેરીફ' લાદે તેવા સંકેતો વચ્ચે અમેરિકાએ કેનેડા-મેકસીકોથી આયાત થતા સ્ટીલ અને એલ્યુમીનીયમ પર 25% ટેરીફ ઝીકતા ભારતને પણ હવે વડાપ્રધાન મોદી આ ટેરીફથી બચાવી શકશે કે કેમ તે પ્રશ્ન છે.

બે દેશો પરના આ ટેરીફ અમેરિકા જે અલગથી મેટલ-સેસ લગાવે છે તેનાથી પણ ઉપર હશે જે કેનેડા-મેકસીકો પર મોટી અસર કરશે. આ બન્ને દેશોમાંથી અમેરિકા સ્ટીલ-એલ્યુમીનીયમની સૌથી મોટી આયાત કરે છે. બાદમાં દક્ષિણ કોરિયા અને વિયેતનામ આવે છે. 2024માં જ અમેરિકાના કુલ એલ્યુમીનીયમની આયાતના 75% કેનેડામાંથી થઈ છે.

ભારત જો કે અમેરિકામાં આ બન્ને ધાતુના નિકાસમાં 10માં ક્રમ બાદ છે પણ ડોનાલ્ડ ટ્રમ્પે સ્પષ્ટ કહ્યું છે કે, અમારા ઉત્પાદનો પર

અનુસંધાન પાના ૭ પર

**હાલ આ ટેરીફ કેનેડા અને મેક્સીકોથી આયાત પર અમલી બનશે**

# આજથી વડાપ્રધાન મોદી ફ્રાન્સ અને અમેરિકાની પાંચ દિવસની મુલાકાતે

## ટ્રમ્પની ટેરિફ નીતિ અંગે મોદીની વ્હાઈટ હાઉસની મુલાકાત ખૂબ મહત્ત્વપૂર્ણ

નવી દિલ્હી, તા.10

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી આજે ફ્રાન્સ અને અમેરિકાની પાંચ દિવસની મુલાકાતે જશે. ખાસ કરીને શ્રી મોદીની અમેરિકા મુલાકાત પર દેશના આર્થિક નિષ્ણાંતો, ઉદ્યોગ-વ્યાપાર જગતના લોકોની નજર છે. અમેરિકામાં જે રીતે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ટેરીફ વોર છેડયુ છે તે પછી ભારત તેમાં કેવુ બચી શકે છે તે મહત્વની બની રહેશે.

શ્રી મોદી ફ્રાન્સમાં આવતીકાલથી પ્રારંભ થનારી આર્ટીફીશ્યલ-ઈન્ટેલીજન્સ એકશન સમીટમાં ભાગ લેશે. જેમાં વિશ્વના ટોચના રાષ્ટ્રનેતાઓ પણ હાજર રહેનાર છે અને ખાસ કરીને



એઆઈમાં જે રીતે હવે નવી સ્પર્ધા છેડાઈ છે તથા તેના ઉપયોગથી 'જોખમો' પણ વધ્યા છે તેના પર ચર્ચા થશે.

શ્રી મોદી તા.13ના અમેરિકા પહોંચશે જયાં તેઓ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના 'શોર્ટ-નોટીસ' આમંત્રણથી પહોંચી રહ્યા છે અને આજે દેશો વચ્ચે જે વ્યાપાર ખાધ છે તે મુદે ચર્ચા થશે. અમેરિકા ઈચ્છે છે કે તેમના ઉત્પાદનોને ભારતમાં હળવા-ટેરીફથી પ્રવેશ મળે.

હાલમા જ કેન્દ્રીય બજેટમાં જે રીતે અનેક ઉત્પાદનો પર આયાત જકાત ઘટાડાઈ તે મોદી સરકારનું પ્રથમ પગલુ છે જે બાદ હવે ટ્રમ્પને 'ખુશ' કરવા કેવા પગલા લેવાશે તે

અનુસંધાન પાના ૭ પર

# અમદાવાદ એરપોર્ટને ઉડાવી દેવાની ધમકી મળતા દોડધામ

## જેદ્દાહથી અમદાવાદ આવેલી ઈન્ડિગોની ફ્લાઈટમાંથી જાસા ચીઠ્ઠી મળી આવી

અમદાવાદ, તા.10

અમદાવાદ એરપોર્ટને ઉડાવી દેવાની ધમકી મળતા સુરક્ષા એજન્સીઓમાં દોડધામ મચી છે. જેદાહથી અમદાવાદ આવેલી ઈન્ડિગોની ફ્લાઈટમાંથી એક હસ્તલિખિત ચીઠ્ઠી મળી આવી હતી જેમાં અમદાવાદ એરપોર્ટને ઉડાવી દેવાની ધમકી મળતા સુરક્ષા એજન્સીઓમાં દોડધામ મચી છે. સુરક્ષા એજન્સી દ્વારા તમામ મુસાફરોને ફ્લાઈટમાં બહાર કાઢી લેવામાં આવ્યા છે અને ચીઠ્ઠી લખનારની ઓળખ મેળવવા માટે તમામના રાઈટીંગ સેમ્પલ લેવાનો નિર્ણય કરાયો છે.

અમદાવાદ એરપોર્ટ પર આવેલી ઈન્ડિગો ફ્લાઈટમાંથી મુસાફરો જ્યારે બહાર નીકળ્યા ત્યારબાદ ક્લીનર દ્વારા ફ્લાઈટ ક્લીન કરવામાં આવી રહી હતી. તે દરમિયાન હાથથી લખેલી ચીઠી મળી આવી હતી.જેમાં એરપોર્ટને ઉડાવી દેવાની ધમકી મળી હતી.આ ધમકી ભરેલી ચીઠી અંગે એરપોર્ટ ઓથોરિટીએ પોલીસને જાણ કરતા પોલીસ સ્થળ પર પહોંચી છે. પોલીસ દ્વારા ગુનો નોંધવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.આ ઉપરાંત આ ચિઠ્ઠી એફએસએલમાં પણ મોકલવામાં આવશે તથા જે પણ મુસાફર ફ્લાઈટમાં હતા તેના પણ લખાણના સેમ્પલ લેવામાં આવશે. મુસાફર માંથી કોઈ મુસાફરે ચિઠ્ઠી લખેલું સાબિત થશે તો તેની સામે કાર્યવાહી કરવામાં આવશે.હાલ

અનુસંધાન પાના ૭ પર

# રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ પ્રયાગરાજ મહાકુંભમાં લગાવી પવિત્ર ડૂબકી

## મહામહિમે સંગમ ખાતે હોડીની સફર પણ માણી

પ્રયાગરાજ, તા.10

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ મહાકુંભમાં પહોંચ્યા હતા, જ્યાં તેમણે આજે (10મી ફેબ્રુઆરી) સંગમમાં ડૂબકી લગાવી હતી. આ દરમિયાન મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ તેમની સાથે હાજર હતા. મહામહિમએ સંગમ ખાતે હોડીની સફર કરી અને પક્ષીઓને ચણ આપ્યું હતું. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂની મુલાકાતને ધ્યાનમાં રાખીને શહેરમાં કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે.

માતા ગંગા, યમુના અને અદ્રશ્ય સરસ્વતીના સંગમમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ આસ્થાની ડૂબકી લગાવીને સનાતન આસ્થાને મજબૂત પાયો આપ્યો. દેશના પ્રથમ નાગરિક માટે સંગમમાં



પવિત્ર ડૂબકી લગાવવાનો આ એક ઐતિહાસિક ક્ષણ છે. ત્યારબાદ પોતાની ધાર્મિક શ્રદ્ધાને વધુ મજબૂત કરવા માટે તે અક્ષયવટની મુલાકાત લેશે અને પૂજા કરશે.

મહાકુંભનો આજે 29મો દિવસ છે. 13મી જાન્યુઆરીથી અત્યાર સુધીમાં 43.57 કરોડથી વધુ ભક્તોએ સ્નાન કર્યું છે. આજે સવારે 10 વાગ્યા સુધીમાં 63 લાખ લોકોએ સ્નાન કર્યું છે.

અનુસંધાન પાના ૭ પર

# અમેરિકામાં ભારતીય મળના અમનદીપને 25 વર્ષની સજા

## વાહન અકસ્માત કેસમાં બેના મોત અંગે સજા ફટકારતી અમેરિકી કોર્ટ

મિનેઓલા, તા.10

અમેરિકામાં બે કિશોર વયનાં ટેનિસ ખેલાડીઓના વાહન અકસ્માતમાં મોત નીપજ્યું હોવાના આરોપમાં ભારતીય મૂળના અમનદીપ સિંહને 25 વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે. અમનદીપ પર દારૂ પીને 150 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ગાડી ચલાવવાનો આરોપ હતો. શુક્રવારે, અમનદીપ સિંહને લોંગ આઈલેન્ડના મિનેઓલામાં મહત્તમ 25 વર્ષ અને ઓછામાં ઓછી આઠ વર્ષ અને ચાર મહિનાની સજા ફટકારવામાં આવી હતી.

પીડિતોના પરિવારે કોર્ટમાં તેમના પ્રત્યે ગુસ્સો વ્યક્ત કર્યો હતો. ભારતીય શખસે આ દરમિયાન કહ્યું કે "મારા પ્રત્યેનો તમારો ગુસ્સો સંપૂર્ણપણે સમજી શકાય તેવો અને સંપૂર્ણપણે વાજબી છે, આ બધી મારી ભૂલ હતી," સિંહે ન્યાયાધીશ હેલેન ગુગર્ટીને કહ્યું.

બાળક ગુમાવવું એ સૌથી મોટું દુ:ખ છે. મેં બહુ મોટું પાપ કર્યું છે. જો કોઈ મર્યું હોત, તો તે હું હોવો જોઈતો હતો." સજાની પ્રક્રિયા જોવા માટે આવેલા પીડિતોના સમર્થકોની ભીડ એટલી મોટી હતી કે તેમના માટે બે વધારાના કોર્ટ રૂમ ખોલવામાં આવ્યા હતા.

ગુગર્ટી દ્વારા આપવામાં

અનુસંધાન પાના ૭ પર

# મહાકુંભમાં ફરી ભીડ ઉમટતા 300 કીમી સુધીનો વિશ્વનો સૌથી મોટો ટ્રાફીક જામ

## હાઈ-વે પર આખો દિવસ ટ્રાફીક જામમાં ફસાયેલા શ્રદ્ધાળુઓ બેહાલ: ખાવા-પીવાના સાંસા પડ્યાં

પ્રયાગરાજ, તા.10

દુનિયાના સૌથી મોટા ધાર્મિક મેળાવડા એવા પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભમાં વધુ એક વખત મહાભીડને કારણે હાલત બેકાબૂ બનતા દુનિયાનો સૌથી મોટો 300 કીમીનો અભૂતપૂર્વ ટ્રાફીક જામ સર્જાયો છે. વાહનોને અધવચ્ચે જ રોકી દેવામાં આવતા કલાકો



સુધી ફસાયેલા શ્રદ્ધાળુઓને ખાવા પીવાના સાંસા પડયા છે અને 20-25 કીમી પગપાળા જવાની નોબત આવી છે. અભૂતપૂર્વ ભીડને કારણે સંગમ સ્ટેશન 14 ફેબ્રુઆરી સુધી બંધ કરી દેવાની જાહેરાત કરવામાં આવી છે.

મહાકુંભમાં રવિવારથી ફરી માનવ મહાસાગર ઉમટી પડયો હતો અને લાખો-કરોડો શ્રદ્ધાળુઓ ઉમટતા મહાભીડની હાલત સર્જાઈ હતી. સંગમ સ્ટેશને મોટી ભીડને પગલે કંટ્રોલરૂમને એલર્ટ કરાયો હતો અને તાત્કાલીક સ્ટેશન બંધ કરી દેવામાં આવ્યુ હતું. 14મી સુધી સ્ટેશન બંધ કરવાનો નિર્ણય લેવાયો હતો.

યાત્રાળુઓને પ્રયાગરાજ જંકશન, કાકામઉ તથા પ્રયાગ સ્ટેશન મોકલવાની જાહેરાત કરવામાં આવી હતી. મહાકુંભના તમામ માર્ગો હકડેઠઠ થયા હતા. પોલીસ દ્વારા ડાઈવર્ઝન પ્લાન લાગુ કરીને અન્ય 44 ઘાટો પર લોકોને મોકલવાનુ શરૂ કરી દેવામાં આવ્યુ હતુ. ભીડને અંકુશમાં લેવામાં તંત્રને પરસેવો છુટ્ટી ગયો હતો.

મહાભીડને ધ્યાને રાખીને પાડોશી રાજયોમાં પણ તંત્રોને એલર્ટ કરી દેવામાં આવ્યા હતા. મધ્યપ્રદેશમાંથી જ વાહનોને

અનુસંધાન પાના ૭ પર

# યુપીમાં જુદા જુદા માર્ગ અકસ્માતમાં મહાકુંભના 10 શ્રદ્ધાળુઓના મોત

## વાહન અકસ્માતના બનાવોમાં 20થી વધુ લોકો ઈજાગ્રસ્ત

લખનૌ, તા.10

દરરોજ મોટી સંખ્યામાં ભક્તો મહાકુંભમાં પહોંચીને સંગમમાં સ્નાન કરી રહ્યા છે. જેના કારણે ભારે ભીડને કારણે અનેક અકસ્માતો પણ થઈ રહ્યા છે. મહાકુંભમાંથી પરત ફરતી વખતે, ઉત્તર પ્રદેશના ફતેહપુર અને સોનભદ્ર જિલ્લામાં માર્ગ અકસ્માતમાં 10 શ્રદ્ધાળુઓએ જીવ ગુમાવ્યા જ્યારે 20 લોકો ઘાયલ થયા. આ અકસ્માતો અલગ-અલગ જગ્યાએ થયા છે.

સોનભદ્ર જિલ્લામાં બાભની-અંબિકાપુર રોડ પર બે અલગ-અલગ માર્ગ અકસ્માતમાં 5 શ્રદ્ધાળુઓના મોત થયા હતા અને અન્ય 8 લોકો ઘાયલ થયા હતા. પ્રથમ અકસ્માત બોલેરો અને ટ્રેલર સામસામે અથડાતાં સર્જાયો હતો. આ અકસ્માતમાં એક દંપતી અને અન્ય બે સહિત એક જ પરિવારના ચાર લોકોના મોત થયા હતા. આ તમામ લોકો મહાકુંભમાં સ્નાન કરીને છત્તીસગઢના રાયગઢ પરત ફરી રહ્યા હતા. આ અકસ્માતમાં 7 લોકો ઘાયલ પણ થયા છે.

જ્યારે બીજો અકસ્માત મહાકુંભમાંથી પરત ફરી રહેલી બસ અને અન્ય બસ વચ્ચે અથડામણમાં સર્જાયો હતો. આ અકસ્માતમાં ઓડિશાના 1 ભક્તનું મોત થયું હતું, જ્યારે તેની બહેન ઘાયલ થઈ હતી.

ફતેહપુર જિલ્લાના પ્રયાગરાજ-કાનપુર હાઈવે પર એક એસયુવી ટ્રક સાથે અથડાતા

અનુસંધાન પાના ૭ પર

# શેરબજારની શરૂઆત સાથે સેન્સેક્સ 450 પોઈન્ટ ગગડ્યો

## જાપાન, દક્ષિણ કોરિયા અને તાઈવાનના બજારોનો રેડ ઝોનમાં કારોબાર

મુંબઈ, તા.10

શેરબજારમાં કડાકાનો દોર યથાવત્ છે. આજે સોમવારે અઠવાડિયાના પહેલા કારોબારી દિવસે સેન્સેક્સ-નિફ્ટીની શરૂઆત નબળી રહી. એક તરફ, બોમ્બે સ્ટોક એક્સચેન્જનો 30 શેર્સવાળો સેન્સેક્સ ખુલતાની થોડી મિનિટોમાં જ લગભગ 450 પોઈન્ટ તૂટી ગયો હતો. જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી પણ 150



પોઈન્ટના ઘટાડા સાથે ટ્રેડ થતો જોવા મળ્યો. આ દરમિયાન, ટાટા સ્ટીલથી ઝોમેટો સુધીના શેર લાલ નિશાનમાં ખુલ્યા હતા.

બજેટમાં મોટી જાહેરાતો હોય કે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાનો રેપો રેટ ઘટાડવાનો નિર્ણય, ભારતીય

અનુસંધાન પાના ૭ પર

# દોહિત્ર દ્વારા ચપ્પુના 70 ઘા ઝીંકી અબજપતિ નાનાનું ખૂન

## પ્રોપર્ટી વિવાદમાં વેલજન ગ્રૂપના ફાઉન્ડર ચંદ્રશેખર રાવની ઘાતકી હત્યા

હૈદ્રાબાદ, તા.10

તેલંગાણાની રાજધાની હૈદરાબાદમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. વેલજન ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝના 86 વર્ષીય સ્થાપક વેલામતી ચંદ્રશેખર જનાર્દન રાવની તેમના જ ઘરમાં તેમના 29 વર્ષના દોહિત્ર કિલારુ કીર્તિ તેજા દ્વારા છરીના ઘા મારીને હત્યા કરવામાં આવી હતી. દોહિત્રએ પ્રોપર્ટીના વિવાદને કારણે ઉદ્યોગપતિની હત્યા કરી હતી. 8 ફેબ્રુઆરીએ આરોપીની અટકાયત કરવામાં આવી હતી.

અહેવાલો અનુસાર, પ્રોપર્ટીના વિવાદને લઈને તેજાએ કથિત રૂપે તેના નાના સામે વિરોધ કર્યો હતો અને તેના પર મિલકતની યોગ્ય રીતે વહેંચણી ન કરવાનો આરોપ લગાવ્યો હતો, જેના કારણે ભારે વિવાદ થયો હતો. આ વિવાદ પછી, દલીલ એટલી હદે વધી ગઈ કે ગુસ્સામાં તેજાએ જનાર્દન રાવ પર છરી વડે 70 ઘા મારીને તેમની હત્યા કરી હતી.

ઝઘડા દરમિયાન, તેજાની માતા અને રાવના પુત્રી, સરોજિની દેવીએ વિવાદ રોકવાનો પ્રયાસ

અનુસંધાન પાના ૭ પર

# હમાસને રોકવા ગાઝા ખરીદી લેવા ટ્રમ્પે જતાવેલી ઈચ્છા

## ગાઝાનું પુન: નિર્માણ કરવા મધ્ય-પૂર્વના દેશોને ટ્રમ્પની ઓફર

વોશિંગ્ટન, તા.10

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર ગાઝા ખરીદવાની જાહેરાત કરી છે. જેના માટે ટ્રમ્પે પ્લાન પણ તૈયાર કર્યો છે. ટ્રમ્પે ગાઝા ખરીદી તેના પર માલિકી હક ભોગવવાની જાહેરાત કરી હતી. તેમજ ગાઝાના અમુક હિસ્સાના રિકંસ્ટ્રક્શન માટે મધ્ય-પૂર્વના અમુક દેશોને તેમાં સામેલ કરવાની તૈયારી પણ દર્શાવી છે.

ટ્રમ્પે મીડિયા સાથે વાતચીત કરતાં જણાવ્યું હતું કે, હું ગાઝા




ખરીદવા માગુ છું. જ્યાં સુધી ગાઝાના પુનઃનિર્માણનો સવાલ છે, તો અમે તેની જવાબદારી મધ્ય-પૂર્વના દેશોને સોંપી શકીએ છીએ. પરંતુ અમે ગાઝા પર સંપૂર્ણપણે માલિકી મુદ્દે પ્રતિબદ્ધ છીએ. અને હમાસ અહીં ફરી પગપેસારો ન કરે

અનુસંધાન પાના ૭ પર




# ‘એન્જોય યોર એક્ઝામ્સ’ વિષયે પ્રેરણાદાયી સેમિનાર યોજાયો

## શ્રી માર્કંડેય પદ્મશાળી સમાજ દ્વારા યોજાયેલો કાર્યક્રમ

સુરત, તા.૧૦

શ્રી માર્કંડેય પદ્મશાળી જનરલ સમાજની વિદ્ય?યા કમિટીના આયોજન હેઠળ “એન્જોય યોર એક્ઝામ્સ” વિષય પર એક પ્રેરણાદાયી સેમિનાર સફળતાપૂર્વક સંપન્ન થયો. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો અને તેમણે ઉપયોગી માર્ગદર્શન મેળવ્યું. વિશિષ્ટ વક્તા ડૉ. રુદ્રેશ વ્યાસ દ્વારા આપેલ ઉદ્દબોધન વિદ્યાર્થીઓ માટે અત્યંત પ્રેરણાદાયી સાબિત થયું. તેમણે પરીક્ષા દરમિયાન આત્મવિશ્વાસ, સમય વ્યવસ્થાપન અને માનસિક શાંતિ જાળવી રાખવા માટે અમૂલ્ય સૂચનો આપ્યા. તેમની શૈલી અને ઉદાહરણો વિદ્યાર્થીઓના હૃદયમાં ઊંડો પ્રભાવ પાડી ગયા. વિદ્યયા કમિટીએ આ સફળ કાર્યક્રમ માટે સહભાગી તમામ વિદ્યાર્થીઓ, સંસ્થાના સભ્યો અને વક્તા ડૉ. રુદ્રેશ વ્યાસનો હાર્દિક આભાર વ્યક્ત કર્યો. આવનારા સમયમાં પણ વિદ્યાર્થીઓના હિતમાં આવા જ ઉપયોગી સેમિનારો યોજવામાં આવશે.

# અમીત ચાવડાના અધ્યક્ષ સ્થાને ભેદવાડમાં ‘જનમંચ’નું આયોજન



સુરત, તા.૧૦

ગતરોજ તા.૯/૨/૨૦૨૪ ના રોજ ભેદવાડ તિરસ્મી મહાબુદ્ધ વિહાર પાસે, પાંડેસરા, સુરત ખાતે ગુજરાત વિધાનસભા કૉંગ્રેસ પક્ષના નેતા શ્રી અમિતભાઈ ચાવડા ના અધ્યક્ષ સ્થાને સુરતની જનતાના અવાજ અને તેમની પડતી વિવિધ મુશ્કેલીઓ,અન્યાય,અને તેમના હક અને અધિકાર માટે કોંગ્રેસનો"જનમંચ"જનસભા થી વિધાનસભા ના શીર્ષક હેઠળ રાખવામાં આવ્યો હતો અને આ કાર્યક્રમમાં અનેક લોકોએ તેમને પડતી હાલાકી અને મુશ્કેલીઓ ની શ્રી અમિતભાઈ ચાવડા ને લેખિત સ્વરૂપે રજૂઆત કરવામાં આવી હતી..અને શ્રી અમિતભાઈ ચાવડા દ્વારા આ સુરતની જનતાને પડતી આ મુશ્કેલીઓ ની વિધાનસભાના પટલ પર ઉઠાવવાની અને તેમના પ્રશ્નો નું નિરાકરણ લાવવાની ખાતરી આપી હતી. સાથે સાથે આ કાર્યક્રમમાં શ્રી અમિતભાઈ ચાવડા દ્વારા ગુજરાત સરકાર પાસે વિવિધ માંગણી કરવામાં આવી હતી અને જો ગુજરાત સરકાર દ્વારા આ પ્રજાના પ્રશ્નોનું નિરાકરણ નહી લાવે તો પ્રજાને સાથે રાખીને ઉગ્ર આંદોલન કરવામાં આવશે એવી ચીમકી ઉચારી હતી. આ કાર્યક્રમમાં કોંગ્રેસ અગ્રણી હરિશચંદ્ર સુર્યવંશી કિરણ રાયકા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાતની મહિલા ટીટી ટીમ નેશનલ ગેમ્સ માટે ક્વોલીફાય

## ફિલઝાહ અને ફ્રેનાઝ ગયા વર્ષે પણ ગેમ્સમાં પસંદ થયા હતા

સુરત, તા.૧૦

દેહરાદુન, ઉત્તરાખંડ ખાતે તા. ૯ થી ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૫ દરમિયાન આયોજિત ૩૮મી નેશનલ ગેમ્સ ૨૦૨૫ના ટેબલ ટેનિસ ઈવેન્ટ માટે ટેબલ ટેનિસ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા ગુજરાતની મહિલા ટીમની ગયા વર્ષના પ્રદર્શનના આધારે પસંદગી કરવામાં આવી છે. ગુજરાતની મહિલા ટીમમાં ફીલઝાહ ફાતેમા કાદરી (સુરત), ફ્રેનાઝ ચીપિયા (સુરત), ઓઈશિકિ જોઅરદાર (અમદાવાદ), રિયા જયસ્વાલ (ભાવનગર) અને નામના જયસ્વાલ (ભાવનગર) ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે. મહાવીર કુંપાવત (એસએજી) અને રુજુલ પટેલ (અરાવલ્લી) અનુક્રમે ટીમના કોચ અને મેનેજર તરીકે રહેશે. ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે ગોવા ખાતે યોજાયેલી ૩૭મી નેશનલ ગેમ્સમાં ફીલઝાહ અને ફ્રેનાઝ વિમેન્સ ડબલ્સ માટે ક્વોલીફાય થયા હતા અને ગુજરાત

અનુસંધાન પાના ૭ પર

# તા.૧૬મીએ બેતાલીસ કડવા પાટીદાર સમાજનો સમૂહલગ્ન

## સમૂહ લગ્નોત્સવમાં ૧૦ નવ યુગલો પ્રભુતામાં પાડશે પગલા

સુરત, તા.૧૦

સમગ્ર દેશમાં શિક્ષણનો વ્યાપ વધતા હાલ દરેક સમાજ સમયની સાથે તાલ મિલાવીને દેખાદેખી રુપી થતા લગ્ન પાછળના

ખર્ચ ઘટાડીને સમૂહ લગ્નોમાં સમાજ સુધારણા રૂપી નવતર પહેલ કરતા જોવા મળી રહ્યા છે ત્યારે સાબરકાંઠાના ઈડર તાલુકાના પશ્ચિમ વિભાગમાં શ્રી ૪૨ કડવા પાટીદાર સમાજ દ્વારા વિરપુર ની પાવન ધરા ઉપર આવેલા માતૃશ્રી શાંતાબેન હીરાભાઈ પટેલ ૪૨ કડવા પાટીદાર સમાજ વાડી, ઉમાધામ ખાતે આગામી ૧૬ મી ફેબ્રુઆરીના રોજ ૩૬ માં ભવ્ય જાજરમાન સમૂહ લગ્ન ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે આ સમૂહ લગ્નોત્સવમાં ૧૦ જેટલા નવયુગલો કુળદેવી માં ઉમિયા માતાજીની સાક્ષી એ સપ્તપદી ના સાત ફેરા ફરીને પ્રભુતામાં પગલા પાડશે. શ્રી ૪૨ કડવા પાટીદાર સમાજ સાબરકાંઠા પંથકમાં એક આગવી ઓળખ ધરાવે છે અને સમાજ સુધારણા રૂપી ભગીરથ કાર્ય છેલ્લા ૩૬ વર્ષથી કરવામાં આવી

અનુસંધાન પાના ૭ પર

# ૪૪મી મહાજન સ્મારક સમુદ્ર હોડી સ્પર્ધાનું આયોજન

સુરત, તા.૧૦

યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓવિભાગ-ગાંધીનગર આયોજિતહરિઓમ આશ્રમ-નડિયાદ પ્રેરિત અને જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી-સુરતસંચાલિત ૪૪મી મહાજન સ્મારક સમુદ્ર હોડી સ્પર્ધાનુંહજીરા પોર્ટ રો-રો ફેરી પાસેથી મગદલ્લા પોર્ટ (૨૧ કિ.મી.) સુધી યોજાશે.આ હોડીસ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા સાહસિકોએ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, જુની સિવિલ કોર્ટબિલ્ડીગ, પહેલો માળ બહુમાળી ભવન, નાનપુરાથી અરજી ફોર્મ મેળવી તા.૧૩/૦૨/૨૦૨૫ સુધીમાં કચેરી સમયમાંરૂબરૂ અથવા ટપાલથી મોકલી આપવા આકચેરીનીયાદીમાંજણાવાયુંછે.

# બાંધકામના વ્યવસાયીને ૧૬ લાખ ચેક રિટર્ન કેસમાં ૧ વર્ષની સજા

## વાલક પાટીયાના વેપારી અશ્વિન સોજીત્રો કેસ કર્યો હતો : પરસોત્તમ શેલડીયાને સજા

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૦

આ કેસની વિગત એવી છે કે, વાલક પાટીયા શ્યામધામ રોડ ખાતે અવધ રેસીડેન્સીમાં રહેતા અશ્વિન ધીરૂભાઈ સોજીત્રા ઉ.વ.૪૮ એમ્બ્રોઇડરી જોબવર્કના ધંધા સાથે સંકળાયેલા છે. તેઓ રામદેવ ફેશનના નામે પ્લેન સાડી પર એમ્બ્રોઈડરી મશીન મારફતે જોબવર્ક કરવાનું કામ કરે છે. દરમિયાન તેઓ ૨૦ વર્ષથી તેમના વતનમાં નજીકના ગામે જ રહેતા કન્સ્ટ્રકશનનું કામ કરતા પરશોત્તમ રવજી શેલડીયા સાથે મિત્રતા હોય પરશોત્તમ શેલડીયાને ધંધાના કામ માટે રૂપીયાની જરૂરીયાત ઉભી થઇ હતી. જેથી ફરીયાદી પાસેથી બે મહિનામાં પરત કરવાની ખાતરી આપી ૧૬ લાખ રૂપીયા લીધા હતા. બે મહિના બાદ રકમ પરત માંગતા પરશોત્તમે આપેલા ચેક રીટર્ન થયા હતા. આ અંગે એડવોકેટ યોગેશ જોગાણી મારફતે કોર્ટમાં ચેક રિટર્નની ફરીયાદ કરવામાં આવી હતી. જે કોર્ટમાં ચાલી જતા કોર્ટે એડવોકેટ યોગેશ કે.જોગાણીની દલીલો અને રજુ થયેલા પુરાવા ધ્યાને લઇ આરોપી પરશોત્તમ શેલડીયાને ૧ વર્ષની સજા અને રીટર્ન થયેલા ચેકની રકમ ૬૦ દિવસમાં ફરીયાદીને ચુકવી દેવા હુકમ કર્યો હતો.

# ચેક રિટર્ન કેસમાં રાજસ્થાની વેપારીને એક વર્ષ કેદની સજા

## ફરિયાદીને વળતર ચૂકવી આપવા કોર્ટનો હુકમ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૦

રૂ.૧૪ લાખ ઉપરાંતનું જોબવર્કનું કામ કરાવ્યા બાદ પેમેન્ટ ન ચૂકવનાર રાજસ્થાની વેપારીને કોર્ટે ચેક રિટર્નના કેસમાં એક વર્ષની સજા ફટકારી છે. આ ચુકાદામાં કોર્ટે ટાંક્યું હતું કે, ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની જોગવાઈ દેશમાં બેંકમાં થતા નાણાંકીય વ્યવહારોની વિશ્વસનીયતાને મજબુતી આપવા માટે કરવામાં આવી છે.

આ કેસની મળતી વિગત મુજબ જગદીશનગર, એલ.એચ. રોડ, વરાછા ખાતે સાડી ઉપર જોબવર્કનું કામ કરતા કિરીટભાઈ બોરડ પાસે ડિસેમ્બર- ૨૦૧૬ થી જુલાઈ-૨૦૧૮ માં નિકિતા ટેક્સ તથા કિસ્મત સાડીના નામે ધંધો કરતા પન્નાસિંહ અમરસિંહ રાજપૂત (રહે. રાજસ્થાન) એ રૂ. ૧૪,૪૨,૭૩૫/- નું કામ કરાવ્યું હતું. જેના પાર્ટ પેમેન્ટ પેટે આરોપીએ રૂ. ૩,૩૦,૦૦૦ નો ચેક આપ્યો હતો. જે રિટર્ન થતાં ફરિયાદીએ અત્રેની કોર્ટમાં એડવોકેટ અશ્વિન જે. જોગડિયા મારફત નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ હેઠળ ફરિયાદ દાખલ કરી હતી.દરમિયાન બન્ને પક્ષકારોને સંભાળ્યા બાદ કોર્ટે ટાંક્યું હતું કે, જયાં સુધી વિરૂધ્ધની હકીકત સાબિત કરવામાં ન આવે ત્યાં સુધી ચેકના ધારણ કર્તાને આવો ચેક કાયદેસરનું દેવુ અથવા જવાબદારી પેટે આપવામાં આવ્યો છે તેવું અનુમાન અદાલતે કરવાનું છે. આ સંજોગોમાં અદાલતે તકરારી ચેક કાયદેસરના લેણાં પેટે આપેલ છે તેવુ કાનુની અનુમાન કરવાનું રહે છે. અંતે કોર્ટે આરોપીને તકસીરવાર ઠેરવી એક વર્ષની સજા કરી હતી તથા ચેકની રકમ વળતર પેટે ફરિયાદીને ચૂકવવા હુકમ કર્યો હતો, અને જો રકમ ન ચૂકવે તો ૬ માસની વધુ સજાનો આદેશ પણ કોર્ટે કર્યો હતો.

# આઈ.એમ.એ. નેશનલ ગ્રુપના ચેરમેન બનતા ડો.પારુલ વડગામા

## દેશમાંથી ટીબીને સદંતર નાબુદ કરવા માટેની જવાબદારી સોંપાઈ



સુરત, તા.૧૦

સમગ્ર દેશમાંથી ટીબીને નાબૂદ કરવા માટેનું એક અભિયાન ચાલી રહ્યું છે. ત્યારે ઈન્ડિયન મેડિકલ એસોસિએશન દ્વારા નેશનલ વર્કિંગ ગ્રુપ ના ચેરમેન તરીકે સુરત સિવિલ હોસ્પિટલના ડોક્ટર પારુલ વડગામા ની નિમણૂક કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

ઈન્ડિયનમેડિકલએસોસિએશન છેલ્લા ઘણા સમયથી દેશમાં ટીબીની સારવાર જાગૃતિ અને નિવારણ માટે મહત્વની ભૂમિકા ભજવી રહ્યું છે. આઈ .એમ. એ. દ્વારા અગણિત ડોક્ટરોને ટીબીની સફર સારવાર માટે તાલીમ આપે છે. તેમજ દેશ વ્યાપી સ્તરે ટીબી નિયંત્રણ માટે અનેક જનજાગૃતિ અભિયાન ચલાવવામાં આવ્યું છે. ત્યારે આઈએમએ ના નેશનલ પ્રેસિડેન્ટ ડોક્ટર દિલીપ ભાનુશાલી, નેશનલ પ્રેસિડેન્ટ ઈલેક્ટ ડોક્ટર અનિલ નાયક અને સેક્રેટરી જનરલ ડોક્ટર સરબારી દત્તા દ્વારા આ ગ્રુપના અધ્યક્ષ તરીકે સુરત સિવિલ હોસ્પિટલના ચેસટ વિભાગના વડા ડોક્ટર પારુલ વડગામા ની નિમણૂક કરવામાં આવી છે.



# પ્રેસિડેન્સી સ્કૂલના આચાર્યા કુ.દીપિકા શુક્લનું બહુમાન

## આચાર્યાને ‘શિક્ષક દેવો ભવઃ’ એવોર્ડ અર્પણ કરાયો

સુરત, તા.૧૦

ન્યુ રાંદેરરોડ સ્થિત પ્રેસિડન્સી સ્કૂલના આચાર્યા કુ. દીપિકા શુક્લને રોટરી કલબ ઓફ સુરત ઈસ્ટ અને સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ દ્વારા શિક્ષણ ક્ષેત્રે ઉત્તમ કામગીરી બદલ શ્રેષ્ઠ આચાર્યનું 'શિક્ષક દેવો ભવ' એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા.

આ પ્રસંગે સેક્રેટરી શ્રી નિતેશભાઈ વાગડિયા, રિતેશભાઈ ભિમાણી, વિશાલભાઈ સોજીત્રા, ચિરાગભાઈ રૂપારેલીયા, મુકેશભાઈ કાનાણી, ભરતભાઈ, જતીનભાઈ કથીરિયા, ભરતભાઈ કળથીયા અને રસિકભાઈ સાવલિયા તથા સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજના અગ્રણી શ્રી મનુભાઈ ગોંડલીયા અને શ્રી મનસુખભાઈ નારીયા ઉપસ્થિત રહ્યા હતા શાળાના ટ્રસ્ટીશ્રી પ્રાધ્યાપક એન.એમ.કારિયાએ દરેકને હાર્દિક આવકાર્યા હતા અને ટ્રસ્ટીશ્રી હિતેન્દ્રભાઈ ચુડાવાળાએ દરેક મહેમાનોને પુસ્તકથી સન્માન્યા હતા.

આચાર્યા કુ. દીપિકા શુકલએ સન્માન બદલ સંસ્થાનો આભાર વ્યક્ત કર્યો હતો.



# એએમ-એનએસ દ્વારા ઈન્ટરનેશનલ રોપ એક્સેસ સિમ્પોઝિયમ યોજાયું

## કાર્ય સ્થળે સલામતીને સર્વોચ્ચ પ્રાધાન્ય આપવા સંદર્ભે ચર્ચા

સુરત, તા.૧૦

ઈન્ડસ્ટ્રીયલ રોપ એક્સેસ ટ્રેડ એસોસિએશન (IRATA) ઈન્ટરનેશનલ અને આર્સેલરમિત્તલ નિપ્પોન સ્ટીલ ઈન્ડિયા (AM/NS India) દ્વારા ‘ઈન્ટરનેશનલ રોપ એક્સેસ સિમ્પોઝિયમ ૨૦૨૫’ નું આયોજન AM/NS Indiaના મુખ્ય પ્લાન્ટ હજીરા ખાતે કરવામાં આવ્યું હતું. આયોજિત પ્રસંગે ગુજરાત સરકારના અધિકારીઓ અને ઉદ્યોગ અગ્રણીઓએ એકત્રિત થઈ કામ કરવાની સલામત પદ્ધતિઓ અને શ્રેષ્ઠ ઉદ્યોગ પ્રથાઓ પર ચર્ચા કરી હતી.

ગુજરાતમાં પ્રથમ જયારે ભારતમાં બીજા સિમ્પોઝિયમ તરીકે નોંધાયેલી આ ઈવેન્ટમાં AM/NS India ના ૨૦૦થી વધુ કર્મચારીઓ, તેમજ ગુજરાત સરકાર અને વિવિધ અગ્રણી કંપનીઓ, જેમ કે રિલાયન્સ, L&T, GAIL, અદાણી ગ્રુપ, ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન, ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ, એમજી મોટર્સ, ટાટા મોટર્સ, ટાટા સ્ટીલ અને શેલના પ્રતિનિધિઓએ હાજરી આપી હતી. AM/NS Indiayu IRATA ઈન્ટરનેશનલ દ્વારા વિકસાવામાં આવેલી ઔદ્યોગિક રોપ એક્સેસ ટેકનોલોજી અપનાવી છે, જે ‘Wrok at Height’ (ઊંચાઈ પર કામ કરવા) માટે પરંપરાગત પદ્ધતિઓની સરખામણીમાં વધુ સલામત વિકલ્પ છે. પરંપરાગત પદ્ધતિઓમાં અકસ્માતો થવાની શક્યતાઓ વધુ હોય છે, જ્યારે આ નવી ટેકનોલોજી વધુ સુરક્ષિત અને અસરકારક છે. AM/NS India yu IoT, મશીન લર્નિંગ અને ફેસ રેકોગ્નિશન જેવા એડવાન્સ સોલ્યુશન્સ પોતાના સલામતી ધોરણો ઉચ્ચ બનાવવા માટે અપનાવ્યા છે.



# સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજની વાર્ષિક સામાન્ય સભા યોજાઈ

## સમાજનું મહિલા અને યુવા સંગઠન બનાવવા નિર્ણય

સુરત, તા.૧૦

ગતરોજ શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ સુરતની સામાન્ય સભા શ્રી સૌરાષ્ટ્ર ઔદિચ્ય બ્રહ્મસમાજની વાડી, રામનગર, રાંદેર, સુરત ખાતે શ્રી દેવકીનંદન જોષી ના અધ્યક્ષ પદે મળી હતી. જેમાં ગઈ સભાનું વાંચન,પ્રમુખ શ્રી નો એહવાલ,જાન્યુઆરી ૨૦૨૫ થી ત્રણ વર્ષ માટે હોદ્દેદારો અને કારોબારી સભ્યોની નિમણૂક તથા પ્રમૂખશ્રી તરફથી રજુ થાય તે વિષયો પર કાર્ય કરવામાં આવ્યું હતુ. બ્રાહ્મણ સમાજના યુવક/યુવતિઓ માટે યુવા પાંખ તથા મહિલાઓ માટે મહિલા પાંખ સંગઠિત થાય એવા શુભ ઉદ્દેશ્યથી યુવા પાંખ તથા મહિલા પાંખ નું ગઠન કરવાનું પણ નક્કી કરવામાં આવેલ છે. નવી કારોબારી કમિટીમાં પ્રમુખ તરીકે શ્રી જયદીપભાઈ ત્રિવેદી, ઉપપ્રમુખ તરીકે શ્રી બીપીનચંદ્ર ત્રિવેદી, શ્રી સુરેશભાઈ વ્યાસ, શ્રી યોગીનભાઈ શુક્લ, શ્રી હરેશભાઈ જોશી, મહામંત્રી તરીકે શ્રી યોગીનભાઈ પાઠક અને શ્રી નિકુંજભાઈ આચાર્ય, સંગઠન મંત્રી તરીકે શ્રી સુભાષભાઈ શર્મા, શ્રી દક્ષેશભાઈ ભટ્ટ, શ્રી ગૌતમભાઈ પંડિત, શ્રી મહેશભાઈ વોરા, મંત્રી તરીકે શ્રી યોગેશભાઈ વ્યાસ, પ્રો. મહેન્દ્રભાઈ ત્રિવેદી, શ્રી ધર્મેશભાઈ ઠાકર, ખજાનચી તરીકે શ્રી અશોકભાઈ દવે તથા સહ ખજાનચી તરીકે શ્રી હિતેન્દ્રભાઈ દીક્ષિતની વરણી કરવામાં આવેલ છે. યુવા પાંખના પ્રમુખ તરીકે શ્રી રવિભાઈ જીતેન્દ્રભાઈ જાની તથા મહામંત્રી તરીકે શ્રી હર્ષભાઈ અશ્વિનભાઈ રાવલ ની તથા મહિલા પાંખના કન્વીનર તરીકે શ્રીમતી શીતલબેન સુરેશભાઈ વ્યાસ તથા શ્રીમતી કૈલાશબેન બીપીનચંદ્ર ત્રિવેદી ની વરણી કરવામાં આવેલ છે. સાથે આ વર્ષે યોજાયેલ મહાકુંભ મેળામાં જઈ આવેલા પરિવાર નું સન્માન પણ કરવામાં આવ્યું હતુ. આવનારા દિવસોમાં સમાજ દ્વારા યોજાનારા વિવિધ કાર્યક્રમો વિશે ચર્ચા પણ કરવામાં આવેલ હતી. કાર્યક્રમના અંતે બ્રહ્મ ભોજન નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બહોળા પ્રમાણમાં બ્રહ્મબંધુઓએ ભાગ લીધેલ હતો.

# અંધશ્રદ્ધા તથા કુરિવાજોને તિલાંજલી આપવા મહિલા જાગૃતિ સંમેલન યોજાયું

## ત્યાગમૂર્તિ માતા રમાઈ જન્મ જયંતિ નિમિત્તે ઉત્રાણમાં મહિલા સંમેલન મળ્યું



સુરત, તા.૧૦

ભારતીય બુદ્ધ સમાજ વિકાસ પરિષદ ,ભારતીય બૌદ્ધ મહા સભા, રિપબ્લિક એન્ડ પાર્ટી ઓફ ઈન્ડિયા (ભીમરાવ આંબેડકર)ઉત્રાણ,અમરોલી, કોસાડ વિભાગ સુરત શહેર દ્વારા ભારતીય બંધારણ ના ઘડવૈયા ડોબાબા સાહેબ આંબેડકર જીના જીવન સંગીની ત્યાગમતી માતા રમાઈ ભીમરાવ આંબેડકરજી ની ૧૨૭ મી જન્મ જયંતી ઉજવણી નિમિત્તે મહીલાઓ અંધશ્રધ્ધા, કુરીવાજોથી નષ્ટ થાય.સ્વયંમ પ્રકાશીત થાય એવા ઉમદા હેતુ થી ૧૦ મુ મહિલા જાગૃતિ સમ્મેલન, સન્માન સમારોહ, સાંસ્કૃતિક કાર્યક્રમ ભીમ ગીતોનો કાર્યક્રમ રિપબ્લિક પાર્ટી ઓફ ઈન્ડિયા ના ગુજરાત પ્રદેશના મહિલા અધ્યક્ષ બૌદ્ધ સમાજ મહિલા અગ્રણી આશાબેન મંગળે ના અધ્યક્ષ સ્થાને તેમજ ઉત્રાણ ગામના માજી સરપંચ બૌદ્ધ સમાજના વરિષ્ઠ અગ્રણી આપ્પાસાહેબ કાશીનાથસીરસાઠ. રિપબ્લિકન પાર્ટી ઓફ ઈન્ડિયા બી,એ ના રાષ્ટ્રીય મહાસચિવ માનવબંધુ વિજયભાઈ મેસુરીયા સમતા સૈનિક કેપ્ટન નીખાળજે સત્ય શોધક સભાના રાષ્ટ્રીય અધ્યક્ષ ઓબીસી સમાજના અગ્રણી ઓમપ્રકાશ મૌર્ય રિપબ્લિક એન્ડ પાર્ટીના ગુજરાત પ્રદેશના મહામંત્રી દર્દી સેવા સમિતિના અધ્યક્ષ

અનુસંધાન પાના ૭ પર

# પ્રાચિન જ્ઞાન આધુનિક વિજ્ઞાન

કાઉસગ્ગમ્ દ્વારા આપણા 'હેતુ' ઓ શુદ્ધ બને છે, આપણી સ્વભાવિક શક્તિઓ જાગરૂક થાય છે અને આપણા અસ્તિત્વને સાચી દિશા આપી શકાય છે. આ વિજ્ઞાન ને માહિતી અને એની સાધના કોઈ પણ સિદ્ધ પુરુષ પાસેથી મેળવી શકાય છે.

પ્રત્યેક મનુષ્યની સામે જો કોઈ જટિલ પ્રશ્ર્ન હોય તો તે છે પોતાના સુખ-દુઃખના કારણને જાણવું. એનાથી પણ વધારે મુઝવણ હોય તો તે છે પોતાના અસ્તિત્ત્વને સમજવું.

મનુષ્ય બાહ્ય જગતને સમજવાની કોશિષ કરવામાં પોતાને જ સમજી શકતો નથી. હું કોણ છું, હું ક્યાંથી આવ્યો, અહીં આવી તે શું કરવાનું છે? જેવા મૂળભૂત પ્રશ્ર્નોના જવાબ જેને મળે તે ખરેખર ભાગ્યશાળી કેહવાય. આવા ગંભીર અર્થ વાળા વિષયો પર પ્રકાશ પાડવા માટે જ આપણા ધર્મ ગ્રંથોની રચના થઈ છે.

જીવનની ફિલસૂફી અને આધ્યાત્મિક વિજ્ઞાન ને પંડિતાઈનો વિષય નહીં પણ જીવન ઉપયોગી વિષય બનાવવું હોય તો આપણા રોજિંદા જીવનમાં સુખ-દુઃખના કારણને જાણવું, સમજવું અને કેમ જીતવું, એ દિશામાં આગળ વધવું પડશે. ખરેખર સુખ-દુઃખ તો આપણા સમગ્ર જીવનનો રસ છે અને આપણા અસ્તિત્ત્વનો પરમ ધ્યેય છે. આપણાં શાસ્ત્રોમાં આ વિષયને સંબોધન કરનાર એક અનોખું વિજ્ઞાન છે-કર્મ વિજ્ઞાન!

ભારતીય સંસ્કૃતિના લગભગ બધા જ ધર્મોમાં 'કર્મ'નો ઉલ્લેખ જોવા મળે છે. કર્મ જ આપણા સુખ-દુખનું કારણ છે અને આપણી ગતિને દિશા આપનાર ઊર્જા છે એ વાત પર ખૂબ જ ધ્યાન આપવાનો નિર્દેશ છે.

ખરેખર તો કર્મ વિજ્ઞાન જ સમગ્ર આધ્યાત્મિક વિજ્ઞાનનું કેન્દ્રબિન્દુ છે અને ધર્મ પુરુષાર્થનો હેતુ-સિદ્ધિ ઘટક છે! પણ આ મહાન વિષયને આપણે વામન બનાવી દીધો છે. સાધારણ સમજ અનુસાર કાયા, મન, વાણીની પ્રવૃત્તિ એ કર્મ-બીજ છે અને જેવા બીજ વાવીએ તેવું પામીએ એ કર્મની લીલા છે- આવી અલ્પતામાં જાણે આપણું સમગ્ર આયખું ખોઈ નાખ્યું.

કર્મ અને કર્મ-બંધનઃ

"જેવાં બીજ વાવશો, તેવાં પરિણામ પામશો! એ સાધારણ વ્યાખ્યા નથી. આ ફિલસૂફી પાછળ ગહન અર્થ છુપાયેલા છે. એમ કહી શકાય કે આ વાક્યમાં સમગ્ર જીવનનો સાર છે. તમારા સુખ-દુખ, તમારી સિદ્ધિઓ, મકાન, ધન, વૈભવ વિ. સર્વે તમારા જ વાવેલા બીજનાં પરિણામ છે. આ સનાતન સત્ય છે. આ જ કર્મની લીલા કહેવાય છે.

કર્મ વિજ્ઞાનને સમજતા પહેલા, જીવના મૂળ ગુણોને સમજવાની કોશિષ કરીએ. સર્વે જીવોમાં દિવ્ય ચેતના (Divine Consciousness) દિવ્ય આનંદ અનુભૂતિ (Divine Bliss), હેતૂ-ઈચ્છા (Divine Will), દિવ્ય જ્ઞાન (Divine Knowledge) અને દિવ્ય ક્રિયા (Divine power to act and manifestation) જેવી પાંચ મૂળભૂત શક્તિઓ હોય છે આ શક્તિઓના આધારે જીવ પોતાના અસ્તિત્ત્વને આકાર આપે છે અને જીવનને દિશા આપે છે. આ પાંચ શક્તિઓનો વિશેષ ભેદ કરીએ તો દિવ્ય ચેતના અને દિવ્ય અનુભૂતિ બન્ને "આત્મભાવ છે અને બીજી ત્રણ શક્તિઓ "કર્મ-ભાવ છે! "કર્મ એ હેતુ-ઈચ્છા, જ્ઞાન અને ક્રિયાની સામૂહિક શક્તિ છે.

એક મહત્ત્વનો મુદ્દો સમજવાની જરૂર છે- 'જીવ શુદ્ધ કર્મ કે અશુદ્ધ કર્મ કરી શકે છે અને એનાં પરિણામ ભોગવી શકે છે પણ ક્યારે પણ કર્મ-શક્તિનો નાશ કરી શકે નહીં.'

આધ્યાત્મિક વિજ્ઞાન એક વધુ ખુલાસો કરે છે. કર્મ પ્રકિયાની શરૂઆત હેતૂ-ઈચ્છા (Intention)થી થાય છે. જીવના અસીમ આતમમાં એક 'હેતુ-ઈચ્છા' રૂપી કંપન પેદા થાય છે, તેને 'જ્ઞાન'થી આકાર આપવામાં આવે છે અને અંતે 'ક્રિયા' દ્વારા તેને પરિણામ સ્વરૂપે જોવા મળે છે.

કર્મના બીજ હેતુ-ઈચ્છામાં રહેલ છે અને મોટા ભાગે તે જીવની જાણ બાહાર અદશ્ય બનીને રહે છે. માટે જ મોટા ભાગની ઈચ્છાઓ આપણા અદશ્ય મનમાંથી ઉત્પન્ન થતી હોવાથી આપણા નિયંત્રણ બાહાર હોય છે! અને ચોંકાવનારી વાત તો એ છે કે આપણા હેતુ-ઈચ્છાઓ સુષુપ્ત રીતે નિર્માણ પામાતી હોય છેપ આપણી જાણ બાહાર.

જ્યારે કર્મ-ભાવ અશુદ્ધ હોય છે, ત્યારે વિકૃત્ત ઈચ્છાઓ, મિથ્યા જ્ઞાન અને હિંસક ક્રિયાઓ દ્વારા કર્મ-બંધનમાં આપણે ફસાઈ જઈએ છીએ.

કાઉસગ્ગમ્

વિજ્ઞાનઃ 'કાઉસગ્ગમ્' એક દિવ્ય પુરુષાર્થ છે જે જીવને કર્મ-બંધનથી મુક્ત કરી શકે છે. આ વિજ્ઞાન દ્વારા મન-વચન-કાયાની અશુદ્ધ પ્રવૃત્તિઓને આપણે અટકાવી શકીએ છીએ અને સુખ-દુઃખની વેદનાથી મુક્ત થઈ શકીએ છીએ. કાઉસગ્ગમ્ દ્વારા આપણા 'હેતુ' ઓ શુદ્ધ બને છે, આપણી સ્વભાવિક શક્તિઓ જાગરૂક થાય છે અને આપણા અસ્તિત્વને સાચી દિશા આપી શકાય છે. આ વિજ્ઞાન ને માહિતી અને એની સાધના કોઈ પણ સિદ્ધ પુરુષ પાસેથી મેળવી શકાય છે. કાઉસગ્ગમ્નો મુખ્ય ઉપયોગ એટલે આપણી જાગરૂકતા અને દિવ્ય બુદ્ધિનો વિકાસ-જે આપણા અનાદીકાળના કર્મ બંધનને તોડી પાડતા દિવ્ય અસ્ત્રાનું કાર્ય બજવે છે.

અશુદ્ધ કર્મોથી મુક્તિઃ અશુદ્ધ કર્મોથી મુક્તિ એટલે સુખ-દુઃખ પર વિજય પ્રાપ્તિ. સુખ-દુઃખ એ અભિપ્રાય માત્ર છે- એક વ્યક્તિ દુઃખથી દુઃખી થાય ત્યારે બીજો વ્યક્તિ દુઃખના કારણને જાણી એનાથી 'પર' કેમ થવું એ વિચારે. સુખ-દુઃખના કર્મોને દૂર કરવા બે પ્રચલિત માર્ગો સ્વીકારવામાં આવે છે. એક માર્ગ પ્રભુ-ભક્તિ અને પરમ શક્તિ પર શ્રદ્ધાનો માર્ગ છે, જ્યારે બીજો માર્ગ સ્વશક્તિ અને આત્મિક ગુણ વિકાસને કેન્દ્રમાં રાખે છે. કાઉસગ્ગમ્ બીજો માર્ગ છે.


અશુદ્ધ કર્મ મુક્તિ માટે આ મનોવૃત્તિની કેળવણી લાભકારી હોય છે

(૧) પ્રત્યેક સંજોગમાં, પ્રત્યેક અનુભવમાં 'જ્ઞાન' મેળવવોઃ

આધ્યાત્મિક જીવનની એક વિશેષતા છે કે કોઈ પણ સંજોગ ખરાબ નથી. તે સંજોગ આપણ પ્રગતિ માટે નિર્માણ થયેલ છે.

(૨) કારણને સુધારોઃ

પ્રત્યેક કાર્ય પાછળ ચોક્કસ કારણ હોય છે. કાઉસગ્ગમ્ દ્વારા કારણને સમજી શકાય છે અને સુધારી શકાય છે



# કોર્ન સિરપ ઘાતક છે

ભારતીય ખાન-પાનની સદીઓ જૂની સમૃદ્ધ પરંપરા રહી છે. ભારતમાં ખાન-પાનની વાનગીઓ જેટલી બને છે. તેટલી પૂરા વિશ્ર્વના બીજા દેશોમાં કયાંય બનતી નથી. ભારતીય ભોજન સ્વાસ્થ્યના માપદંડથી બનતાં વ્યજનો છે. જે સ્વાદ અને સ્વાસ્થ્ય અનોખો સુમેળ છે. ઘણાં વર્ષોથી ગુલામી તેમ જ બાહ્ય દેશોના આક્રમણ ભારતીય ભોજન પર ઘણાં પ્રકારે આક્રમણ કર્યું છે. પ્રાકૃતિક રીતે બનતા ભોજનમાં ભારત સર્વશ્રેષ્ઠ છે. બહારના દેશોના કેમિકલયુક્ત આહારે આપણા ભોજન પર પ્રહાર કર્યા છે. આ આક્રમણકારીઓના આવવાથી ખાન-પાનની વિભિન્ન શૈલી વિકસિત થઇ. ભારતીય સભ્યતા નિરંતર વિકાસ પથ પર અગ્રેસર હતી. આક્રમણકારીઓની ખાન-પાનની વ્યવસ્થામાં કોઇ તાલમેલ નથી. નીચે બેસીને ખાવાની પરંપરામાં સભ્યતા હતી. આ સભ્યતા તેમ જ ખાન-પાનમાં વિકૃત્તી થઇ ગઇ હોય એવું જણાય છે.

ભારતીય મિઠાઇઓ પોતાની સમૃદ્ધતા અને વિવિધ વિરાસ્ત માટે પ્રખ્યાત હતી. પ્રાકૃતિક સામગ્રીથી વિભિન્ન ક્ષેત્રોમાં, સંસ્કૃતિમાં અને પરંપરાઓથી પ્રભાવિત હતી. જયારે મોટા તહેવારો આવે અને ઋતુઓની અનુકૂળતા અનુસાર મીઠાઇઓ બનતી હતી. ભારતીય મીઠાઇઓ બનાવવામાં સરળ હતી. જે ફળો સૂકામેવા અને પ્રાકૃતિક મીઠાશથી બનતી હતી. હવે આ પ્રક્રિયાને ઘણી જટીલ અપ્રાકૃતિક અને હાનિકારક બનાવી દીધી છે. દિવાળી જેવા તહેવારોમાં પણ પારંપારિક મીઠાઇ ભુલાતી જાય છે. વધુ સાકર તેમ જ આર્ટિફિશિય સાકર, હાનિકારક રંગો, રસાયણો યુકત બની ગઇ જે ફકત આંખોને લોભાવે છે. આ સાથે-સાથે રિફાઇન્ડ તેલમાં તળીને બનાવતા ફરસાણ, મીઠાઇ અને ફરસાણનો ઉપયોગ આડેધડ વધ્યો છે. જેથી ડિસેમ્બર અને જાન્યુઆરી મહિનામાં કફ, શરદી, ડાયાબિટીસનું વધી જવું, હાર્ટએટેક, પેરાલિસિસના દર્દીઓ વધુ જોવા મળે છે.

સાકરના ઉપયોગની જગ્યા એ હવે પ્રમાણમાં સિરપનો ઉપયોગ વધ્યો છે. સફેદ સાકર તો ઘાતક છે. આ સિરપનો ઉપયોગ તેથી વધુ ઘાતક છે. સુગર ફ્રીના નામે આ સિરપ વપરાય છે. આ સિરપ છે કોર્ન સીરપ. આ હાઈફ્રકટોસ સિરપ (એચ.એફ.સી.એસ.) જે કોર્ન સ્ટાર્ચથી તૈયાર થાય છે. આ હાઈફ્રકટોસ સિરપમાં કેલરીની માત્રા ખૂબ જ વધારે છે. ગ્રેડના આધારે ગ્લુકોઝ, માલ્ટોઝ અને ઉચ્ચ ઓલિગો સેક્રેરાઇડ વધુ માત્રામાં છે. ફકત ખાદ્ય-પદાર્થોને નરમ રાખવા માટે આ નુકસાનકારક સિરપનો ઉપયોગ થાય છે. માત્રા વધારવા, સાકરના ક્રિસ્ટલીકરણને રોકવા, સ્વાદ વધારવા માટે ઉપયોગ થાય છે. સાકરની જેમ આને પણ રિફાઇન્ડ કરવામાં આવે છે. તેમ જ પ્રીઝવેટીવ સોડિયમ બેન્ઝોડોઇટ નાખવામાં આવે છે. ડાર્ક કરવા માટે આર્ટિફિશિયલ કલર નાખવામાં આવે છે.

૨૧ માર્ચ ૨૦૦૯ના ન્યૂયોર્ક ટાઈમ્સના એક લેખ આ ઉચ્ચ ફૂકટોઝડ કોર્ન સિરપના નુકસાન વિશે જણાવ્યું છે. અમેરિકા દેશમાં આ કોર્ન સિરપ ઉપયોગ કેક, બિસ્કિટ બેવરેઝ, આઈસક્રીમ, ઠંડાપીણામાં, કેન્ડી, કેરેમલ ચોકલેટ બેકરી, પ્રોડક્ટસ જેવા ખાદ્ય પદાર્થમાં ઉપયોગ થાય છે.

પોષણ વિશેષજ્ઞો દ્વારા અમેરિકામાં આની વિરુદ્ધ અભિયાન ચલાવ્યું કે કોર્ન સિરપને કારણે સ્વાસ્થ્ય પર હાનિકારક પ્રભાવ પાડે છે જેના કારણે ટાઈપ-૨, ડાયાબિટીસ, હૃદયરોગ વજન વધવું કોલેસ્ટ્રોલનું સ્તર વધવું, લીવર પર અસર થાય છે. આપણે જાણીએ છીએ કે અમેરિકા જેવા દેશમાં વજન વધારે હોય એવી જનસંખ્યાનું પ્રમાણ ઊંચું છે. હૃદયરોગનું પ્રમાણ પણ અધિક છે. હાલમાં આપણાં દેશમાં વિદેશી કંપનીઓનું પ્રમાણ વધ્યું છે. ખાદ્ય-પદાર્થની રેસ્ટોરેન્ટમાં વિદેશી વ્યજંનોનું પ્રમાણ વધ્યું છે. જે લોકોને આકર્ષિત કરી રહી છે. લોકો પણ આવી રેસ્ટોરેન્ટમાં જવાનું વધુ પસંદ કરે છે. તેથી ભારતમાં પણ બાળકોમાં મોટાપો વધ્યો છે. યુવાનોમાં હૃદયરોગનું પ્રમાણ વધ્યું છે. સ્ત્રીઓ પણ વધુ પ્રમાણ ઓબેસ થાય છે. આ સિરપ ભારતમાં પણ વાપરવાનું પ્રમાણ વધ્યું છે. પણ આ આપણા માટે ઘાતક છે.

સિરપમાં હજુ એક સિરપ છે. રાઈસ સિરપ આનો ઉપયોગ પણ ફૂડ ઈન્ડસ્ટ્રીમાં વધુ થઈ રહ્યો છે. આમાં પણ પોટેશિયમ સોરબેટ, સોડિયમ એસિડ ફોસ્ફેટ, કેરેમલ કલર, ડીકેલ્શિયમ ફોસ્ફેટ, લિકિવડ ગ્લુકોઝ, સોડિયમ અને અમોનિયમ બાય-કાર્બોનેટ સોડિયમ સીટ્રેક, અલ્જીનેટ ફૂડ કેમિકલ જેવા અનેક રસાયણો આ સિરપોમાં વપરાય છે. આ સિરપો નેચરલ છે. એવી ભ્રામક જાહેરાતોથી બચવું જરૂરી છે. સફેદ સાકર તો ઘાતક છે. સાથે આ પણ એનાથી વધુ ઘાતક છે. વાચકો આનું ધ્યાન જરૂર રાખે છે. ઘણાં ખાદ્ય પદાર્થોમાં આ વપરાય છે. તેના લેબલ પર વાચવું જરૂરી છે. ડૉક્ટરો, વિશેષજ્ઞો અને રાજકારણી બોલતા રહેશે કે જીવનશૈલમાં સુધાર કરો, પણ આ બીમારીઓનું મૂળ કારણ જણાવતા નથી. આપણે સાવધાન રહેવું જરૂરી છે.

આ સિરપો અને સુગર કેટલી ઘાતક છે. તેની માટે ૨૦૧૪માં ઓસ્ટ્રેલિયામાં એક ડોકયુમેન્ત્રી ફિલ્મ 'ઘેટ સુગર' બનાવામાં આવી છે. આના નિર્દેશક અને અભિનય ડેમન ગેમ્યુએ કર્યું છે. આ ફિલ્મ ખાદ્ય પદાર્થમાં છુપાયેલી સાકર અને માનવ શરીર પર આનો શું પ્રભાવ પડે છે એ દેખાડે છે. આ ફિલ્મમાં ગેમ્યુ પર પ્રયોગનું અનુસરણ કરતી વાત મૂકવામાં આવી છે. સાકર વાપરવાને કારણે ગેમ્યુનું વજન વધી ગયું, સુસ્તી વધી ગઇ, અને ફેટી લીવરનો રોગ થયો. આ ફિલ્મની સમીક્ષા અમેરિકામાં કરવામાં આવી, કેટલી ઘાતક છે તે જણાયું. આ ફિલ્મ આપના વિચારો બદલી નાખશે. સ્વસ્થ ભોજન તરફ વાળશે.

આ સિરપોનો પાચન શક્તિ નબળી કરી ઘણાં રોગને નિમંત્રાણ આપે છે. આ સિરપો બનાવતી કંપનીઓની ભરમાર છે. એક બ્રિટિશ બ્રાંડની કંપની ૬૮ સ્વાદમાં સિરપ બનાવે છે. ફ્રેંચ બ્રાંડની કંપની ૧૨૩ સ્વાદમાં સિરપ બનાવે છે. આવી લગભગ ૨૦થી ૨૨ કંપની છે. જે અલગ અલગ સ્વાદવાળા સિરપ બનાવે છે.

બીજા સિરપ જેવા કે ઉલ્ટાચીની સિરપ, મેડનહેયર સિરપ, પામસિરપ, મેપલ સિરપ, મિજુઆમે સિરપ જે જાપાનમાં બને છે. પેકમેજ સિરપ જે દ્રાક્ષમાંથી બને છે. આ સિરપોનું લિસ્ટ બહુ લાબું છે.

# તાજગીથી ભરપૂર રસદાર ક્ધિનૂ ફળનો સ્વાદ ચાખવા જેવો છે હો!

શિયાળો હોય કે ઊનાળો ભારતીયો વિવિધ ફળોનો આનંદ માણવાનું પસંદ કરતાં હોય છે. ફળની વિવિધતાની સાથે ફળોનો ઉપયોગ આહારમાં કરવાથી આરોગ્ય જળવાઈ રહે છે. ફળ તથા શાકભાજીનો આહારમાં ભરપૂર પ્રમાણમાં ઉપયોગ કરવાથી શરીરને પૂરતાં પ્રમાણમાં વિટામિન્સ, મિનરલ્સ, ઍન્ટિઓક્સિડન્ટ મળી રહે છે. જે સ્વાસ્થ્ય માટે અત્યંત ઉપયોગી ગણાય છે. શિયાળો શરૂ થાય તેની સાથે બજારમાં નારંગીની આવક શરૂ થઈ જાય છે. નારંગીની આવક બહોળા પ્રમાણમાં જોવા મળે છે. રસ્તા ઉપર રેકડી હોય કે ફળની દુકાન નારંગી જ નારંગી જોવા મળે છે. ક્યારેક લીલી છમ તો ક્યારેક પીળી કે આછી લીલી-પીળી, ક્યારેક નાની તો ક્યારેક મોટી પીળા રંગની હોય છે. નારંગી સંતરા તરીકે પણ ઓળખાય છે. સંતરા તથા ક્ધિનૂ બંનેમાં થોડી ખટાશ જોવા મળે છે. તેથી જ તેને સાઈટ્રસ ફળ તરીકે ઓળખવામાં આવે છે. બંને ફળની ઓળખ કઈ રીતે કરી શકાય તે જોઈ લઈએ. સંતરાની છાલ પાતળી તથા વજનમાં હળવી હોય છે. ક્ધિનૂની છાલ જાડી તથા વજનમાં ભારે હોય છે. ક્ધિનૂની ઉપરની છાલ મુલાયમ તથા ચીકાશ પડતી જોવા મળે છે. તો સંતરાની ઉપરની છાલ થોડી ખરબચડી જોવા મળે છે. સંતરાની સરખામણીમાં ક્ધિનૂની કિંમત ઓછી જોવા મળે છે. ક્ધિનૂ સ્વાદમાં મીઠાશ પડતાં હોય છે. ભારત તથા પાકિસ્તાનના પહાડી વિસ્તારમાં ક્ધિનૂનો પાક વધુ થતો જોવા મળે છે. ભારતમાં ક્ધિનૂનો પાક પંજાબ, હિમાચલ, જમ્મૂ કાશ્મીર વગેરે રાજ્યોમાં વધુ થાય છે. સંતરાનો પાક મહારાષ્ટ્ર, હિમાચલ, ગુજરાત, રાજસ્થાન, પંજાબ, હરિયાણા ઉત્તર પ્રદેશમાં બહોળા પ્રમાણમાં જોવા મળે છે. ક્ધિનૂમાં સંતરાની સરખામણીમાં ૩ ગણી વધુ માત્રામાં વિટામિન સી, મિનરલ્સ સમાયેલું હોય છે. જેને કારણે દાંતનો દુખાવો ત્વરિત ઓછો થવા લાગે છે. તેમાં સમાયેલાં પોષક તત્ત્વો કૅન્સરના ખતરાથી બચાવમાં મદદ કરે છે. ક્ધિનૂનો આહારમાં સમાવેશ કરવાથી રોગપ્રતિકારક શક્તિ વધારવાની સાથે વિવિધ રોગથી રક્ષણ મળી રહે છે. 'પંજાબમાં ક્ધિનૂ ફળને ફળના રાજા તરીકે ઓળખવામાં આવે છે.' આ ફળ બે પ્રકારના જોવા મળે છે. કિંગ (સાઈટ્રસ નોબિલિસ) તથા વિલો લીફ (સાઈટ્રસ ઍક્સ ડેલિસિયોસા).

પોષક તત્ત્વની વાત કરીએ તો વિટામિન સી, વિટામિન એ, કૉપર, સોડિયમ, ફાઈબર, મેગ્નેશિયમ, ગ્લુકોઝ, ફ્રુક્ટોઝ, સુક્રોઝ, તેમ જ પ્રોટીનનું પ્રમાણ ભરપૂર સમાયેલું જોવા મળે છે. ૧૦૦ ગ્રામ ક્ધિનૂમાં ૨૦૦ મિલીગ્રામ પોટેશિયમ, ૫૦ મિલીગ્રામ કેલરી, ૨ ગ્રામ ફાઈબર, ૧ ગ્રામ પ્રોટીન, ૧૧ ગ્રામ કાર્બોહાઈડ્રેટની માત્રા સમાયેલી જોવા મળે છે. કેલરીનું પ્રમાણ ઓછું હોવાને કારણે વજન નિયંત્રણમાં રાખવા માંગતી વ્યક્તિ માટે ઉપયોગી ફળ ગણાય છે. ઠંડીની મોસમમાં ક્ધિનૂ ખાવાના ફાયદા જાણી લઈએ :





પાચનતંત્ર મજબૂત બને છે : પાચન સંબંધિત સમસ્યાથી છૂટકારો મેળવવો હોય તેમણે ક્ધિનૂ ફળનો ઉપયોગ શિયાળામાં ખાસ કરવો જોઈએ. તેનું મુખ્ય કારણ તેમાં ફાઈબરનું પ્રમાણ સમાયેલું છે. જેને કારણે કબજિયાત, પેટમાં ચૂક આવવી, પેટ ફૂલી જવું જેવી સમસ્યાથી રાહત મેળવી શકાય છે. પ્રત્યેક વ્યક્તિએ પોતાની આવશ્યક્તા અનુસાર અઠવાડિયામાં ૪-૫ વખત વિવિધ ફળની સાથે ક્ધિનૂ ફળનું સેવન કરવું જોઈએ. જેને કારણે લાંબા સમયની કબજિયાતની તકલીફમાં રાહત મેળવી શકાય છે.

વજન નિયંત્રણમાં રાખવામાં ગુણકારી

અન્ય ખોરાક લેતાં પહેલાં ક્ધિનૂનો રસ કે તેના ફળને રેસા કાઢીને ખાવાથી શરીરમાં ઊર્જા જળવાઈ રહે છે. પેટ લાંબા સમય સુધી ભરેલું લાગે છે. વારંવાર ખાવાની ઈચ્છા ઓછી થાય છે.

ક્ધિનૂમાં ફાઈબરનું પ્રમાણ સારી માત્રામાં સમાયેલું છે. વળી ફાઈબરયુક્ત ભોજન લેવાથી પેટ લાંબા સમય સુધી ભરાયેલું રહે છે. જે વજનને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે.

કૉલેસ્ટ્રોલને નિયંત્રણમાં રાખવામાં લાભકારક

ઠંડીમાં કૉલેસ્ટ્રોલ વધી જતું જોવા મળે છે. ક્ધિનૂનું સેવન કરવાથી લોહીમાંથી ખરાબ કૉલેસ્ટ્રોલનો પ્રભાવ ઓછો કરવામાં મદદ મળે છે. જો ખરાબ કૉલેસ્ટ્રોલ વધી જાય તો વ્યક્તિને હૃદય સંબંધિત તકલીફ વધી જતી હોય છે. હૃદયની તંદુરસ્તી જાળવવા માટે ક્ધિનૂનું સેવન ગુણકારી ગણાય છે.

શરીરને શક્તિ પ્રદાન કરવામાં ગુણકારી

અનેક વખત એવું બને છે કે થોડું કામ કર્યા બાદ વ્યક્તિને શરીરમાં નબળાઈ લાગવા લાગે છે. આવા સંજોગોમાં જો ક્ધિનૂનો રસ પીવામાં આવે તો શરીરમાં શક્તિનો સંચાર થાય છે. વ્યક્તિ રસ પીધા બાદ તાજગીનો અનુભવ કરવા લાગે છે. તેનું મુખ્ય કારણ છે ક્ધિનૂમાં સમાયેલું ગ્લુકોઝ, ફ્રૂક્ટોઝ, સુક્રોઝ તથા કાર્બોહાઈડ્રેટ સમાયેલું જોવા મળે છે. જે શરીરની નબળાઈ દૂર કરીને ત્વરિત વ્યક્તિમાં એનર્જીનો સંચાર કરે છે.એસિડીટી કે છાતીમાં બળતરાની તકલીફમાં ગુણકારી

વારંવાર તળેલું-તીખું ભોજન કરવાથી એસિડીટીની તકલીફ વધી જતી જોવા મળે છે. તીખું -તળેલું મસાલેદાર કે તળેલું ભોજન લીધા બાદ ક્ધિનૂનો રસ પી લેવાથી છાતીમાં થતી બળતારને રોકવામાં મદદ મળે છે. તેનું મુખ્ય કારણ છે ક્ધિનૂમાં મિનરલ્સ સમાયેલાં હોય છે જે એસિડીટીની સમસ્યાથી બચાવમાં મદદ કરે છે.

કૅન્સરના ખતરાથી બચાવે છે

ક્ધિનૂના સેવનથી કૅન્સરના રોગથી બચવામાં મદદ મળે છે. તેનું મુખ્ય કારણ છે તેમાં ઍન્ટિ-ઓક્સિડન્ટના ગુણો જોવા મળે છે. તેવું એક સંશોધન બાદ જાણવા મળ્યું છે. એવું કહેવામાં આવે છે કે ક્ધિનૂનું સેવન કરવાથી શરીરમાં વિષેલા પદાર્થો ઘટવા લાગે છે. ટોક્સિક એલિમેન્ટ બહાર નીકળવા લાગે છે.

રોગપ્રતિકારક શક્તિ વધારવામાં ગુણકારી

ક્ધિનૂ ફળનું સેવન કરવાથી રોગપ્રતિકારક શક્તિ મજબૂત બને છે. ક્ધિનૂમાં વિટામિન સી ભરપૂર પ્રમાણમાં સમાયેલું હોય છે. જેને કારણે શરીરને બૅક્ટેરિયા તથા વાઈરસથી સુરક્ષા મળે છે. વારંવાર બિમાર પડી જવાની સમસ્યાથી બચી શકાય છે.

ક્ધિનૂ-આદું માર્માલૅડ


સામગ્રી : ૪ નંગ ક્ધિનૂ, ક્નિ?નૂ ફળનો માવો જો ૪૦૦ ગ્રામ હોય તેનાથી અડધી ખાંડ આશરે ૨૦૦ ગ્રામ, ૨ નંગ સંતરાની ચીર બી તથા રેસાં કાઢેલી, ૧ લીંબૂનો રસ, ૧ ગ્લાસ પાણી જરૂર પ્રમાણે વાપરવું. ક્ધિનૂની છાલ પાતળી કાપેલી, ૫૦ ગ્રામ આદુંનો રસ.


બનાવવાની રીતઃ ક્ધિનૂના ફળને બરાબર સાફ કરી લેવાં. ૨ ફળનો રસ કાઢી લેવો. ૨ ફળનો માવો તૈયાર કરવો. છાલની અંદર દેખાતાં સફેદ રેસા કાઢી લેવાં. ફળની છાલમાંથી સફેદ રેસા કાઢીને છાલના નાના ટૂકડાં કરી લેવાં. બી કાઢી લેવાં.હવે નૉન સ્ટીક પૅનમાં ક્ધિનૂનો રસ, માવો સંતરાની ચીર તથા ઝીણી સમારેલી છાલ ઉકાળવા મૂકવી. તેમાં જરૂર મુજબ પાણી ઉમેરવું. પાણી બળવા આવે અને માવો ઘટ્ટ થવા લાગે ત્યારે તેમાં માવાથી અડધી ખાંડ ઉમેરવી. ખાંડ બળી જાય એટલે તેમાં આદુનો રસ, તથા લીંબૂનો રસ ભેળવી દેવો બે મિનિટ હલાવીને ગેસની આંચ બંધ કરી દેવી. ઠંડું પડે ત્યારબાદ કાચની બરણીમાં ભરી લેવું. માર્માલેડ જામ જેવો જ ઘટ્ટ તૈયાર થશે. સ્વાદમાં છાલનો ઉપયોગ કર્યો હોવાથી ખટ્ટ-મધુરો લાગશે.

# શું તમે પણ શિયાળાની ઋતુમાં આળસ અનુભવો છો, તો તેનાથી છુટકારો મેળવવા માટે આ ટિપ્સ અપનાવો

ઠંડીની મોસમ આવી ગઈ છે અને આ ઋતુ જેટલી સુંદર લાગે છે એટલી જ આળસુ પણ હોય છે. શિયાળામાં આપણે ખૂબ જ આળસ અનુભવીએ છીએ. આનું કારણ વધુ કાર્બોહાઈડ્રેટ્સ સાથેનો ખોરાક અને ઓછી શારીરિક પ્રવૃત્તિ પણ હોઈ શકે છે. પરંતુ ઠંડીને કારણે થતી આ આળસને ઓછી કરી શકાય છે. જાણો શિયાળામાં આળસ કેવી રીતે ઓછી કરી શકો છો. શિયાળાની ઋતુ તેની સાથે આળસ લાવે છે. એવું લાગે છે કે આ ઋતુની શરૂઆત સાથે જ આપણા શરીરની જોમ ક્યાંક ગાયબ થઈ જાય છે. તમે ગમે તેટલો પ્રયાસ કરો, આળસ સામે લડવું ખૂબ મુશ્કેલ છે. જેના કારણે આપણી કામ કરવાની શક્તિ પણ ઘટી જાય છે. પરંતુ શિયાળાને કારણે થતી આળસને ઓછી કરી શકાય છે. ચાલો જાણીએ કેવી રીતે આપણે આળસ દૂર કરી શકીએ.વિટામિન-ડીની ઉણપ ટાળો ટેનિંગ ટાળવા માટે, આપણે મોટાભાગે તડકામાં જવાનું ટાળીએ છીએ, પરંતુ સૂર્યપ્રકાશ એ વિટામિન-ડીનો શ્રેષ્ઠ સ્ત્રોત છે. તેની ઊણપથી આળસ અને વધુ પડતી ઊંઘ જેવી સમસ્યાઓ પણ થઈ શકે છે. તેથી દરરોજ થોડો સમય સૂર્યપ્રકાશ લો. તેનાથી તમારું શરીર ગરમ રહેશે અને તમને વિટામિન-ડી પણ મળશે. આ સાથે તમે તમારા આહારમાં ઈંડા, કોડ લિવર તેલ, ફેટી માછલી વગેરેનો સમાવેશ કરી શકો છો. આ વિટામિન-ડીની થોડી માત્રા પણ પ્રદાન કરે છે.તમારો ખોરાક તમારા મૂડને અસર કરે છે અને ઘણીવાર શિયાળાની ઋતુમાં આપણે વધુ ચરબીયુક્ત ખોરાક ખાઈએ છીએ. જેના કારણે શરીરને ખોરાક પચવામાં વધુ સમય લાગે છે અને આપણે આળસ અનુભવીએ છીએ. તમારા આહારમાં પ્રોટીન, ફાઈબર, વિટામિન્સ, મિનરલ્સ અને કાર્બોહાઈડ્રેટ્સ સંતુલિત માત્રામાં લો. તેનાથી તમારું સ્વાસ્થ્ય સુધરશે અને તમને એનર્જી પણ મળશે.શારીરિક પ્રવૃત્તિ ન કરવાને કારણે તમારા શરીરની માંસપેશીઓ સખત થઈ જાય છે અને રક્ત પરિભ્રમણ પણ ધીમી પડી જાય છે.


આ કારણે તમારું શરીર દુખે છે અને તમારો મૂડ પણ ખરાબ રહી શકે છે. વ્યાયામ તમને આ બધી સમસ્યાઓ ઘટાડવામાં મદદ કરશે. તેથી દરરોજ થોડો સમય કસરત કરો.શરદીથી બચવા માટે આપણે રજાઈ નીચે લાંબો સમય સૂઈ જઈએ છીએ અને લાંબા સમય સુધી સૂતા રહીએ છીએ, આથી આપણી ઊંઘનું ચક્ર ખોરવાઈ શકે છે. આવું ન થાય તે માટે તમારી ઊંઘનો સમય નક્કી કરો અને દરરોજ જાગો. મોડા સૂવાથી પણ આખો દિવસ આળસનો અનુભવ થાય છે.આપણે ઘણીવાર શિયાળાની ઋતુમાં વધુ ખોરાક ખાઈએ છીએ. જેના કારણે આપણને ઊંઘ આવે છે અને આળસ લાગે છે. તેથી વધુ પડતું ખાવાનું ટાળો. આળસને કારણે ડાયાબિટીસ, ફેટી લિવર, હૃદય રોગ વગેરે જેવી ઘણી બીમારીઓનું કારણ પણ બની શકે છે.











## તંત્રી લેખ...-

**સોમવાર, તા.૧૦ ફેબ્રુઆરી ૨૦૨૫**

# માતૃભાષામાં શિક્ષણનું પુરું થતું સ્વપ્ન

ભારતીય ભાષાઓમાં વાંચવા-લખવા-ભણવા ઈચ્છુકો માટે વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ (યુજીસી)એ મોટી ભેટ આપી છે. યુજીસીએ તમામ વિશ્વવિદ્યાલયો અને ઉચ્ચ શિક્ષણ સંસ્થાનોને સ્થાનિક ભાષઓમાં શિક્ષણ ઉપલબ્ધ કરાવવા સૂચના આપી છે. વિદ્યાર્થીઓને એ સરળતા કરી આપી છે કે ભલે તેઓ અંગ્રેજી માધ્યમમાં ભણતા હોય પરંતુ ઈચ્છે તો પરીક્ષા પોતાની માતૃભાષામાં આપી શકે છે.૧૯૧૬માં બનારસ હિન્દુ વિશ્વવિદ્યાલયના સમારોહમાં મહાત્મા ગાંધીજીએ પોતાની ભાષાઓમાં ભણાવવા અંગે જણાવ્યું હતું. તેઓએ વિદ્યાર્થીઓને અપીલ કરી હતી કે, તેઓની માતૃભાષામાં શિક્ષણ અપાતું ન હોય તો તેઓ આંદોલન કરે. રામમનોહર લોહિયા પણ પોતાની ભાષાઓ માટે સતત સંઘર્ષરત રહ્યા હતા. તેમનું માનવું હતું કે, અંગ્રેજી જ ભ્રષ્ટાચારની જનની છે, કારણ કે જયારે પ્રજાને સમજમાં ન આવે કે શું લખવામાં આવ્યું છે, કોર્ટ કચેરીમાં કયા મુદ્દે કેવી ચર્ચા થઈરહી છે ત્યારે પ્રજાને ગુમરાહ કરવી આસાન થઈ જાય છે.

શિક્ષણવિદ દૌલતસિંહ કોઠારીએ ૧૯૬૬માં શિક્ષા આયોગના ચેરમેનના રૂપમાં ભલામણ કરી હતી કે ન ફકત સ્કૂલનું શિક્ષણ પરંતુ ઉચ્ચ શિક્ષણ પણ વિદ્યાર્થીઓને તેમની માતૃભાષામાં આપવામાં આવે. તમામ માટે સમાન શિક્ષા હોવાની વાત વચ્ચે માતૃભાષાનો મામલો કમજોર બની ગયો છે. કેટલીક ખાનગી સ્કૂલોમાં હિન્દી બોલવા પર પ્રતિબંધ લદાયો છે. અફસોસની વાત છે કે આ બાબતને સ્વતંત્રતા અને અભિવ્યકિતની આઝાદીની આણ આપનારા બુદ્ધિજીવીઓ માત્ર જોઇ રહ્યા છે!જો કે કોર્ટ-કચેરીમાં ભારતીય ભાષાનો પ્રભાવ પડી રહ્યો છે. બે-એક માસ અગાઉ મુખ્ય ન્યાયાધીશ ડીવાઇ ચંદ્રચુડ દ્વારા સુપ્રીમ કોર્ટના મહત્વપૂર્ણ નિર્ણયોને ભારતીય ભાષાઓમાં ઉપલબ્ધ કરાવવાનો નિર્ણય આ વાતનું પ્રમાણ છે. તેનાથી ઉચ્ચ ન્યાયાલય પણ પોતપોતાના રાજયોની ભાષાઓમાં નિર્ણય આપવા માટે પ્રોત્સાહિત થયા છે.નોંધનીય બાબત એ છે કે વિદેશી વિશ્વવિદ્યાલયોની શરુઆત કયાંક અંગ્રેજીની દોડને વધુ ઝડપી ન બનાવે. આથી સરકાર અને સમાજ બંનેએ શિક્ષણની ભાષા મામલે સચેતતા દાખવવી જરુરી છે. મહાત્મા ગાંધીએ કહયું હતું કે, વિદેશી ભાષાના દબાણે વિદ્યાર્થીઓને ગોખણપટ્ટી પોપટ બનાવી દીધો છે. જેનાથી વિદ્યાર્થીની રચનાત્મકતા બહાર આવતી નથી. આથી યુજીસીના ફકત આદેશથી કામ નહી ચાલે. આ માટે કેન્દ્ર સરકારે એક નિયામક સંસ્થા બનાવવી જોઇએ. અહીં કોઇપણ ભાષાને લાદવાનો પ્રશ્ન નથી પરંતુ શિક્ષણ, શોધ, પ્રશાસન અને ન્યાયાલયમાં ભારતીય ભાષાઓમાં તે લોકનો હકક અપાવવાનો છે જેને આપણે લોકતંત્ર કહીએ છીએ.

# તો આપના ડેટાને કોઇ નહીં ચોરી શકે

ગયા વર્ષે કરોડો લોકોના ડેટા ચોરી થઇ જતા ભારે ખળભળાટ મચી ગયો હતો. હેકર્સ દ્વારા લોકોના એકાઉન્ટમાં એન્ટ્રી કરીને તેમના પર્સનલ ડેટા, બેન્ક ડિટેઇલ્સ , એડ્રેસ જેવા ઉપયોગી ડેટાની ચોરી કરી લેવામાં આવી હતી. વર્ષ ૨૦૧૮માં પણ આશરે દરેક સપ્તાહમાં લોકોના ડેટા ચોરી સાથે જોડાયેલી માહિતી સપાટી પર આવી રહી હતી. આવી સ્થિતીમાં સવાલ ઉઠે છે કે શુ આવી કોઇ તરીકા છે જેના કારણે ડેટાને પૂર્ણ રીતે સુરક્ષિત રાખીને ઇન્ટરનેટનો ઉપયોગ કરી શકાય. હેકર્સ પણ તમારી માહિતી સુધી ન પહોંચી શકે તે માટે શુ કરવુ જોઇએ તેને લઇને હમેંશા ચર્ચા રહે છે. કેટલીક એવી ટિપ્સને ધ્યાનમાં લેવામાં આવે તો એકાઉન્ટને સુરક્ષિત રાખી શકાય છે. સૌથી પહેલા તો ચેક કરી લેવાની જરૂર છે કે આપના ડેટા લીક થયા છે કે કેમ. એટલે કે આપના એકાઉન્ટમાં કોઇ શખ્સે ઘુસણખોરી કરી તો નથી. આના માટે તમે હેવબીન પોન્ડ ડોટ કો પર જઇને આની ચકાસણી કરી શકો છો. આપના ડેટામાં કોઇ ઘુસણખોરી થઇ છે કે કેમ તેની ચકાસણી આના માટે કરી શકાય છે. આના માટે ઉપરોક્ત વેબસાઇટ પર જઇને પોતાના ઇમેલ આઇડી અથવા તો જુના પાસવર્ડ નાંખવાની જરૂર હોય છે. જો આ વેબસાઇટ પર આપને ડેટા લીક થવા માટેની માહિતી મળે છે તો તરત જ પાસવર્ડ બદલી દેવાની જરૂર હોય છે. અલગ અલગ એકાઉન્ટ માટે એક જેવા પાસવર્ડ ક્યારેય રાખવા જોઇએ નહીં. એટલે કે એક જ પાસવર્ડનો ઉપયોગ તમામ એકાઉન્ટમાં ન કરો તે જરૂરી છે. જો તમે તમામ એકાઉન્ટ માટે એક જ પાસવર્ડનો ઉપયોગ કરશો તો એક એકાઉન્ટમાં ઘુસણખોરી હોવાની સ્થિતીમાં તમામ એકાઉન્ટમાં ઘુસણખોરી થઇ શકે છે. આવી સ્થિતીમાં તમામ એકાઉન્ટસ પર જોખમ રહે છે. અલગ અલગ એકાઉન્ટસ પાસવર્ડને મેનેજ કરવા માટે લાસ્ટપાસ અથવા તો વન પાસવર્ડ જેવા પાસવર્ડનો ઉપયોગ કરવામાં આવી શકે છે. પાસવર્ડ મેનેજર આપના એકાઉન્ટસના પાસવર્ડને પૂર્ણ રીતે સેફ રાખે છે. સાથે સાથે આપને એવા પાસવર્ડ જનરેટ કરવામાં મદદ કરે છે જેમાં સરળતાથી ઘુસણખોરી કરી શકાતી નથી. પોતાના એકાઉન્ટની સુરક્ષા માટે તરત જ ટુ ફેક્ટર ઓથેન્ટિકેશન એક્ટિવ કરવામાં આવે છે. આનો લાભ એ થશે કે જો કોઇ હેકરની પાસે આપના એકાઉન્ટના પાસવર્ડ છે તો પણ તે આપના એકાઉન્ટમાં ઘુસણખોરી કરી શકશે નહીં. કારણ કે ટુ ફેક્ટર ઓથેન્ટિકેશન આપના એકાઉન્ટસને પૂર્ણ રીતે સેફ રાખે છે. જો આપને આપના એકાઉન્ટસે લઇને વધારે ખતરો લાગે છે તો આપ યુબી કિ જેવા ડિવાઇસની ખરીદી કરી શકો છો. સાથે સાથે એપ્સ અને કોમ્પ્યુટરને વધારે અપડેટ રાખી શકો છો. જાણકાર ટેકનોલોજી નિષ્ણાંત કહે છે કે એડ ટ્રેકિંગને  ઓફ કરવાથી ફાયદો થાય છે. પેડ વીપીએનનો ઉપયોગ પણ કરી શકાય છે. આના ઉપયોગ મારફતે તમે પોતાના ઇન્ટરનેટ ટ્રાફિક અને આઇપી એડ્રેસ ને થર્ડ પાર્ટીથી છુપાવી શકો છો. જે આપના ડેટાને એનક્રિપ્ટ કરે છે. આના કારણે કોઇના માટે પણ ઓપન નેટવર્કથી આપના ડેટા સાથે ચેડા કરવાની બાબત મુશ્કેલરૂપ બની શકે છે. પોતાના ક્રેડિટને મોનિટર કરી શકાય છે. જો તમને લાગે છે કે સંવેદનશીલ ડેટા લીક થયા છે તો આ બાબત આપના એકાઉન્ટ માટે જોખમી સાબિત થઇ શકે છે. આના કારણે ક્રેડિટ કાર્ડ સંબંધમોં કંપની અને બેંકને જાણ કરવામાં આવે તે જરૂરી હોય છે. આ તમામ બાબતોને જાળવી રાખીને ડેટાની ચોરીને રોકી શકાય છે. ડેટાને લઇને વિશ્વભરમાં જોરદાર ચર્ચા છેડાયેલી છે. ડેટાની સુરક્ષાને લઇને આગામી દિવસોમાં વધારે  સુરક્ષિત પાસા પર નિર્ણય કરવામાં આવી શકે છે. જુદાજુદા ટિપ્સનો ઉપયોગ કરીને ડેટા ચોરીના ખતરાને ટાળી શકાય છે. હેકર્સ દ્વારા જુદી જુદી ટેકનોલોજીનો ઉપયોગ કરીને એકાઉન્ટસમાં ઘુસણખોરી કરવામાં આવે છે. જેથી ડેટા મામલે સાવધાની જરૂરી છે. ડેટા કોઇ પણ વ્યક્તિ માટે સૌથી સંવેદનશીલ હોય છે.

**એક ભિખારી તેની પાસે આવીને હાથ લંબાવીને ઉભો રહી જાય છે.**

# ખિસ્સામાં કાંસકો રાખનારા : બાલ નહીં બીખરને દુંગા

અનેક બાબતો એવી છે જેમણે મનુષ્યને પ્રાણીઓથી બહેતર બનાવી રાખ્યા છે. એમાંની એક છે માણસની માથું ઓળવાની ટેવ. પ્રાણીઓ ક્યારેય માથું નથી ઓળતા; જ્યારે માણસ સમયાંતરે માથું ઓળતો રહેતો હોય છે. જુદી-જુદી બાબતો માટેના સમાજના માપદંડ યુગે યુગે બદલાતા રહે છે. આઝાદી વખતે ગાંધી, સરદાર અને નહેરુ જેવા નેતાઓ ને લોકનાયક ગણવામાં આવતા હતા. આજે શેખચલ્લીના સપનાં જેવા વાયદા કરતા ભાષણખોર નેતાઓને લોકોએ લોકનાયક બનાવી દીધા છે. પહેલાં અમિતાભ, રાજેશ ખન્ના જેવા હીરોને ચમકાવતી ફિલ્મો વગર પબ્લિસિટી એ સુપરહિટ નિવડતી હતી. આજે ફિલ્મના બજેટ જેટલું જ બજેટ ફિલ્મની પબ્લિસિટી પાછળ ખર્ચવામાં આવે છે તો પણ ભલભલા ખેરખાનોની ફિલ્મો બોક્સ ઓફિસ પર કાચી ઉંમરે દમ તોડી દે છે. પહેલાંના જમાનામાં વ્યવસ્થિત રીતે માથું ઓળેલા માણસને સભ્ય ગણવામાં આવતો. આજે પણ એવા માણસને જ સુસંસ્કૃત ગણવામાં આવે છે. આમ પદ્ધતિસર ઓળેલા વાળ-વાળા માણસને જ માણસ ગણવાનો શિરસ્તો આજે પણ બદલાયો નથી એમ કહી શકાય.કૂતરાની પૂંછડી જેમ લાંબા સમય સુધી સીધી નથી રહેતી; તેમ ઓળેલા વાળ પણ લાંબો સમય સુવ્યવસ્થિત નથી રહેતા. હેલ્મેટ પહેરવાને કારણે કે વિના હેલ્મેટ બાઈક ચલાવવાને કારણે કે આપણી જાણ બહાર આપણાં હાથ વારેવારે વાળ પસારતા રહેતા હોવાથી વાળ થોડા પ્રમાણમાં કે સંપૂર્ણપણે ફેંદાઈ જતા હોય છે. વાળ આમ વિખરાઈ ગયા હોય ને આપણે આપણા ઘરમાં હોઈએ તો તરત ઊભા થઈને અરીસા સમક્ષ ઊભા રહીને કાંસકા વડે વાળ ઓળી દઈએ છીએ. પણ આપણે ઓફિસમાં કે કોઈના ઘેર કે કોઈ ફંકશનમાં હોઈએ ને મોબાઈલ કેમેરાને સેલ્ફી મોડ પર મૂકીને જોઈએ તો આ શું? માથાના વાળ ફેંદાઈ ગયા છે. ને એ હદના ફેંદાઈ ગયા છે કે જોનાર એવું જ સમજી બેસે કે આદિમાનવો જ્યારે માનવ બની રહ્યા હતા ત્યારે આ ભાઈ ચોક્કસ હડતાલ પર હશે.આવા સમયે આમઆદમી 'હવે હું શું કરીશ? મારી છાપ કેવી પડશે? મારું શું થશે?' પ્રકારની ચિંતાથી ગ્રસ્ત થઈ માથું ખંજવાળવા બેસી જાય છે; ત્યારે એક માણસ એવો હોય છે જે પોતાના મોબાઈલ કેમેરામાં પોતાના વિખરાયેલા વાળ ધરાવતું માથું જોઈને પણ તેના વદન પરનું સ્મિત હોલવાવા નથી દેતો. આ સમસ્યાનો રામબાણ ઉપાય તેને હાથવગો હોય છે. પેન્ટના પાછળના કિસ્સામાં રાખેલો કાંસકો કાઢશે અને એક મિનિટમાં વાળ સરખા ઓળીને પાછો એ કાંસકાને ખિસ્સામાં સેરવી દેશે.'૭૦ ને '૮૦ના દાયકામાં જે લોકો યુવાન અથવા આધેડ હતા તેવા મોટાભાગનાં પુરુષો પોતાના ખિસ્સામાં અચૂકપણે કાંસકો રાખતા. એ જ દાયકામાં આવેલી અમિતાભ બચ્ચનની એક ફિલ્મમાં કંઈક આવો સીન છે : શૂટ-બુટમાં ટાઈટ એવો અમિતાભ બચ્ચન હાથમાં ઓફિસબેગ પકડીને ફાઈવસ્ટાર હોટલમાંથી બહાર નીકળીને પોતાની કાર તરફ જઈ રહ્યો હોય છે. એક ભિખારી તેની પાસે આવીને હાથ લંબાવીને ઉભો રહી જાય છે. અમિતાભ તેને પોતાની બ્રીફકેસ પકડવા આપી પેન્ટના પાછળના ખિસ્સા તરફ હાથ લઈ જાય છે. ભિખારીના અરમાનો ઉડાન ભરવા લાગે છે અને આશાભરી આંખે તે અમિતાભ દ્વારા કરવામાં આવી રહેલી પ્રક્રિયા નિહાળે છે.પણ હાય રે કિસ્મત! ખિસ્સામાંથી તે વોલેટ નથી કાઢતો.અમિતાભ ખિસ્સામાંથી કાંસકો કાઢી પોતાના વાળ ઓળી એને પાછો ખિસ્સામાં મૂકી ભિખારીના હાથમાંથી બ્રીફકેસ પાછી લઈને ચાલતી પકડે છે.વેલ, ખિસ્સામાં કાંસકો રાખવો એ તે સમયે બહુ આમ વાત હતી. જો તમે મનોવૈજ્ઞાનિક તારણો કાઢવાના શોખીન હોવ તો એવું તારણ કાઢી શકો કે એ વખતના માણસો પોતાના દેખાવ બાબતે ખૂબ સભાન હતા. બીજું તારણ એવું પણ કાઢી શકાય કે ખિસ્સામાં કાંસકે રાખીને ફરવાની એમની ટેવને લીધે તેઓ આજીવન ગરીબ કાં તો મધ્યમવર્ગીય જ રહ્યા.એ કેવી રીતે? તે સમજીએ. '૭૦-'૮૦ના દાયકામાં રસ્તા ઉપર મોટરકારો બહુ ઓછી દોડતી જોવા મળતી. બહુ મોટા ડોક્ટર કે ઉદ્યોગપતિ હોય તેવા જ કાર વસાવી શકતા. કારની તો વાત જવા દો; સ્કૂટરો પણ બહુ ઓછા લોકો પાસે જોવા મળતા. ટીવી અને ફ્રીઝ નું પણ એવું જ. એ સમયના લોકોએ પોતાના વાળ વ્યવસ્થિત રાખવા પાછળ જે ઉર્જા અને સમય વેડફતા હતા; તે સમય અને ઊર્જા જો તેઓએ વધુ નાણાં કમાવવા પાછળ ખર્ચ્યા હોત તો તેઓ આ બધી વસ્તુઓ વસાવી શક્યા હોત. ટાલ-વાળા લોકો વધુ પૈસાદાર હોય છે એની પાછળ પણ આજ થીયરી કામ કરે છે. એ લોકોને દિવસમાં દસ વાર ખિસ્સામાંથી કાંસકો કાઢીને વાળ નથી ઓળવા પડતા. અને એ રીતે બચેલા સમયનો તેઓ ધનવાન થવા માટે ઉપયોગ કરે છે.'૭૦-'૮૦ના દશકના એ લોકોની સરખામણીએ આજના માણસોને જુઓ! ખિસ્સામાં કાંસકો રાખનારા તો હવે મળે તો જ મળે. આજની એટલે કે એકવીસમી સદીના યુવાનો અને આધેડો ખિસ્સામાં કાંસકો રાખતા નથી. એટલું જ નહી એમ કરવું તેમને ઓલ્ડ ફેશન લાગે છે. તેઓ દ્વારા આ ટેવ ન વિકસાવવાને કારણે આપણે આજે જોઈએ છે કે સામાન્ય માણસ ગાડી ફેરવતો, ૫૦-૬૦ ઈંચનું સ્માર્ટ ટીવી જોતો, કબાટ જેવા ફ્રીજનું પાણી પીતો ને સ્પ્લીટ એસીની હવા ખાતો થઈ ગયો છે. જોકે આધુનિક યુગના યુવાનો અને આધેડોને લીધે ખિસ્સામાં મૂકવાના કાંસકા બનાવતા ઉદ્યોગો ભાંગી પડવાને આરે આવીને ઊભા રહી ગયા છે એ પણ એક હકીકત છે.ખિસ્સામાં મૂકવાના કાંસકાઓની પણ કેવી વેરાઈટી હતી? રામપુરી છરીની જેમ ખોલ-બંધ કરી શકાતા કાંસકા, ગોળાકાર સપાટી પર દાંતા ધરાવતા કાંસકા, ખિસ્સામાં મુકાયેલો હોય પણ એનો છેડો બહાર ન દેખાય એવા એક્સ્ટ્રા પોર્ટેબલ કાંસકા ને કૈં કેટલાય. જોકે આ રીતે ખિસ્સામાં કાંસકો રાખનારાઓ માટે માથું ઓળવું એ સહેલું કાર્ય નહોતું. અરીસામાં જોયા વિના માત્ર મહાવરાને આધારે જ વાળ ઓળવાની કાબેલિયત તે વખતના અનેક લોકોએ સિદ્ધ કરી હતી. અમુક જણા પાર્ક કરેલી મોટરકાર કે સ્કૂટરના સાઈડ ગ્લાસમાં જોઈને વાળ ઓળી લેતા હતા. અક્કડ સ્વભાવવાળા પુષ્પાઓ આ રીતે વાળ નહોતા ઓળી શકતા; કારણ કે એ માટે ગાડી કે સ્કૂટરના સાઈડ મિરરના લેવલ સુધી ઝુકવું પડતું હતું. કેટલાક લોકો કોઈ બિલ્ડીંગ કે ઓફિસની બહારની બાજુએ વિશાળ બારીઓના સ્ટેઈન્ડ ગ્લાસ (દિવસે અંદરથી બહાર અને રાત્રે બહારથી અંદર જોઈ શકાય તેવા કાચ) સામે ઊભા રહીને પટિયા પાડી લેતા હતા. આમ કરવામાં રમુજ એવી થતી કે બહારથી એને એમ લાગતું કે એની સામે કાળા રંગનો અરીસો છે. પણ ઓફિસની અંદર રહેલો દરેક તેને પટિયા પાડતો જોઈને મફતનું મનોરંજન મેળવતો.

જે હોય તે; અગાઉના જમાનાના માણસોનાં ખિસ્સાં કાંસકો, તમાકુ-ચૂનો ભરેલી બે મોઢા વાળી ડબી, બીડીની જૂડી-બાકસથી જ ભરાયેલા રહેતાં.

**છૂટાછેડા, બહુપત્નીત્વ, લિવ ઇન જેવામાં સ્ત્રીઓને વર્ષોથી અન્યાય થતો આવ્યો છે.**

# ગુજરાતમાં સમાન નાગરિક સંહિતા ક્યારે લાગુ થશે..?

## 'સમાન નાગરિક સંહિતા' લાગુ થતાં, બધાં માટે નિયમો સરખા હશે

ભારત દેશમાં બે પ્રકારના કાયદા છે. ક્રિમિનલ લો દરેક નાગરિકને એકસરખી રીતે લાગુ પડે છે, પણ સિવિલ લોમાં લગ્ન, સંપત્તિ, છૂટાછેડાના કાયદા બધા ધર્મ ને બધી કોમ માટે સરખા નથી. એવા કાયદા પર્સનલ લો તરીકે ઓળખાય છે. મુસ્લિમોમાં લગ્ન અને સંપત્તિને લગતો કાયદો જુદો છે, એમ હિન્દુઓમાં પણ એ જુદો છે. એ જ રીતે ખ્રિસ્તી અને શીખના પર્સનલ લો પણ અલગ અલગ છે. કોઈ પણ ધર્મ યા કોમને હવે પર્સનલ લો નહી, પણ 'સમાન નાગરિક સંહિતા' લાગુ થશે. 'સમાન નાગરિક સંહિતા' આમ તો કોઈ ધર્મ અને કોમની વિરુદ્ધ નથી એમ કહેવાયું છે, પણ તેની અસર હલાલાની પ્રથા પર પડે એમ છે. તલાક થયા પછી જો પત્ની એ જ પતિને ફરી પરણવા ઈચ્છે તો તે મહિલાએ બીજા લગ્ન કરવાં પડે અને બીજા પતિને તલાક આપ્યા પછી જ એ પહેલા પતિને પરણી શકે. કાયદાનો વિરોધ કરનારા નીકળે તોય 'સમાન નાગરિક સંહિતા' સ્ત્રીઓને લાભ કરનારો છે. છૂટાછેડા, બહુપત્નીત્વ, લિવ ઈન જેવામાં સ્ત્રીઓને વર્ષોથી અન્યાય થતો આવ્યો છે. 'સમાન નાગરિક સંહિતા' લાગુ કરતી વખતે એ વાતનું ધ્યાન રખાયું છે કે સ્ત્રીઓને અન્યાય ન થાય. કમ સે કમ વિવાહનું રજિસ્ટ્રેશન તમામ ધર્મ, કોમ માટે ફરજિયાત થયું છે અને એક હયાત હોય ત્યારે બીજી પત્ની કરવાની બંધી ફરમાવાઈ છે, એથી સ્ત્રીઓને ઘણી પીડામાંથી મુક્તિ મળશે. 'સમાન નાગરિક સંહિતા' બધાંને માફક ન આવે એમ બને. બધું માફક આવે જ એવું નથી, પણ બાળ લગ્નો, વસ્તી નિયંત્રણ જેવી બાબતે 'સમાન નાગરિક સંહિતા' ઉપકારક નીવડી શકે એમ છે. આ કાયદાની મર્યાદા કદાચ એ લાગે છે કે દરેક ધર્મીઓને વિશ્વાસમાં લીધા વગર જ તે લાગુ કરી દેવાયો છે. બધાંને જ માફક આવે એવો કાયદો ઘડવાનું મુશ્કેલ છે. દરેકને લાભ ન થાય એમ જ દરેકને હાનિ જ પહોંચે એવુંય નથી. લગ્નની ઉંમર પુરુષ માટે ૨૧ વર્ષ અને સ્ત્રી માટે ૧૮ વર્ષ તો 'સમાન નાગરિક સંહિતા' લાગુ કરવા પહેલાંથી નક્કી છે. એનું પાલન થશે તો બાળલગ્નોનું પ્રમાણ ઘટશે. મુસ્લિમ, ખ્રિસ્તી, પારસી સમુદાય માટે વસિયતના નિયમો અલગ હતા. 'સમાન નાગરિક સંહિતા' લાગુ થતાં, બધાં માટે નિયમો સરખા હશે. બધા ધર્મના લોકોને બાળક દત્તક લેવાનો અધિકાર મળશે. જોકે, બીજા ધર્મના બાળકને દત્તક લઈ શકાશે નહીં એ પણ નોંધનીય બાબત છે.ભારતમાં સમાન નાગરિક સંહિતા લાગુ કરનાર ઉત્તરાખંડ પહેલું રાજ્ય, ઐતિહાસિક રીતે પણ બન્યું છે અને એને પગલે ગુજરાત, આસામ જેવાં રાજ્યો આ કાયદા માટે આગળ આવ્યા છે. કોમન સિવિલ કોડ લાગુ કરવાની જાહેરાત ગુજરાતે વિધાનસભા ચૂંટણી પહેલાં કરેલી, એ તો થાય ત્યારે, પણ અત્યારે ઉત્તરાખંડમાં 'સમાન નાગરિક સંહિતા' બિલે કાયદાનું રૂપ લઈ લીધું છે. 'સમાન નાગરિક સંહિતા' લાગુ થતાં રાજ્યમાં તમામ લગ્નોની નોંધણી હવે ફરજિયાત બનશે. લોકોએ નોંધણી માટે સરકારી ક્ચેરીઓએ જવું ન પડે એ રીતે લગ્ન ઓનલાઈન રજિસ્ટર કરવાની સુવિધાઓ ઊભી કરાઈ છે. ભાજપ શાસિત ઉત્તરાખંડ સરકારના મુખ્યમંત્રી પુષ્કર ધામીએ ૭૬માં પ્રજાસત્તાક દિનથી સમાન નાગરિક ધારો લાગુ કરી દીધો છે. મુખ્યમંત્રી ધામીનું કહેવું છે કે 'સમાન નાગરિક સંહિતા'નો હેતુ કોઈને ટાર્ગેટ કરવાનો નથી. ૨૭ જાન્યુઆરી હવેથી 'સમાન નાગરિકતા દિન' તરીકે ઓળખાશે.ઉત્તરાખંડના મુખ્યમંત્રી ધામીએ ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીના આગલે દિવસે જ 'સમાન નાગરિક સંહિતા'ની જાહેરાત કરી હતી. મે, ૨૦૨૨માં સુપ્રીમ કોર્ટના રિટાયર્ડ જજ રંજના દેસાઈની અધ્યક્ષતામાં વિશેષ સમિતિની રચના કરવામાં આવી. સમિતિને વીસેક લાખ જેટલાં સૂચનો મળ્યાં. અઢી લાખ લોકો સાથે સીધો સંવાદ થયો. ૬ ફેબ્રુઆરી, ૨૦૨૪ને રોજ 'સમાન નાગરિક સંહિતા' બિલ રજૂ થયું ને બીજે દિવસે તે વિધાનસભામાં પસાર થયું. ૧૧ માર્ચે રાષ્ટ્રપતિએ મંજૂરીની મહોર મારી. વર્ષ ૨૦૨૫ની ૨૦ જાન્યુઆરીએ નિયમોને કેબિનેટની મંજૂરી મળી અને તા. ૨૭ જાન્યુઆરીએ યુનિફોર્મ સિવિલ કોડ ઉત્તરાખંડ રાજયમાં લાગુ કરવામાં આવ્યો છે. તા. ૨૭ માર્ચ, ૨૦૧૦ પછીનાં તમામ લગ્નોની નોંધણી ૬ મહિનાની અવધિમાં કરાવવાનું ફરજિયાત છે. એ જ રીતે લિવ ઈન રિલેશનશિપનું રજિસ્ટ્રેશન કરાવવાનું પણ ફરજિયાત છે, એટલું જ નહીં, લિવ ઈનમાં રહેવા માટે માતાપિતાની મંજૂરી પણ હવે અનિવાર્ય છે. કોઈને પણ જાણ કર્યા વગર બે વ્યક્તિઓ એક મહિનાથી વધુ સમય માટે લિવ ઈનમાં રહેતી હશે, તો તેમને ૧૦૦૦૦ રૂપિયાના દંડની જોગવાઈ કાયદામાં કરવામાં આવી છે. રજિસ્ટ્રાર સમક્ષ સંબંધની શરૂઆત કે તેના અંતની જાણકારી આપવાનું પણ અનિવાર્ય છે. લિવ ઈન રિલેશનથી થયેલું બાળક કાયદેસર ગણાશે. 'સમાન નાગરિક સંહિતા' હેઠળ કોઈ પણ ધર્મ કે કોમની દીકરીને દીકરા જેટલો જ મિલકતમાં સમાન અધિકાર રહેશે. લિવ ઈન રિલેશનશિપ ન ટકે તે સ્થિતિમાં સ્ત્રી ભરણપોષણ માંગી શકે છે. અહી સવાલ એ થાય કે લિવ ઈન, લગ્ન કરતાં કઈ બાબતે અલગ છે? જો લિવ ઈનમાં બધી વિધિ લગ્ન જેવી જ કરવાની હોય કે છૂટાછેડામાં પણ રજિસ્ટ્રારને જાણ કરવાની હોય તો લિવ ઈનમાં રહેવાનું કોઈ શું કામ પસંદ કરશે? ઉત્તરાખંડ સરકારે લગ્ન અને લિવ ઈનની નોંધણી માટે એક વેબસાઈટ બનાવી છે. એના પર લગ્ન, છૂટાછેડા અને વસિયત નામાની નોંધણી અંગેની માહિતી મુકાયેલી છે. આ વેબસાઈટ પર ૫૦૦ રૂપિયા ભરીને લિવ ઈનનું રજિસ્ટ્રેશન થઈ શકે છે. કેટલાક સંગઠન ઉત્તરાખંડમાં લાગુ થયેલ 'સમાન નાગરિક સંહિતા'ને નૈનિતાલ હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં પડકારશે તેવી ચર્ચા છે.

**મારા કરતા મારા પરમાત્માને મારી વધુ ચિંતા હતી. તે બીરગિરિજીના હૃદયમાં વસ્યા.**

# બસ હવે ભણવું નથી, મને વિદ્યા નહિ આવે

### હવે અહીં ઊભા રહી શકાય તેમ ન હતું. બીજી કોઇ લાઇટ મારા ધ્યાનમાં ન આવી એટલે રેલવે સ્ટેશન ઉપર ગયો.

બીજા જ દિવસથી સંસ્કૃત ભણવાનું શરૂ થઇ ગયું. શ્રોતમુનિ આશ્રમમાં પાઠશાળાની પણ વ્યવસ્થા હતી પણ ખાસ વિદ્યાર્થીઓ ભણતા દેખાતા નહિ. એક વિદ્વાન મને લઘુકૌમુદીના સૂત્રો કંઠસ્થ કરવા શુદ્ધ ઉચ્ચાર કરીને પાઠ આપતા. સામાન્ય રીતે પંચ સંધિ કંઠસ્થ થયા પછી જ વ્યાકરણ સાધવાનું શરૂ થતું હોય છે. અને પંચસંધિ યાદ કરતા ઓછામાં ઓછા પંદર દિવસ તો લાગે જ. ઈશ્વરની કૃપાથી છ-સાત દિવસમાં જ મેં પંચસંધિ કંઠસ્થ કરી લીધી હતી. મારી ગતિ જોઇને કેટલાકને લાગતું હતું કે હું ભણીને આવ્યો છું. પણ ભણવાની વાત લખું તે પહેલા જમવાની વાત લખું તો સારું.શ્રોતમુનિમાં ભણીને હું પરમહંસ આશ્રમમાં પાછો આવ્યો. પણ હવે જમવાની શી વ્યવસ્થા કરવી? મારા કરતા મારા પરમાત્માને મારી વધુ ચિંતા હતી. તે બીરગિરિજીના હૃદયમાં વસ્યા. આ એક બહુ જ ભલા મહાત્મા હતા. તેમણે મને પૂછ્યું કે, 'ભિક્ષા કા ક્યા કરોગે?' હું કાંઇ બોલ્યો નહિ. તેમણે જ કહ્યું, 'ફિકર મત કરના, એક અન્નક્ષેત્ર મેં તુમ્હારા પ્રબંધ કરવા દેંગે.'એ જ આશ્રમમાંથી ચાર-પાંચ મહાત્મા જ્યારે અન્નક્ષેત્રમાં જવા નીકળ્યા ત્યારે મને પણ સાથે લઇ જવા તથા મારા નામથી નાગાજીને ભોજન કરાવવા વ્યવસ્થા કરી.કોઇ શેઠ દ્વારા પ્રતિદિન ચાળીસ મહાત્માઓ માટે અન્નક્ષેત્રની વ્યવસ્થા ચાલતી હતી. ચાળીસની સંખ્યાની વ્યવસ્થા નાગાજી નામના એક મહાત્મા કરતા હતા. દરવાજા ઉપર ઊભા રહી નિર્ધારિત ચાળીસ સાધુઓને પ્રવેશ અપાવી દરવાજો બંધ કરી દેવાતો. બાકીના બીજા લોકો બીજે ચાલ્યા જતા. બીરગિરિજીની ભલામણથી મને પ્રવેશ મળી ગયો તથા કાયમી પ્રવેશની વ્યવસ્થા પણ થઇ ગઇ. જમવામાં દાળ, ભાત અને બેધર (જવ, ચણા, ઘઉં વગેરેનો મેળવેલો જોડો લોટ)ની જાડી જાડી રોટલીઓ રહેતી. ભૂખ ખૂબ લાગતી એટલે સ્વાદ તરફ ધ્યાન આપ્યા વિના સારી રીતે જમી શકાતું. આ તો બપોરની વાત થઇ. સાંજે ત્રણ જગ્યાએથી બબ્બે રોટલીઓ તથા એક એક ચમચો દાળ મળતી: ચેતનદેવ કુટિયા, શ્રોતમુનિ તથા અવધૂત કુટિયા. સાંજે ઘઉંની રોટલીઓ રહેતી પણ અત્યંત પાતળી રહેતી. હા, ચેતનદેવજીને ત્યાંથી થોડી જાડી રોટલી મળતી. આ છ રોટલી અને ત્રણ ચમચા દાળ તો જાણે છ ગ્રાસમાં જ પૂરી થઇ જાય, એટલી ભૂખ લાગતી. આ સિવાય કૂવાનું પાણી પર્યાપ્ત હતું. બાકી તો રામ તારી માયા! પણ મને તેથી સંતોષ હતો. હું એક જ વાર જમતો તેની જગ્યાએ હવે બે વાર જમવાનું નક્કી કર્યું હતું. છ રોટલીઓ ખાધા પછી બીજી છ હોય તો પણ સરળતાથી ખાઇ શકાય તેવી સ્થિતિ હતી. પણ અલ્પાહારના ઉપદેશનું અહીં અનાયાસે પાલન થઇ રહ્યું હતું. આ થઇ જમવાની વાત.હવે લાઇટની વાત કરું. પરમહંસ આશ્રમમાં લાઇટની વ્યવસ્થા ન હતી. ગરીબદાસી સંપ્રદાયનો આ આશ્રમ હતો અને તેના મહંત હતા સ્વામી મુખીરામજી. બહુ ભલા તથા નિરભિમાની. સૌના માટે તેમના આશ્રમના દ્વારા ખુલ્લા હતા. કરોડાધિપતિ મહંતોના આશ્રમોમાં ભાગ્યે જ કોઇ અભ્યાગત સાધુ પોષાઇ શકતો, ત્યારે અહીં કોઇના માટે રોકટોક ન હતી. સુવિધાઓ સીમિત હતી. લાઇટ વિના ભણવું કેવી રીતે?લઘુકૌમુદી લઇને રાત્રે હું નગરમાં જતો, મુખ્ય રોડ ઉપર કોઇ શેઠનો બંગલો, તેનો ઓટલો, ઓટલા ઉપર ઝરૂખાની લાઇટ લટકતી રહે. હું ઓટલા ઉપર બેસીને અધ્યયન કરું. રોડ ઉપર ઘોડાગાડીઓ વગેરેની અવરજવરનો ઘોંઘાટ થયા કરે. પણ મારું ધ્યાન માત્ર ભણવામાં રહે. રાતના દસેક વાગ્યે પાછો આશ્રમમાં આવું. ત્રણ-ચાર દિવસ આવી રીતે અધ્યયન ચાલ્યું હશે ત્યાં એક દિવસ અંદરથી કોઇએ લાઇટ બંધ કરી દીધી. પોતાના ઓટલા ઉપર બેસીને કોઇ રોજ બે કલાક ભણે તે કોને ગમે? હું સમજી ગયો.બીજા દિવસે પણ આવું જ થયું. મેં ત્યાં જવાનું બંધ કર્યું પણ ત્યારે હવે ભણવું ક્યાં? અંતે મારી નજર એક પ્રસૂતિગૃહ ઉપર પડી. અહીં લાઇટ તો હતી પણ નીચે બેસવાનું કાંઇ ન હતું. હું બે કલાક ઊભો ઊભો અધ્યયન કરતો. થોડા દિવસ તો અધ્યયન સારી રીતે થયું પણ પછી વરસાદ શરૂ થયો. હવે અહીં ઊભા રહી શકાય તેમ ન હતું. બીજી કોઇ લાઇટ મારા ધ્યાનમાં ન આવી એટલે રેલવે સ્ટેશન ઉપર ગયો. પણ ત્યાં યાત્રાળુઓની ભીડ હોય. પણ મેં જોયું કે છેવટની બત્તીએ ખાસ ભીડ નથી હોતી. ત્યાં કોઇ વાર ઊભા રહીને તો કોઇ વાર બેસીને ભણતો. પરમહંસ આશ્રમ આવવા માટે એક દોઢ માઇલ ચાલવું પડતું. આ તો થઇ રાતની વાત.વહેલી સવારે હું ઊઠી જતો અને પરમહંસ આશ્રમથી થોડે જ દૂર મુંબઇવાળા શેઠના અન્નક્ષેત્રમાં અખંડ નામસંકીર્તન ચાલતું ત્યાં જતો. દરવાજાની પાસેના જ ઓરડામાં ત્રણ-ચાર બંગાળી ભાઇઓ કલાકના મહેનતાણાના હિસાબે ચાર-ચાર કલાક કીર્તન કરતા. મૃદંગ, મંજીરા વગેરે સાથે 'હરે રામ હરે રામ રામ રામ હરે હરે'નો મંત્ર ઊંચા સ્વરે તાલબદ્ધ ગાતા. રૂમમાં વાતાવરણ દૂષિત ન થાય એટલે બારણાને ચોથા ભાગનું ખુલ્લું રાખતા. તેમાંથી જે પ્રકાશ બહાર નીકળતો તે પ્રકાશના અજવાળે હું ભણતો. અંદરવાળાને તો ખબર પણ ન હોય. તે તેમની ધૂનમાં મસ્ત અને હું મારી ધૂનમાં મસ્ત.આવું કેટલોક સમય ચાલ્યું. પંચસંધિ પૂરી થયા પછી શ્રોતમુનિમાં ભણવા જવાને બદલે હું નજીકની નિંબાર્ક પાઠશાળામાં ભણવા જવા લાગ્યો. અહીં ઘણા વિદ્યાર્થીઓ ભણતા. પંડિતજી સારા હતા, પણ એક દિવસ ઉતાવળથી ભણાવેલો પાઠ મારી સમજમાં ન આવ્યો. હું નિરાશ થઇ ગયો. આશ્રમ આવીને ઘણો સમજવા પ્રયત્ન કર્યો પણ ન સમજાયો. બસ, લઘુકૌમુદીનો ત્યાગ કરીને છત ઉપર ચડીને હું સૂઇ ગયો. બસ હવે ભણવું નથી. મને વિદ્યા નહિ આવે. આવા વિચારોમાં તે દિવસે ભિક્ષા કરવા પણ ન ગયો.મારી સાથે બીજા બે વિદ્યાર્થીઓ હતા. એકહતા મારાથી બમણી ઉંમરના ઉદાસીન સંત સ્વામી હરિભજનદાસજી. ત્રણ વર્ષથી તે લઘુકૌમુદી ભણતા હતા, પણ હજી અજન્ત પ્રકરણ પૂરું થયું ન હતું. ખૂબ જ તપસ્વી, સંતોષી, નિરભિમાની અને ભક્તિભાવવાળા સંત હતા. પ્રત્યેક અગિયારસના દિવસે સંપુટ સહિત પૂરી રામાયણનો પાઠ કરે.



# અમીષાની ન્યૂકમર્સને સલાહ ક્ષમતા મોટા પડદે બતાવો, ઈન્સ્ટાગ્રામ પર નહીં!

### શાહરૂખ, અક્ષય અને સલમાનની જેમ દાયકાઓ સુધી ઓડિયન્સને આકર્ષિત કરવાનો દમ નવી પેઢીમાં નથી

અમીષા પટેલ છેલ્લા ત્રણ દાયકાથી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં એક્ટિવ હોવાથી ઘણાં પરિવર્તનોની સાક્ષી બનેલી છે. અમીષાનું માનવું છે કે, નવી પેઢીના એક્ટર્સને સોશિયલ મીડિયા પર છવાયેલા રહેવામાં વધારે રસ છે. તેમણે પોતાની ક્ષમતા મોટા પડદા પર બતાવવી જોઈએ, સોશિયલ મીડિયા પર પ્રભાવ ઊભો કરવામાં સમય વેડફવો જોઈએ નહીં.

અમીષા પટેલે એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું, વર્તમાન સ્થિતિની સરખામણીએ અમારો સમય વધારે વાસ્તવિક હતો. શાહરૂખ સલમાન, પ્રીતિ, રાની, કરીના સહિત અમારા જેવા એક્ટર્સ કેમેરાની સામે પોતાની કામગીરી પર ધ્યાન આપતા હતા. નવી પેઢીના એક્ટર્સ પર સોશિયલ મીડિયાનું દબાણ છે. તેઓ સોશિયલ મીડિયા પર પોતાની ઈમેજ ઊભી કરવામાં વધારે ધ્યાન આપે છે. તેઓ રીલ બનાવવામાં વધારે વ્યસ્ત રહેતા હોવાથી કેમેરા સામે ક્ષમતા બતાવી શકતા નથી અને તેના કારણે ઓડિયન્સને આકર્ષિત કરવામાં નિષ્ફળ રહે છે. મેકઅપ વાન, મેકઅપ આર્ટિસ્ટ અને પોતાની રૂટિન પાર્ટીઓની વાત કરે છે. તેઓ મોટા પડદા પર સફળ થવાના બદલે પાર્ટી એન્જોય કરવામાં વધારે ખુશ રહે છે.

અમીષાએ પોતાના આ અભિપ્રાયના સમર્થનમાં ન્યૂ કમર્સની ફિલ્મોને બોક્સઓફિસ પર મળેલી પછડાટનો ઉલ્લેખ કર્યો હતો. શાહરૂખ, અક્ષય અને સલમાન જેવા એક્ટર્સ દાયકાઓ સુધી ઓડિયન્સને આકર્ષિત કરી શકે છે, પરંતુ નવી પેઢીમાં આ પ્રકારનો દમ જોવા મળતો નથી. અમીષાના મતે લોકો હજુ પણ તેની પેઢીના એક્ટર્સને જોવા માગે છે, કારણ કે પાર્ટી કે ઈવેન્ટ્સમાં તેઓ ખાસ રસ રાખતા નથી. ઈન્સ્ટાગ્રામ એક માધ્યમ છે, તેને આપણું જીવન બનાવવાની ભૂલ ન કરવી જોઈએ. સોશિયલ મીડિયાના કારણે લોકોને એક્ટર્સના જીવનની દરેક વાત ખબર હોય છે. એક્ટર્સ સાથેની આટલી બધી નિકટતાના કારણે ઓડિયન્સની તમામ ઉત્સુકતા ઘટી ગઈ છે. આપણે દરેક જગ્યાએ જોવા મળીએ તો ઓડિયન્સમાં આકર્ષણ રહેતું નથી. તેથી થોડું અંતર રાખવાની જરૂર હોય છે. અમીષાએ સુપર સ્ટારડમ મેળવવા માટે સોશિયલ મીડિયાની જરૂર ન હોવાનો દાવો કર્યો હતો અને અમિતાભ બચ્ચન તથા ધર્મેન્દ્રનું ઉદાહરણ આપ્યુ હતું.



# મૈં હું નાઃ શાહરૂખ બે દાયકા પછી સીક્વલ બનાવશે



શાહરૂખ ખાન અને ફરાહ ખાન ફરી એક વાર 'મૈં હું ના ૨' બનાવવા ભેગા થઈ રહ્યા છે. શાહરૂખ ખાને બે દાયકા બાદ પોતાની બ્લોકબસ્ટર ફિલ્મની સીક્વલ બનાવવા તૈયારી બતાવી છે અને સ્ક્રિન પ્લેનું કામ શરૂ થઈ ગયું છે. શાહરૂખ ખાને પોતાની કરિયરમાં સંખ્યાબંધ હિટ ફિલ્મો આપેલી છે, પરંતુ તેમાં 'મૈં હું ના'નું સ્થાન વિશે છે. શાહરૂખના પ્રોડક્શન હાઉસ રેડ ચિલીસના બેનર હેઠળ બનેલી આ પ્રથમ ફિલ્મ હતી. લાંબા સમયથી સીક્વલ બનાવવાની શાહરૂખની ઈચ્છા હતી, પરંતુ ગાડરિયા પ્રવાહમાં માત્ર બનાવવા ખાતર જ ફિલ્મ તૈયાર કરવાનું શાહરૂખને પસંદ ન હતું. ફરાહ ખાન પણ લાંબા સમયથી શાહરૂખ સાથે 'મૈં હું ના'ની સીક્વલ બનાવવા માગતા હતા. ફરાહ ખાનને 'મૈં હું ના'ની સીક્વલનો રસ્તો મળી ગયો હતો અને તેમણે આ પ્રોજેક્ટ અંગે શાહરૂખ સાથે વાત કરી હતી. શાહરૂખને આઈડિયા ગમી ગયો અને રેડ ચિલીસના રાઈટર્સને સ્ક્રિનપ્લે તૈયાર કરવા શાહરૂખે સૂચના આપી દીધી. ફરાહ અને શાહરૂખની ટીમે 'મૈં હું ના ૨'ના સ્ક્રિન પ્લેનું કામ શરૂ કરી દીધું છે.

૨૦૦૪માં રિલીઝ થયેલી 'મૈં હું ના' કરતા પણ વધારે દમદાર ફિલ્મ બનાવવા કવાયત ચાલી રહી છે ત્યારે ચારેક મહિનામાં સ્ક્રિપ્ટ તૈયાર થઈ જશે. શાહરૂખ ખાનને સ્ક્રિપ્ટ પસંદ આવ્યા પછી ફિલ્મને ફ્લોર પર લઈ જવાનું સત્તાવાર એલાન થશે. બે દાયકા અગાઉ આવેલી 'મૈં હું ના'માં શાહરૂખની સાથે સુષ્મિતા સેન, ઝાયેદ ખાન અને અમૃતા રાવ હતા. સીક્વલમાં જૂની ટીમને યથાવત રાખવામાં આવે છે કે, પછી નવી કાસ્ટ નક્કી થાય છે તે કહેવું અઘરું છે. સીક્વલમાં શાહરૂખ પોતાના દીકરા આર્યન અને દીકરી સુહાનાને પણ તક આપે તેવી શક્યતા છે.

# રિતેશની 'રાજા શિવાજી'માં અભિષેક, ફરદીન અને સંજય દત્ત મુઘલ બનશે

રિતેશ દેશમુખે ૨૦૨૪માં 'રાજા શિવાજી' નામની ફિલ્મની જાહેરાત કરી હતી, જે તે પોતે ડિરેક્ટ કરવાનો છે. આ પહેલાં તેણે 'વેડ' નામની ફિલ્મ સાથે ડિરેક્શનમાં ડેબ્યુ કર્યું હતું. આ ફિલ્મ હિન્દી અને મરાઠી બંને ભાષામાં રિલીઝ થશે. સાથે જ થિયેટરમાં જોવા માટે આ ફિલ્મ એક અનોખા અનુભવ સમાન બની જશે.આ ફિલ્મ પર કામ શરૂ થઈ ચૂક્યું છે, આ અંગે સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, "મુંબઈમાં રાજા શિવાજી માટે સ્પેશિયલ સેટ ઊભો કરવામાં આવ્યો છે. રસપ્રદ વાત એ છે કે, સંજય દત્ત, ફરદીન ખાન અને અભિષેક બચ્ચન આ ફિલ્મમાં મુઘલોના પાત્રો ભજવશે, જ્યારે રિતેશ દેશમુખ પોતે છત્રપતિ શિવાજી મહારાજનો રોલ કરતો જોવા મળશે."ગયા વર્ષે શિવાજી જયંતિ નિમિત્તે રિતેશે આ ફિલ્મની જાહેરાત કરી હતી તેમજ એક્સ પર તેનું પોસ્ટર પણ શેર કર્યું હતું. તેણે લખ્યું હતું, "છત્રપતિ શિવાજી મહારાજ માત્ર એક નામ નથી પરંતુ એક લાગણી છે. તેમની જન્મજયંતિના પવિત્ર દિવસે, આ ધરતીના મહાન પુત્રને આપની સાથે મળીને શ્રદ્ધાંજલિ પાઠવું છું. આવનારી પેઢીઓ સુધી તેમનો વારસો આપણને પ્રેરિત કરતો રહેશે. અમે આ નવી સફર શરૂ કરતાં આપના આશીર્વાદ માગીએ છીએ. જય શિવરાય."



# પ્રિયંકા ચોપરાએ ભાઈનાં લગ્ન મન મૂકીને માણ્યાં

## નીતા અંબાણીએ દીકરી અને પુત્રવધૂ સાથે લગ્નમાં હાજરી આપી

પ્રિયંકા ચોપરાના ભાઈ સિદ્ધાર્થના લગ્ન મુંબઈ ખાતે ધામધૂમથી થયા હતા. પ્રિયંકાએ લગ્નના વરઘોડામાં બ્લ્યૂ ડ્રેસ સાથે મન મૂકીને ડાન્સ કર્યો હતો. સિદ્ધાર્થની જાનમાં પ્રિંયકા અને નિક જોનાસે પરિવાર સાથે બોલિવૂડના હિટ ગીતો સાથે પોતાની ખુશી વ્યક્ત કરી હતી.

સિદ્ધાર્થના લગ્ન માણી રહેલા પ્રિયંકા અને નિક જોનાસના ફોટોગ્રાફ વીડિયોએ સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી હતી. પ્રિયંકા ચોપરા બીજી ફેબ્રુઆરીએ હૈદરાબાદથી મુંબઈ પરત આવી હતી. નીલમ ઉપાધ્યાય સાથે સિદ્ધાર્થના લગ્ન નિમિત્તે પ્રિયંકાએ માતા કી ચૌકી સાથે પ્રસંગોની શરૂઆત કરી હતી. બાદમાં પીઠીના પ્રસંગના ફોટોગ્રાફ પણ તેણે શેર કર્યા હતા. બાદમાં મહેંદી સુધીમાં નિક જોનાસ અને તેના માતા-પિતા પણ લગ્નમાં જોડાઈ ગયા હતા. પ્રિયંકાની કઝિન મનારા ચોપરાએ લગ્નના દરેક પ્રસંગમાં હાજરી આપી હતી. પ્રિયંકાને પોતાની કઝિન મનારા અને પરિણિતી સાથે ખાસ નહીં ફાવતું હોવાનું કહેવાય છે. જો કે પ્રિયંકાના ભાઈના લગ્નમાં મનારા ઉપરાંત પરિણીતીએ પણ હાજરી આપી હતી. પરિણીતી અને રાઘવ ચઢ્ઢાએ પોતાના ઘરનો પ્રસંગ હોય તેમ લગ્નમાં ભાગ લીધો હતો. લગ્ન પૂર્વ સંગીત નાઈટમાં પણ પ્રિયંકા અને નિકે બોલિવૂડના હિટ ગીતો પર મન મૂકીને ડાન્સ કર્યો હતો.

પ્રિયંકા ચોપરાને અંબાણી પરિવાર સાથે નિકટતા છે. નિક જોનાસ-પ્રિયંકાના લગ્નમાં પણ ઈશા અંબાણી સહિત પરિવારે હાજરી આપી હતી. પ્રિયંકા-નિકે અનંત અંબાણી-રાધિકા મર્ચન્ટના લગ્નમાં ભાગ લીધો હતો. સિદ્ધાર્થ ચોપરાના લગ્નમાં નીતા અંબાણીએ દીકરી ઈશા અને પુત્રવધૂઓ રાધિકા-શ્લોકા સાથે હાજરી આપી હતી અને પ્રિયંકા તથા પરિવારને શુભેચ્છા આપી હતી.

# છાવાના આ ટોર્ચર સીન પછી વિકીને દોઢ મહિનો બ્રેક લેવો પડ્યો

### આખી રાત બંધાયેલો રહ્યો અને વિકી કૌશલનો હાથ ખોટો પડી ગયો

વિકી કૌશલની 'છાવા'ના ટીઝર અને ટ્રેલરથી ફિલ્મ રસિકોમાં હાલ તો ફિલ્મ બાબતે ઘણો ઉત્સાહ છે, કારણ કે છત્રપતિ સંભાજી મહારાજના રોલ માટે વિકી કૌશલે ઘણી મહેનત કરી છે. આ ફિલ્મના પ્રમોશનના ભાગરૂપે તાજેતરમાં ફિલ્મના ડિરેક્ટર લક્ષ્મણ ઉટેકરે વિકી વિષે કહ્યું હતું કે તેણે કઈ રીતે આ ફિલ્મમાં જીવ અને આત્મા રેડી દીધાં હતાં.

લક્ષ્મણ ઉટેકરે એક કિસ્સો કહ્યો હતો જેમાં વિકી કૌશલને એક શૂટ માટે આખી રાત બાંધી રાખ્યો હતો. તેમાંથી કંઈ પણ કરવા માટે વિકીએ જરા પણ આનાકાની કરી નહોતી. આ શૂટના અંતે વિકીને ઈજાઓ પણ થઈ હતી અને તેના કારણે

તેને દોઢ મહિનો બ્રેક પણ લેવો પડ્યો હતો. લક્ષ્મણ ઉટેકરે કહ્યું, "ટોર્ચર સીન શૂટ કરતી વખતે અમને અંદાજ આવ્યો કે એ જ દિવસે છત્રપતિ સંભાજી મહારાજને પણ ટોર્ચર કરવામાં આવ્યા હતા. યોગાનુયોગ અમે એ જ દિવસે એ જ ઘટના શૂટ કરી રહ્યા હતા."

વિકીની ઈજાઓ વિશે ઉટેકરે કહ્યું, "આખી રાત વિકીના હાથ દોરડાં સાથે બંધાયેલાં હતાં. જ્યારે અમે એ દોરડાં કાઢ્યાં તો એના હાથ નીચે થઈ શકતા નહોતા. એ જકડાઈ ગયા હતા. અમારે તેના કારણે દોઢ મહિનો બ્રેક લેવો પડ્યો હતો. એ સમય દરમિયાન અમારે સેટ તોડી પાડવાનો હતો. તેથી અમે તેને રિકવરીનો સમય આપ્યો. પછી અમે ફરી સેટ બનાવ્યો અને આગળનું શૂટિંગ શરૂ કર્યું." આ ફિલ્મ ૧૪ ફેબ્રુઆરીએ રિલીઝ થશે.

# તૃપ્તિ ડિમરીએ પરવીન બાબીની બાયોપિકની તૈયારી શરૂ કરી

### ફિલ્મ સાઈન કરતાં પહેલાં કેરેક્ટરને આત્મસાત કરવા પ્રયાસ

તૃપ્તિ ડિમરી મોટા પડદા પર ફરી એક વખત પરવીન બાબીને જીવંત કરવાની હોવાના અહેવાલો અને ચર્ચાઓ તો છેલ્લાં કેટલાંક દિવસોથી ચાલે છે, હવે તેણે આ સિરીઝ માટે તૈયારી પણ શરૂ કરી હોવાના અહેવાલો છે. જોકે, તેણે હજુ આ સિરીઝ સાઈન કરી નથી. શોનાલી બોઝ દ્વારા આ સિરીઝ ડિરેક્ટ કરવામાં આવશે. તે અંગે હજુ કોઈ ઓફિશિયલ જાહેરાત થઈ નથી.

હાલ તૃપ્તિ આ રોલ માટે અભ્યાસ, સંશોધન, પરવીન બાબીનું જીવન અને વારસો કેવા છે તે અંગે તૈયારી શરૂ કરી દીધી છે. આ સિરીઝ નેટફ્લિક્સ પર આવશે. તૃપ્તિ ડિમરીનાં નજીકના સૂત્રોના જણાવ્યા અનુસાર તૃપ્તિ હાલ પરવીન બાબીની ફિલ્મો જોઈ રહી છે, જેથી તે પડદાં પરનાં તેમનાં હાવ-ભાવ અને છટાથી વાકેફ થઈ શકે.

"તે પરવીન બાબીનાં જીવનની સફરને સમજવામાં ઉંડો રસ લઈ રહી છે, તેમની શરૂઆતથી લઈને સ્ટારડમથી લઈને તેમના સંઘર્ષ સુધી. તેણે હજુ સિરિઝ સાઈન નથી કરી. તેમ છતાં, તેની તૈયારી ખરેખર વખાણવા લાયક છે."

પરવીન બાબી ૭૦-૮૦ના દાયકાની સુપરસ્ટાર હતી. જે પોતાના બોલ્ડ રોલ, ગ્લેમરસ અવતાર અને ઈન્ટરનેશનલ અપીલ માટે જાણીતી હતી. તેનું જીવન પણ કારકિર્દીની જેમ જ એક ફિલ્મી કથા જેવું હતું. તેથી હિન્દી સિનેમાનું તેનું વ્યક્તિત્વ બધાને આકર્ષતું હતું. આ સિરીઝમાં તેની કારકિર્દીના બુલંદ સિતારાથી લઈને તેમના અંગત સંઘર્ષ, તેમજ તેમના વરસા પર કથા આગળ વધશે. હજુ મેકર્સ તરફથી આ અંગે કોઈ જાહેરાત થઈ નથી, તૃપ્તિ ડિમરી તેમાં જોડાવાની વાતથી આ સિરીઝ અત્યારથી જ ચર્ચામાં આવી ગઈ છે. જો આ સાચું પડે તો તેની અઘરાં પાત્રોને ઊંડાણપૂર્વક ભજવવાની ક્ષમતાની પણ પરીક્ષા થશે. તેના માટે આ રોલ પડકારજનક અને મહત્વનો બની શકે છે.

તૃપ્તિ હાલ શાહિદ કપૂર સાથે વિશાલ ભારદ્વાજની ફિલ્મમાં કામ કરી રહી છે. સાથે તે સિદ્ધાંત ચતુર્વેદી સાથે ધડક ૨ અને રણબીર કપૂર સાથે એનિમલ પાર્કમાં કામ કરી રહી છે.

**પરવીન બાબી ૭૦-૮૦ના દાયકાની સુપરસ્ટાર હતી. જે પોતાના બોલ્ડ રોલ, ગ્લેમરસ અવતાર અને ઇન્ટરનેશનલ અપીલ માટે જાણીતી હતી.**



# રોહિત શર્મા ODIમાં સૌથી વધુ રન બનાવનાર ચોથો ભારતીય બેટ્સમેન બન્યો, દ્રવિડને પાછળ છોડી દીધો

ભારતીય ટીમના કેપ્ટન રોહિત શર્મા વનડેમાં સૌથી વધુ રન બનાવનાર ચોથો ભારતીય બેટ્સમેન બન્યો છે. રોહિતે આ મામલે ભૂતપૂર્વ કેપ્ટન અને ભૂતપૂર્વ મુખ્ય કોચ રાહુલ દ્રવિડને પાછળ છોડી દીધા છે.

રોહિત લાંબા સમય પછી ફોર્મમાં દેખાઈ રહ્યો હતો અને તેણે 30 બોલમાં પોતાની કારકિર્દીની 58મી અડધી સદી ફટકારી. રોહિત પોતાની મજબૂત ઈનિંગ્સની મદદથી દ્રવિડને પાછળ છોડી દેવામાં સફળ રહ્યો. રોહિત હવે આ યાદીમાં ચોથા સ્થાને છે અને તેની આગળ સચિન તેંડુલકર, વિરાટ કોહલી અને સૌરવ ગાંગુલી છે.

રોહિત ખરાબ ફોર્મમાંથી પસાર થઈ રહ્યો હતો, 2023 ના વનડે વર્લ્ડ કપમાં છેલ્લે સદી ફટકારી હતી.



રોહિત છેલ્લા કેટલાક સમયથી ખરાબ ફોર્મમાંથી પસાર થઈ રહ્યો હતો. રોહિત પ્રથમ વનડેમાં ફક્ત બે રન બનાવી શક્યો હતો.

ગયા વર્ષે કોલંબોમાં શ્રીલંકા સામે 64 રન બનાવ્યા બાદ કોઈપણ ફોર્મેટમાં અડધી સદી ફટકારી શક્યો નથી. કટકનો રોહિત એક અલગ જ સ્વરૂપમાં દેખાયો અને તેના રન-સ્કોરિંગના દુકાળનો અંત લાવ્યો.

રોહિતે ઈંગ્લેન્ડ સામેની ODI શ્રેણી પહેલા રણજી ટ્રોફીમાં રમવાનો નિર્ણય લીધો હતો, પરંતુ તે ત્યાં પણ નિષ્ફળ ગયો. જોકે, ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા, ભારતીય કેપ્ટન ફોર્મમાં જોવા મળ્યો હતો જેની ચાહકો આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા.

ટીમ ઈન્ડિયાના કેપ્ટન રોહિત શર્માએ ત્રણ મહિનાથી વધુ સમય બાદ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સિક્સ ફટકારી છે. તેણે છગ્ગા વિના 10 આંતરરાષ્ટ્રીય ઈનિંગ્સ રમી હતી. રોહિતે કટકમાં બીજી વનડેમાં 90 બોલમાં 119 રનની ઈનિંગમાં 12 ફોર અને સાત સિક્સર ફટકારી હતી.

ભારતીય કેપ્ટન રોહિત શર્મા હવે વનડેમાં સૌથી વધુ છગ્ગા મારનાર બેટ્સમેનોની યાદીમાં બીજા સ્થાને પહોંચી ગયો છે. ઈંગ્લેન્ડ સામેની બીજી વનડેમાં તેની સાત છગ્ગા સાથે, રોહિતે તેની વનડે સિક્સરનો આંકડો 338 પર પહોંચાડ્યો. તેણે વેસ્ટ ઈન્ડિઝના ક્રિસ ગેલને પાછળ છોડી દીધો, જેણે વનડેમાં 331 છગ્ગા ફટકાર્યા. પાકિસ્તાનના શાહિદ આફ્રિદીએ સૌથી વધુ ODI સિક્સર (351) ફટકારી છે.

# આ દિગ્ગજ ખેલાડીને પાછળ છોડીને રોહિત શર્માની 16 મહિના બાદ વન ડેમાં 32મી સદી

ઈંગ્લેન્ડ સાથેની વનડે સિરીઝની બીજી મેચમાં, ભારતીય કેપ્ટન રોહિત શર્માએ લગભગ 16 મહિના પછી વનડે કારકિર્દીની 32 મી સદી ફટકારી છે. 76 બોલમાં સદી પૂર્ણ કરનાર રોહિત, 21 ઓક્ટોબર, 2023 પછી પહેલી વાર વનડેમાં એક સદી ફટકારી છે.




તે જ સમયે, આંતરરાષ્ટ્રીય મેચોમાં 8 માર્ચ 2024 પછી આ રોહિતની પ્રથમ સદી હતી. 49.5 ઓવરમાં ઈંગ્લેન્ડને 304 રન માટે આઉટ કર્યા પછી, ભારતીય ટીમે લક્ષ્યાંકનો પીછો કર્યા પછી, 44.3 ઓવરમાં 6 વિકેટમાં 308 રન કરી મેચ જીતી હતી. ભારતે 3 મેચની શ્રેણીમાં 2-0થી અજેય લીડ મેળવી છે.

રોહિત આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવનાર બીજો ઓપનર બન્યો છે. તેમણે દિગ્ગજ ખેલાડી સચિન તેંડુલકરને પાછળ છોડી દીધાં છે. રોહિતે 343 મેચોમાં 15404 રન બનાવ્યાં છે. જ્યારે સચિનને 346 મેચમાં 15335 રન બનાવ્યાં છે. હાલમાં સહેવાગ રોહિતેથી આગળ છે. સેહવાગે 332 મેચમાં 26119 રન બનાવ્યાં છે.

સ્પિનર રવિન્દ્ર જાડેજા ઘરેલું જમીન પર સૌથી વધુ વિકેટ લેનાર બીજો બોલર બની ગયો છે. રવિન્દ્રે 81 મેચોમાં 29.52 ની સરેરાશ અને 4.79 ની ઈકોનોમી સાથે 117 વિકેટ લીધી છે.

તેમણે હરભજન સિંહની 114 ના રેકોર્ડને પાછળ છોડી દીધો છે. હવે રવિન્દ્ર ફક્ત અનિલ કુંબલેની 90 મેચમાં 126 વિકેટના રેકોર્ડથી પાછળ છે. રવિન્દ્રે ઈંગ્લેન્ડ સામે 45 વિકેટ લીધી છે.

# કટકમાં ગરમીથી પરેશાન પ્રેક્ષકોને રાહત અપાવવા અદ્‌ભુત 'જુગાડ' લગાવાયો

ભારત-ઈંગ્લેન્ડ વચ્ચે રમાયેલા બીજા એક દિવસીય મેચમાં ગરમીથી શેકાતા પ્રેક્ષકોને રાહત અપાવવા માટે સ્ટાફે જબરો જુગાડ લગાવ્યો હતો. પંખા પર પાણીના ફુવારાનો છંટકાવ કરીને ગરમીમાં રાહત અપાવવાનો પ્રયાસ કર્યો હતો. પૂર્વ ક્રિકેટર આર.અશ્વિનને આ જુગાડ ગમ્યો હોય તેમ સોશ્યલ મિડીયા પર તેની ખાસ સ્ટોરી શેર કરી હતી.



ઓડિશાના કટક શહેરમાં ખૂબ ગરમી છે. ઉત્તર ભારતમાં હજુ પણ ખૂબ ઠંડી છે પણ દરિયા કિનારે આવેલા કટકમાં પરિસ્થિતિ આવી નથી. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની મેચ જોવા માટે સ્ટેડિયમ પહોંચેલા ચાહકોને પણ ગરમી સહન કરવી પડી હતી. બપોરના સમયે તો એમને એટલી હાલત ખરાબ થઈ કે ગ્રાઉન્ડ સ્ટાફે સ્પેશિયલ વ્યવસ્થા કરવી પડી હતી.

કટકના ગ્રાઉન્ડ સ્ટાફે ચાહકોને ગરમીથી રાહત આપવા માટે એક અદ્‌ભુત રીત શોધી કાઢી. ઈંગ્લેન્ડની પહેલી ઇનિંગ દરમિયાન ચાહકો પર પાણીનો છંટકાવ કરવામાં આવ્યો હતો. આનાથી બધાને કાળઝાળ ગરમીથી થોડી રાહત મળી હતી.

ભારતીય ટીમના ભૂતપૂર્વ ઓફ સ્પિનર રવિચંદ્રન અશ્વિનને પણ આ પદ્ધતિ ખૂબ ગમી. તેણે તેનો ફોટો તેની ઇન્સ્ટાગ્રામ સ્ટોરી પર શેર કર્યો. આ સાથે અશ્વિને લખ્યું - કટકમાં પંખા પર પાણી છાંટવામાં આવ્યું. આ સાથે તેણે એક હસતું ઇમોજી પણ ઉમેર્યું હતું.

# ગુજરાતની આઈપીએલ ટીમના માલિક પણ હવે સ્થાનિક હશે

અમદાવાદ સ્થિત ટોરેન્ટ ગ્રુપ અને સીવીસી કેપિટલ પાર્ટનર્સે આઈપીએલ ફ્રેન્ચાઈઝ ગુજરાત ટાઈટન્સને ટેકઓવર કરવા માટે કરાર કર્યો છે. આ સોદો હાલમાં બંને જૂથોના વરિષ્ઠ અધિકારીઓ વચ્ચે 'મૈત્રીપૂર્ણ મિલનસાર' તરીકે કરવામાં આવ્યો છે. કારણ કે ટાઈટન્સનો લોક-ઈન પિરિયડ હાલમાં ચાલી રહ્યો છે.

બીસીસીઆઈના નિયમો અનુસાર, લોક-ઈન સમયગાળા દરમિયાન કોઈપણ જૂથ તેની ફ્રેન્ચાઈઝી વેચી શકતું નથી. 'અમે 2021 માં ગુજરાત ટાઈટન્સ ફ્રેન્ચાઈઝી ખરીદવાની રેસમાં પણ હતા.' 4,653 કરોડ રૂપિયા તેણે 10,000 રૂપિયાની બોલી લગાવી હતી પણ તે ચૂકી ગયો.

આ વખતે સીવીસી ગ્રુપ અને ટોરેન્ટ વચ્ચે એક મૈત્રીપૂર્ણ કરાર થયો છે. ફેબ્રુઆરીમાં લોક-ઈન પિરિયડ પૂરો થતાં જ સત્તાવાર સોદો થશે. ટોરેન્ટ ગ્રુપના એક વરિષ્ઠ અધિકારીનું આ નિવેદન છે. જે પુષ્ટિ કરે છે કે ત્રણ વર્ષ જૂની IPLની ગુજરાત ફ્રેન્ચાઈઝીના નવા માલિક હવે ગુજરાત સ્થિત કંપની હશે.



**ટૉરેન્ટ ગ્રુપ ગુજરાત ટાઇટન્સને ખરીદશેઃ 6100-7800 કરોડમાં ડીલ શક્ય; 10 દિવસમાં ડીલ ફાઇનલ થવાની સંભાવના**

બંને જૂથો સાથે સંકળાયેલા સૂત્રો કહે છે કે ફ્રેન્ચાઈઝીનું સંપૂર્ણ હોલ્ડિંગ વેચવાને બદલે, સીવીસી ગ્રુપ ટોરેન્ટ ગ્રુપને ફક્ત કંટ્રોલિંગ સ્ટેક વેચી રહ્યું છે, તેથી ટોરેન્ટ ગ્રુપ 60% હિસ્સો ખરીદશે. સીવીસી ગ્રુપે તેને 2021 માં 5,625 કરોડ રૂપિયામાં હસ્તગત કર્યું. મેં તે ખરીદ્યું. તમને જણાવી દઈએ કે, અદાણી ગ્રુપ પણ આ ફ્રેન્ચાઈઝી ખરીદવાની રેસમાં હતું.

2021 માં, અદાણી ગ્રુપે તેના માટે 5,100 કરોડ રૂપિયાની બોલી પણ લગાવી હતી. પરંતુ તે પછી સીવીસી ગ્રુપે આગેવાની લીધી હતી. આઈપીએલની 18મી સીઝન 21 માર્ચથી શરૂ થશે અને ફાઈનલ 25 મેના રોજ રમાશે. આ સિઝનમાં કુલ 74 મેચ રમાશે.

આ સમયગાળો આ મહિને એટલે કે ફેબ્રુઆરીના મધ્યમાં સમાપ્ત થશે. ટોરેન્ટના સૂત્રોના જણાવ્યા અનુસાર, આ સોદો 15 ફેબ્રુઆરી સુધીમાં થઈ જશે. આ સોદાની રકમ હાલ ગુપ્ત રાખવામાં આવી છે. પરંતુ એવો અંદાજ છે કે તે 6100 કરોડ રૂપિયાથી 7800 કરોડ રૂપિયા સુધી હોઈ શકે છે.

લક્ઝમબર્ગનું CVC ગ્રુપ શેરબજારની પેટર્ન પર આધારિત સંપૂર્ણ વ્યૂહરચના પર કામ કરી રહ્યું છે. એનો અર્થ એ કે જો તમે નફો કરો છો તો નફો બુક કરો અને બહાર નીકળો.

# અમદાવાદ નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં મેચને લઈને ફેન્સમાં ટિકિટ માટે જોવા મળ્યો ક્રેઝ

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં લાંબા સમય બાદ વન ડે ઈન્ટરનેશનલ મેચ યોજાશે. 12મી ફેબ્રુઆરીએ નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાશે વન ડે ઈન્ટરનેશનલ રમાશે.

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે 12 ફેબ્રુઆરીએ ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાનારી એક દિવસીય ક્રિકેટ મેચની ટિકિટ માટે રમતપ્રેમીઓમાં સ્પર્ધા ચાલી રહી છે. આ એક દિવસીય મેચની ટિકિટનું વેચાણ ઓનલાઈન અને ઓફલાઈન ટિકિટનું થઈ રહ્યું છે.

મેચને લઈને ક્રિકેટ પ્રેમીઓમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ઓનલાઈન ટિકિટનું વેચાણ 500 રૂપિયાથી લઈને 12,500 રૂપિયા સુધી થઈ રહ્યું છે, આ સિવાય 1500 રૂપિયા અને તેથી વધુની કિંમતે ઓફલાઈન ટિકિટોનું વેચાણ થઈ રહ્યું છે.




હાલમાં ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે સિરીઝની બીજી મેચ કટકના મેદાન પર રમાઈ છે. મેચ દરમિયાન ઈંગ્લેન્ડ ટીમને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. ઈંગ્લેન્ડે ત્રીજી વનડે માટે ટીમમાં હાર્ડ હિટિંગ બેટ્સમેન ટોમ બેન્ટનનો સમાવેશ કર્યો છે. જેકબ બેથેલના સ્થાને બેન્ટનને ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. બેથેલ હેમસ્ટ્રિંગની ઈજાથી પીડાઈ રહ્યો છે અને તેથી તે બીજી વનડેમાં ટીમનો ભાગ નથી.

ત્રીજી વનડે મેચ પહેલા ઈંગ્લેન્ડે પોતાની ટીમમાં મોટો ફેરફાર કર્યો છે. ટોમ બેન્ટનને ફિટ ન હોવાને કારણે જેકબ બેથેલની જગ્યાએ ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. બેન્ટન લાંબા સમય પછી ઈંગ્લેન્ડની ODI ટીમમાં પાછો ફર્યો છે. તેને પોતાની છેલ્લી વનડે વર્ષ 2020 માં રમી હતી. આયર્લેન્ડ સામે રમાયેલી આ મેચમાં, બેન્ટને 51 બોલમાં 58 રનની શાનદાર ઈનિંગ રમી. બેન્ટન તેની આક્રમક બેટિંગ માટે જાણીતો છે. ત્યારથી તે ટીમની બહાર છે. બેન્ટને અત્યાર સુધીમાં ઈંગ્લિશ ટીમ માટે કુલ 6 ODI મેચ રમી છે. આ સમયગાળા દરમિયાન, તેના બેટથી 26 ની સામાન્ય એવરેજથી 134 રન બનાવ્યા છે. બેન્ટને તેના વનડે કરિયરમાં ફક્ત એક જ અડધી સદી ફટકારી છે.

# ક્રિકેટ ટીમો જ ભારે ટ્રાફિકજામમાં ફસાઈ જતા મેચ મોડો કરવો પડયો

ક્રિકેટ વર્લ્ડ કપ લીગ 2 મેચમાં ભારે ટ્રાફિકને કારણે શનિવારે મિનોઝ યુએસએ અને નામિબીઆ વચ્ચેની મેચ ટૂંકી કરવામાં આવી હતી. મેચને 43-ઓવરની કરવામાં આવી હતી કારણ કે બંને ટીમો સમયસર ક્રિકેટ ગ્રાઉન્ડ પર પહોંચી શકી ન હતી. આ વિલંબ મસ્કતમાં આયર્નમેન રેસને કારણે થયો હતો જેને અનેક રસ્તાઓ બંધ કર્યા હતાં. એક્સ પર યુએસએ ક્રિકેટે કહ્યું કે ભારે ટ્રાફિકને કારણે મેચ વિલંબિત થયો છે.




જો કે, યુ.એસ. સ્થિત પત્રકારોએ જાહેર કર્યું કે રેસને કારણે ભારે ટ્રાફિકને કારણે મેચ વિલંબિત થયો છે. તેમણે એ પણ જાહેર કર્યું કે ઘણાં માર્ગો, જ્યાંથી બંને ટીમો સ્ટેડિયમ પહોંચવાની હતી, તે બંધ હોવાથી આ વિલંબ થયો છે.

એક વ્યક્તિએ એક્સ પર યુએસએની પોસ્ટ પર કમેન્ટ કરી અને કહ્યું કે દેખીતી રીતે, બંને ટીમો ગ્રાઉન્ડ પર પહોંચી શકી નહીં કારણ કે મસ્કતમાં મેરેથોન આયર્નમેન રોડ રેસના કારણે યુએસએ અને નમિબીઆ ટીમ બસો દ્વારા લેવામાં આવતા માર્ગો સહિતનાં માર્ગો બંધ છે.

વિલંબ પછી, નમિબીઆએ ટોસ જીત્યો અને યુએસએને મસ્કતમાં પ્રથમ બેટિંગ કરવાનું કહ્યું હતું. યુએસએએ 50 ઓવરમાં 293/8 કર્યા જેનાં જવાબમાં, નમિબીઆને 179 રન જ બનાવી શક્યું જેથી યુએસએ 114 રનથી મેચ જીત્યું હતું.

# પાકિસ્તાને ફરી વર્લ્ડ ક્રિકેટમાં નાક કપાવ્યુ, રચિન રવિન્દ્ર લોહીલુહાણ

થોડા દિવસ પહેલા જ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે ગદ્દાફી સ્ટેડિયમની તસવીરો અને વીડિયો શેર કરીને પોતાના પર ગર્વ અનુભવ્યો હતો. બોર્ડે કહ્યું કે ગદ્દાફી સ્ટેડિયમ ચેમ્પિયન્સ ટ્રોફીની યજમાની માટે સંપૂર્ણપણે તૈયાર છે. જોકે, ટૂર્નામેન્ટ પહેલા જ મેદાન ખુલ્લું પડી ગયું છે. પાકિસ્તાન અને ન્યુઝીલેન્ડ વચ્ચે રમાયેલી ત્રિકોણીય શ્રેણીની પ્રથમ મેચમાં આવો અકસ્માત થયો હતો, જેના કારણે પીસીબીની ચારે બાજુથી ભારે ટીકા થઈ રહી છે.



રચિન રવિન્દ્ર મેદાન પર ફિલ્ડિંગ કરતી વખતે ખરાબ રીતે ઘાયલ થયો હતો. ફ્લડ લાઇટના પ્રકાશમાં બોલને ઝડપથી પોતાની તરફ આવતો જોયો નહીં અને બોલ સીધો તેના કપાળ પર આવી ગયો. તે નસીબદાર હતું કે બોલ રચિનની આંખ કે ચહેરા પર વાગ્યો ન હતો. જોકે, બોલ વાગતાં કિવી ખેલાડી લોહીથી લથબથ થઈ ગયો હતો. રચિન સાથે બનેલી આ દુ:ખદ ઘટના માટે પ્રશંસકો પાકિસ્તાન ક્રિકેટ બોર્ડને જવાબદાર ઠેરવી રહ્યા છે.

રચિન રવિન્દ્રની ઈજા બાદ ચાહકોએ PCBને આડે હાથ લીધું છે. સોશિયલ મીડિયા પર પ્રશંસકો ચેમ્પિયન્સ ટ્રોફી માટે પાકિસ્તાનની તૈયારીઓને લઈને વિવિધ પ્રશ્નો ઉઠાવી રહ્યા છે. પ્રશંસકો રચિનની ઈજા માટે ખામીયુક્ત ફ્લડલાઈટને જવાબદાર માની રહ્યા છે.

પ્રશંસકોનું કહેવું છે કે મેદાન પર લગાવવામાં આવેલી એલઈડી ફ્લડ લાઈટ્સને કારણે રચિનને બોલ આવતો દેખાતો નહોતો. એક પ્રશંસકે લખ્યું કે તે સારું છે કે ટીમ ઈન્ડિયા ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભાગ લેવા પાકિસ્તાન નથી જઈ રહી. કેટલાક પ્રશંસકોનું કહેવું છે કે ICCએ આગળ આવવું જોઈએ અને પાકિસ્તાનના મેદાનમાં લગાવવામાં આવેલી લાઈટો અને તૈયારીઓનો યોગ્ય જાણકારી મેળવવી જોઇએ.

# બટલરનું ખરાબ નસીબ, ભારત સામે શ્રેણી હારી ગયું; ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી સ્ટાર ખેલાડી ગુમાવ્યો

હેમસ્ટ્રિંગ ઈજાને કારણે ઈંગ્લેન્ડ સામેની બીજી વનડે મેચ ગુમાવ્યા બાદ જેકબ બેથેલ વિશે એક અપડેટ સામે આવ્યું છે. યુવા ઓલરાઉન્ડર જેકબ બેથેલ ફિટ નથી અને હવે ઈજાને કારણે ચેમ્પિયન્સ ટ્રોફી 2025માંથી બહાર થઈ ગયો છે.

આનાથી ઈંગ્લેન્ડ ક્રિકેટ ટીમને મોટો ફટકો પડ્યો છે. કટકમાં રમાયેલી બીજી વનડે બાદ ઈંગ્લેન્ડ ટીમના કેપ્ટન જોસ બટલરે આ વાતની પુષ્ટિ કરી. ટીમ ઈન્ડિયાએ કટકમાં ઈંગ્લેન્ડને ચાર વિકેટથી હરાવીને શ્રેણી જીતી લીધી છે.

હકીકતમાં, ઈંગ્લેન્ડ ટીમના કેપ્ટન જોસ બટલર (જોસ બટલર ચેમ્પિયન્સ ટ્રોફી 2025) એ કટક મેચ પછી કહ્યું હતું કે પ્રામાણિકપણે કહું તો મને ખાતરી છે કે તે ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી બહાર થઈ ગયો છે. તે તેમના માટે ખરેખર નિરાશાજનક છે. તે છેલ્લી મેચમાં સારો રમ્યો હતો અને તે શ્રેષ્ઠ ખેલાડીઓમાંનો એક હતો. તો, દુ:ખદ વાત એ છે કે તે ઈજાને કારણે બહાર રહેશે.



તમને જણાવી દઈએ કે 21 વર્ષીય જેકબ બેથેલે નાગપુરમાં ભારત સામેની પહેલી વનડેમાં અડધી સદી ફટકારી હતી અને એક વિકેટ પણ લીધી હતી. ટોમ બેન્ટનને બેથેલના કવર તરીકે અમદાવાદ વનડે માટે ઈંગ્લેન્ડની ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. હવે ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ત્રીજી અને છેલ્લી વનડે મેચ 12 ફેબ્રુઆરીએ અમદાવાદમાં રમાશે.

ચેમ્પિયન્સ ટ્રોફી 2025 19 ફેબ્રુઆરીથી શરૂ થવાની છે. આ ટુર્નામેન્ટ પહેલા જેકબની ઈજા ઈંગ્લેન્ડ ટીમના કેપ્ટન જોસ બટલર માટે ખૂબ જ ચિંતાનો વિષય બની ગઈ છે. તમને જણાવી દઈએ કે આ ટુર્નામેન્ટ માટે ટીમમાં ફેરફાર કરવાની છેલ્લી તારીખ 12 ફેબ્રુઆરી છે. આ પછી, જો કોઈ ખેલાડી ટુર્નામેન્ટ દરમિયાન બહાર થઈ જાય છે, તો તેના રિપ્લેસમેન્ટ માટે ICC ટેકનિકલ ટીમની મંજૂરી લેવી પડશે.




અમરોલી, .સ્વસ્તિક રો હાઉસ જૂના કોસાડ રોડ, કોસાડ ખાતે માં ભગવતી અને શક્તેશ્વર મહાદેવ મંદિરની ૧૫ સાલગીરી નિમિત્તે ડાયરો અને ભંડારાનું સુંદર આયોજન કરવામા આવે આવ્યું છે.

# માર મારવાના કેસમાં ભૂતપૂર્વ ડીજીપી કુલદીપ શર્માને ત્રણ માસ કેદની સજા

## ૪૧ વર્ષ જુના કેસમાં શર્માને દોષિત ઠરાવતી ભૂજ સેશન્સ કોર્ટ

અમદાવાદ, તા.૮

કોંગ્રેસના નેતા અબ્દુલ હાજી ઈબ્રાહિમ ઉર્ફ ઈભલા શેઠને માર મારવાના કેસમાં કોર્ટે ૪૧ વર્ષ પછી પૂર્વ ડીજીપી કુલદીપ શર્માને દોષિત જાહેર કર્યાછે. આ કેસમાં ભુજ સેશન્સ કોર્ટે કુલદીપ શર્મા અને અન્ય તેમના એક સાથી અધિકારીને પણ ત્રણ મહિનાની જેલની સજા ફટકારી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર છઠ્ઠી મે, ૧૯૮૪ના રોજ નલિયાના એક કેસમાં કોંગ્રેસના નેતા અબ્દુલ્લા હાજી ઈબ્રાહિમ તત્કાલીન આઈપીએસ અધિકારી કુલદીપ શર્માને મળવા ગયા હતા. આ દરમિયાન તેઓ વચ્ચે ઉગ્ર બોલાચાલી થતા કુલદીપ શર્મા ગુસ્સે થઈ ગયા હતા અને તેમણે હાજી ઈબ્રાહિમને અપમાનિત કરીને માર માર્યો હતો. આ ઘટનામાં કુલદીપ શર્માના સાથી અધિકારી



ગિરીશ વસાવડા સહિત અન્ય લોકો પણ સામેલ હતા. સરકારી કચેરીમાં રજૂઆત કરવા ગયેલા લોકોને અપમાનિત કરીને માર મારવાના કૃત્યને કોર્ટે ગંભીર અને અયોગ્ય ગણાવ્યું હતું. આ કેસના ફરિયાદી ઈકબાલ મધરાએ આ ચુકાદાને આવકાર્યો હતો, જે અબ્દુલ હાજી ઈબ્રાહિમના પુત્ર છે.

આ કેસની વિગત એવી છે કે, અબડાસાના રહેવાસી અબ્દુલ હાજી ઈબ્રાહિમ નલિયામાં નોંધાયેલા એક અંગે એસપી કચેરીમાં મળવા ગયા હતા. આ દરમિયાન તેમની સાથે પૂર્વ ધારાસભ્ય ખરાશંકર જોષી, માંડવીના ધારાસભ્ય જયકુમાર સંઘવી સહિતના આગેવાનો પણ હતા. એ વખતે તત્કાલીન સુપરિન્ટેન્ડન્ટ ઓફ પોલીસ કુલદીપ શર્માએ એ તમામનું અપમાન કર્યું હતું. બાદમાં કચેરીના અન્ય પોલીસ અધિકારીઓને બોલાવીને ઝોર માર મરાયો હતો. આ મારામારીમાં અબ્દુલ હાજી ઈબ્રાહિમને ઈજા પહોંચી હતી. આ ઘટના પછી તેમની સાથે આવેલા શંકર ગોવિંદજી જોષી નામના અગ્રણીએ ભુજની ચીફ જ્યુડિશિયલ કોર્ટમાં એસ.પી. કુલદીપ શર્મા સહિત ચાર લોકો સામે ફરિયાદ નોંધાવી હતી.




"પ્રવાસનું આપણાં જીવન ઘડતર"નું મહત્વ સમજાવવાનાહેતુથીપંખુરી કીડ્સ સ્કુલ દ્વારા "ફિલ્ડ ટ્રીપ ટુ ડુમસ"નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ભૂલકાઓએદરિયા ગણેશનુંપૂજન કર્યું હતું. ત્યારબાદ બાળકોએ નગરવનની મુલાકાત લઈ અનેકવિધ પ્રવૃતિઓ અને રમતો દ્વારા આ ફિલ્ડ ટ્રીપ ને હર્ષોલ્લાસ પૂર્વક માણી હતી.



# વાપી ખાતે અનાવિલ સમાજ દ્વારા યજ્ઞોપવિત કાર્યક્રમનું આયોજન

વલસાડ, તા.૧૦

વલસાડ જિલ્લા ના પારડી તાલુકા ના અનાવિલ સમાજ દ્વારા છેલ્લાં ત્રણ વર્ષ થી યજ્ઞોપવિત ના અનાવિલ યુવા સંગઠન દ્વારા કાર્યક્રમ નુ આયોજન સફળતા પુર્વક કરવામાં આવે છે. આ આયોજન માં એક સાથે ૩૬ બટૂકો એ જનોઈ ધારણ કરી. છેલ્લાં ત્રણ વર્ષ મા સો (૧૦૦) થી વધુ બટુકો એ જનોઈ ધારણ કરી છે.જેમાં ગૂજરાત રાજ્ય ના નાણાં અને ઊર્જા મંત્રી શ્રી કનુ ભાઈ દેસાઈ એ બટુકો ને આશીર્વાદ આપ્યા.ખૂબ મોટી સંખ્યા મા સમાજ ના અગ્રણીઓ હાજર રહી . સમાજ ના લોકો નો ઉત્સાહ વધાર્યો હતો.સમાજ માં યજ્ઞોપવિત દ્વારા જનોઈ ધારણ કરવા સાત વર્ષ ના બાળક હોય ત્યાર થી એટલા માટે આપવામા આવે છે? કારણ તે એકદમ નાદાન અને નિખાલસ હોય? એટલે હિંદુ સમાજ ની સભ્યતા અને અનાવિલ સમાજ ની પ્રથા સભ્યતા અને સંસ્કૃતિ નો એમને ખ્યાલ આપવામાં આવે. જનોઈ ધારણ કરવામાં માટે ભૂદેવો દ્વારા વિધિવત્ મંત્રોચ્ચાર કરી. વિધિવિધાન થી આપવામાં આવે છે. બાળક અવસ્થા જનોઈ ધારણ કરવા માંટે પરિવાર જનો દ્વારા મોટા ખર્ચા કરી આવા રીત રિવાજ કરતા હોય છે. અનાવિલ સમાજ દ્વારા કરવામાં આવતાં આવા મોટા ખર્ચા કરવા ની પ્રથા ને દુર કરવા માટે સમુહ યજ્ઞોપવિત આપવાનું આયોજન કરવામાં આવ્યુ.આ પ્રકાર ના ખર્ચા થી દુર રેહવા આ પ્રકાર ઉમદા કાર્યક્રમ નું આયોજન સમાજ માટે એક મોટી પહેલ કહી શકાય?યજ્ઞોપવિત માં જનોઈ ધારણ કર્યાબાદ માણસ વિવાહિત જીવન માં પ્રવેશ કરી શકે? એવી પણ પરંપરા હોય છે. ખાસ બાળક અવસ્થા માં સંસ્કાર નુ સિંચન કરવું સહેલુ બનતુ હોઈ? જેનાં કારણે જનોઈ ધારણ કરાવવામાં આવે છે. હિંદુ અનાવિલ બ્રાહ્મણ સમાજ એક પ્રતિષ્ઠિત વ્યકિત્વ ધરાવતો સમાજ છે.

અનાવિલ સમાજ ના ૪૦૦૦થી વધૂ લોકો એ આ પ્રસંગ મા આવી, સમાજ માટે એકતા સંગઠન નુ ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું છે. સમાજ ની એકતા બની રહે એ માટે ? ભેગા મળી કાર્યક્રમ ને સફળ બનાવવા સહયોગ કર્યો.

### બાળકોને ગમતી....
પહેલા પાનાનું ચાલુ

આપી હતી. પીએમ મોદીએ કહ્યું કે રિસ્પેક્ટ તમે માંગી નથી શકતા તમારે તેના માટે તેવુ બનાવવુ પડે છે. તમારા વ્યવહાર પરથી તમને આદર મળે છે.

PM મોદીએ માનસિક તણાવ દૂર કરવા માટે પણ બાળકોને સમજ આપી કે શું કરવુ જોઈએ. એક બાળકે ડાન્સમાં રસ હોવાનું જણાવ્યું અને કહ્યું કે ડાન્સ કરવાથી ફ્રેશ ફિલ થાય છે. ત્યારે પીએમ મોદીએ જણાવ્યું કે માતા પિતા એ ધ્યાન રાખે કે બાળકોને ગમતી પ્રવૃત્તિ કરવા દેવી જોઈએ. બાળકને તેનાથી સારુ ફિલ થાય છે. પીએમ મોદીએ કહ્યું જેટલુ ઈચ્છો તેટલુ જ્ઞાન મેળવો. પુસ્તકો વાંચો. પરંતુ સાથે ગમતી પ્રવૃત્તિ પણ કરવી.

પીએમ મોદીએ પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરતી વખતે તેમણે પોતાના દિવસોને પણ યાદ કર્યા હતા. તેમણે કહ્યું કે મારા અક્ષરો સારા ન હતા. અક્ષર સુધારવા શિક્ષકોએ ઘણી મહેનત કરી હતી. આ દરમિયાન તેમણે મજાકિયા અંદાજમાં કહ્યું કે મારા અક્ષર તો સારા ન થયા પણ તે શિક્ષકોના અક્ષર જરૂરથી સુધરી ગયા.

પીએમ મોદીએ વિદ્યાર્થીઓને લખવા પર ભાર મૂકવાની વાત કરી. તેમણે કહ્યું કે વ્યક્તિએ હંમેશા લખવાની આદત રાખવી જોઈએ, પછી ભલે તેની ઉંમર ગમે તે હોય. સાથે જ કહ્યું કે પુસ્તકિયા કીડા ન બનવું જોઈએ પરંતુ જ્ઞાન પ્રાપ્ત કરવામાં પણ શરમાવું જોઈએ નહીં. તેમણે કહ્યું કે વ્યક્તિએ હંમેશા કંઈક ને કંઈક શીખતા રહેવું જોઈએ. સાથે જ કહ્યું કે અભ્યાસની સાથે આરામ કરવાની પણ જરૂર છે. તમારા માતા-પિતાને સમજાવો કે આપણે રોબોટની જેમ જીવવાની જરૂર નથી, આપણે માણસો છીએ.

પીએમએ સમાજમાં ચાલી રહેલા હાઉ અને ડરને દૂર કરવાનો પ્રયાસ કર્યો. તેમણે કહ્યું કે સમાજમાં એવી માન્યતા ઘર કરી ગઈ છે કે જો ધો 10 અને 12મા ચોક્કસ ગુણ નહીં મળે તો આપણું જીવન બરબાદ થઈ જશે. આખુ ઘર ટેન્શનમાં આવી જાય છે, પરંતુ આવી સ્થિતિમાં તમારે ટેન્શન-તણાવને મનમાં ન લો. તમારે નક્કી કરવાનું છે કે તમારે કેટલું ભણવાનું છે. તમે બધુ જ પ્લાનિંગ અને ટાઈમટેબલ બનાવીને કરશો તો તણાવમાંથી મુક્ત થઈ શકશો.

### સ્ટીલ અને એલ્યુમીનીયમ....
પહેલા પાનાનું ચાલુ

જે દેશ 100થી 130% ટેરીફ લાદે છે તે અમારા દેશમાં સસ્તો માલ ઘુસાડી શકશે નહી.

આમ હવે અમેરિકાની આ નીતિ દુનિયાભરના વ્યાપારને અસર કરશે. શ્રી મોદી આજે જ ફ્રાન્સ જઈ રહ્યા છે અને રસપ્રદ રીતે ફ્રાન્સમાં જે હાઈ-પ્રોફાઈલ-આર્ટિફીશ્યલ ઈન્ટેલીજન્સની સમીટ છે તેમાં પણ મોદી હાજર રહેનાર છે.

આ બેઠકમાં કેનેડાના વડાપ્રધાન શ્રી જસ્ટીન ટ્રુડો પણ ઉપસ્થિત રહેનાર છે. જો કે ટ્રુડો હવે થોડા જ દિવસોમાં કેનેડાનું વડાપ્રધાન પદ છોડનાર છે છતા પણ મોદી સાથે તેમની આંખ ટકરાશે તે જોવુ રસપ્રદ બની રહેશે.

### રાષ્ટ્રપતિ દ્રૌપદી....
પહેલા પાનાનું ચાલુ

**ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ પણ પોતાના પરિવાર સાથે સંગમમાં ડૂબકી લગાવી હતી. હાલ પ્રયાગરાજમાં ભારે ભીડ છે. જેને ધ્યાનમાં રાખીને, અરૈલ ઘાટથી સંગમ સુધીની બોટ સેવા બંધ કરી દેવામાં આવી છે. આ ઉપરાંત, સંગમ સ્ટેશન 14મી ફેબ્રુઆરી સુધી બંધ રાખવામાં આવ્યું છે. પ્રયાગરાજ જંકશન પર ભીડનું સંચાલન કરવા માટે ઈમરજન્સી ભીડ વ્યવસ્થાપન યોજના લાગુ કરવામાં આવી છે.**

### અમદાવાદ એરપોર્ટને....
પહેલા પાનાનું ચાલુ

એરપોર્ટમાં સીઆઈએસએફ દ્વારા ચેકિંગ કરવામાં આવી રહ્યું છે.

ઝોન 4 ડીસીપી કાનન દેસાઈએ જણાવ્યું હતું કે બોમ્બની ધમકી મળતાં પોલીસની ટીમ સ્થળ પર પહોંચી છે.ધમકી આપનાર વ્યકિત અંગે તપાસ કરવામાં આવી રહી છે.હાલ એરપોર્ટ પોલીસ પણ એરપોર્ટ પર હાજર છે.

ત્રણ મહિના પહેલા પણ ઈન્ડિગોની ફ્લાઈટને ઉડાવી દેવાની ધમકી મળી હતી. વડોદરા એરપોર્ટ સહિત વિવિધ 40 એરપોર્ટ પર ફ્લાઈટમાં બોમ્બ મૂકાયો હોવાની ધમકી મળી હતી. જે તે સમયે વડોદરા પોલીસ સહિતની એજન્સીઓએ તપાસ કરતા કંઈ મળ્યું ન હતું.

### આજથી વડાપ્રધાન....
પહેલા પાનાનું ચાલુ

પ્રશ્ન છે.

તો ડોનાલ્ડ ટ્રમ્પ હવે 'કવાડ' લશ્કરી સમજુતી જે ચીન અને ખાસ કરીને દક્ષિણ ચીન મહાસાગરમાં ચાઈનીઝ અંકુશ સામે છે તે મુદ્દે ભારત-અમેરિકા-ઓસ્ટ્રેલિયા,જાપાનની સંયુક્ત લશ્કરી તાકાત માટે બાઈડન તંત્રએ જે વ્યુહ ઘડયા હતા તેને આગળ વધારશે તેના પર નજર છે.

ફ્રાન્સની મુલાકાતમાં ભારતીય નૌકાદળ માટે સી-રાફેલ લડાયક વિમાન ખરીદીનો સોદો થશે અને અમેરિકા સાથે પણ સી-હોક હેલીકોપ્ટર, ડ્રોન સહિતના લશ્કરી સોદા કરીને ભારત ટ્રમ્પના ટેરીફથી બચવા માટે કવાયત કરશે.

### યુપીમાં જુદા જુદા....
પહેલા પાનાનું ચાલુ

અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં કાસગંજના અમન અને મૈનપુરીના રાહુલનું મોત થયું હતું. આ અકસ્માતમાં અનમોલ ગુપ્તા, કાવ્યા ગુપ્તા અને ચિરાગ ગુપ્તા સહિત અન્ય 3 લોકો ઘાયલ થયા હતા. ચિરાગ ગુપ્તા નોઈડામાં પરફ્યુમની ફેક્ટરી ચલાવે છે.

### મહાકુંભમાં ફરી....
પહેલા પાનાનું ચાલુ

અટકાવી દેવામાં આવ્યા હતા. પરિણામે વિશ્વનો સૌથી મોટો ટ્રાફિક જામ સર્જાયો હતો. હાઈવે સહિતના માર્ગો પર 200થી300 કીમી સુધી વાહનોના થપ્પા લાગ્યા હતા.

મધ્યપ્રદેશના જુદા-જુદા જીલ્લાઓમાં વાહનોને રોકી દેવાયા હતા. સોમવાર સુધી વાહનોને આગળ નહીં જવા દેવાય તેવી જાહેરાત કરીને પોલીસે સુરક્ષિત સ્થાનો એ શરણ લેવા માર્ગદર્શિકા જાહેર કરી હતી. કતની, જબલપુર, મૈહાર તથા રેવા જીલ્લામાં હજારોની સંખ્યામાં કાર, ટ્રક, બસ સહિતના વાહનો ખડકાઈ ગયા હતા.

મધ્યપ્રદેશના કતનીથી ઉતરપ્રદેશ બોર્ડર સુધીના 250 કીમીના માર્ગ પર વાહનના ખડકલા હતા. વહીવટીતંત્રના સૂત્રોએ કહ્યું કે વાહનો તથા શ્રદ્ધાળુઓની સંખ્યામાં સતત વધારે જ થઈ રહ્યો હતો.

મહાજામની સ્થિતિ નિવારવા માટે ટ્રાફિક ઉપરાંત અર્ધસૈનિક દળોને પણ તૈનાત કરાયા હતા. કલાકોથી અટવાયેલા લોકોને ભોજન સહિતની વ્યવસ્થા માટે ભારે પરેશાનીનો સામનો કરવો પડયો છે.

મહા મહિનાની બારસે ચંદ્રમાં મિથુત રાશીમાં હોવાના શુભ સંયોગને કારણે રવિવારે સંગમ સ્નાન માટે લાખો-કરોડોની સંખ્યામાં શ્રધ્ધાળુઓ ઉમટયા હતા. રવિવારે 1.57 કરોડ શ્રધ્ધાળુઓએ મહાકુંભમાં ડુબકી લગાવી હતી.

13 જાન્યુઆરીથી શરૂ થયેલા મહાકૂંભમાં અત્યાર સુધીમાં 43.57 કરોડ લોકોએ પવિત્ર સ્નાન કરી લીધુ હતું. મહાકુંભનાં પ્રારંભ પૂર્વે 40 કરોડ શ્રધ્ધાળુઓ આવવાનો અંદાજ મુકાતો હતો.આ સંખ્યા વધી ગઈ છે. હજુ 26 ફેબ્રુઆરી સુધી મહાકુંભ ચાલવાનો છે ત્યારે કુલ સંખ્યા 55 કરોડ પહોંચવાનું નવુ અનુમાન મુકાયુ છે.

આગામી 12મી ફેબ્રુઆરીએ માઘ પુનમ છે અને માઘ પૂર્ણિમાના સ્નાનનુ ઘણુ મહત્વ છે. એક માસથી કલ્પવાસ કરતા 10 લાખ શ્રદ્ધાળુઓ આ દિવસે સ્નાન કરીને વિદાય લેશે. સ્નાનપર્વ હોવાને કારણે બહારથી પણ લાખો શ્રદ્ધાળુ ઉમટશે એટલે આ દિવસ પણ તંત્ર માટે પડકારજનક બની શકે છે.

ટ્રાફિકજામમાં ફસાયેલા લોકોએ સોશ્યલ મીડીયામાં આપવીતી વર્ણવવાનું શરૂ કર્યુ છે. એક યુઝરે 48 કલાકની ટ્રાફિકજામમાં ફસાયાનો સંદેશો મુકયો છે. જબલપુરથી 15 કીમી અગાઉ જ વાહનોના થપ્પા છે ત્યાંથી પ્રયાગરાજનું અંતર 400 કી.મી. છે. એક યુઝરે એવી પોસ્ટ કરી છે કે પાંચ કી.મી.નું અંતર કાપતા પાંચ કલાક લાગે છે.

પ્રયાગરાજમાં પવિત્ર મહાકુંભને એક મહિનો થવા આવ્યો છે.માનવપ્રવાહ ધીમો પડતો નથી. સંગમમાં ડુબકી લગાવવા માટે દેશ વિદેશમાંથી લાખો લોકોનું ઘોડાપુર ઉમટી રહ્યું છે.ફરી એક વખત પ્રયાગરાજ તરફના માર્ગોમાં મહાજામ સર્જાયો હતો.

વારાણસી, મૈનપુર, મિર્ઝાપુર, કૌશામ્બી, પ્રતાપગઢ, હીવા તથા કાનપુરનાં માર્ગોથી પ્રયાગરાજ જઈ શકાય છે. આ તમામ બાજુનાં રસ્તા હકડેઠઠ બન્યા હતા અને મહાકુંભ પહોંચવા શ્રધ્ધાળુઓને 20-25 કીમી પગપાળા પહોંચવુ પડે તેવી સ્થિતિ સર્જાઈ હતી.

### અમેરિકામાં ભારતીય....
પહેલા પાનાનું ચાલુ

આવેલી સજા મુજબ, ભારતીય શખસને પેરોલ માટે વિચારણા કરતા પહેલા ઓછામાં ઓછી સજા ભોગવવી પડશે, જે અન્ય બાબતોની સાથે જેલમાં તેમના વર્તન પર આધારિત હશે. જો તે પેરોલ માટે લાયક ન હોય, તો તેની મુદત 25 વર્ષ સુધી વધારી શકાય છે. 36 વર્ષીય સિંહ એક કંસ્ટ્રક્શન કંપનીમાં પ્રોજેક્ટ મેનેજર તરીકે કામ કરતો હતો.

નાસાઉ જિલ્લા ફરિયાદી એન ડોનેલીએ જણાવ્યું હતું કે મે 2023માં એક રાત્રે, સિંહે 65 કિલોમીટર પ્રતિ કલાક ગતિ મર્યાદા ક્ષેત્રમાં 150 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પોતાનો ડોજ રામ ટ્રક ખોટી દિશામાં ચલાવ્યો હતો. તેણે ચાર કિશોરો જેમા મુસાફરી કરી રહ્યા હતા.

એ આલ્ફા રોમિયો કારને ટક્કર મારી હતી, જેમાંથી બે આ અકસ્માતમાં બચી ગયા અને બેના મોત નીપજ્યા હતા. તેણે કહ્યું કે તે કચરાના ડમ્પસ્ટર પાસે છુપાયેલો પકડાયો હતો. મેડિકલ ટેસ્ટમાં તેના લોહીમાં આલ્કોહોલનું સ્તર 0.15 ટકા હતું, જે 0.8 ટકાની મર્યાદા કરતાં લગભગ બમણું હતું, અને તેનામાં કોકેઈનના અંશ હતા.

### શેરબજારની શરૂઆત....
પહેલા પાનાનું ચાલુ

શેરબજાર પર તેની છાપ છોડવામાં આ નિર્ણય નિષ્ફળ રહ્યા છે. તેના બાદ પણ બજારમાં મોટા ઉતાર-ચઢાવ જોવા મળ્યા છે. મિશ્ર વૈશ્વિક સંકેતો વચ્ચે સપ્તાહના પહેલા દિવસે સેન્સેક્સ અને નિફ્ટી મોટા ઘટાડા સાથે ખુલ્યા. BSE સેન્સેક્સ 450 થી વધુ પોઈન્ટના કડાકા બાદ હાલમાં ઘટાડો થયો અને 77,417.36 પર ટ્રેડ થતો જોવા મળ્યો. તે જ સમયે, NSE નિફ્ટી ખુલતાની સાથે જ 150 પોઈન્ટ ઘટીને 23,417 પર પહોંચી ગયો હતો.

સોમવારે શેરબજાર માટે મિશ્ર સંકેતો હતા. એશિયન બજારોમાં, જાપાન, દક્ષિણ કોરિયા અને તાઈવાનના બજારો રેડ ઝોનમાં ટ્રેડ થઈ રહ્યા હતા, જ્યારે હેંગ સેંગ અને ગિફ્ટ નિફ્ટી ગ્રીન ઝોનમાં હતા. પરંતુ ટ્રમ્પ દ્વારા ટેરિફની જાહેરાતની અસર વિશ્વભરના શેરબજારો પર સ્પષ્ટપણે દેખાઈ. ઉલ્લેખનીય છે કે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકામાં થતી તમામ સ્ટીલ અને એલ્યુમિનિયમ આયાત પર 25% ડ્યુટી લાદવાની જાહેરાત કરી છે. તેમણે ગયા અઠવાડિયે કહ્યું હતું કે આ તેમની વેપાર નીતિમાં બીજું એક મોટું પગલું હશે. ટ્રમ્પે કહ્યું હતું કે હું મંગળવાર અથવા બુધવારે ટેરિફની જાહેરાત કરીશ, જે તાત્કાલિક અમલમાં આવશે.

### દોહિત્ર દ્વારા....
પહેલા પાનાનું ચાલુ

કર્યો, આ દરમિયાન તેજાએ તેમને પણ ચાકૂ માર્યું હતું અને તેઓ ઈજાગ્રસ્ત થયા હતા. હાલમાં તેમની સારવાર ચાલી રહી છે.

પ્રાથમિક તપાસ બાદ અધિકારીઓએ જણાવ્યું કે વિવાદ દરમિયાન તેજાએ છરી કાઢી અને તેના નાના પર હુમલો કર્યો. તેજાનો આરોપ છે કે બાળપણથી જ મારા નાનાનું મારા પ્રત્યેનું વર્તન સારું નહોતું અને તેઓ પ્રોપર્ટીમાં ભાગ આપવાનો ઈન્કાર કરી રહ્યા હતા.

તેજા તાજેતરમાં જ પોસ્ટ ગ્રેજ્યુએશનનો અભ્યાસ પૂરો કરીને યુએસથી હૈદરાબાદ પાછો ફર્યો હતો. અધિકારીઓએ જણાવ્યું કે ફરિયાદના આધારે આરોપી વિરુદ્ધ હત્યાનો કેસ નોંધવામાં આવ્યો અને તેની ધરપકડ કરવામાં આવી.

જનાર્દન રાવ એક પ્રસિદ્ધ ઉદ્યોગપતિ હતા, તેમણે શિપબિલ્ડીંગ, ઉર્જા અને ઔદ્યોગિક એપ્લિકેશનો સહિત અનેક ક્ષેત્રોમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

### હમાસને રોકવા....
પહેલા પાનાનું ચાલુ

તેની ખાતરી કરીશું.

ટ્રમ્પ નેશનલ ફુટબોલ લીગ સુપર બોલ ચેમ્પિયનશીપમાં હાજરી આપતાં ન્યૂ ઓર્લિન્સ ખાતે આ અંગે જણાવ્યું હતું. ગાઝાના આ પ્લાન મુદ્દે ટ્રમ્પ અડગ વલણ ધરાવે છે. ગાઝા પટ્ટીમાં હમાસ અને ઈઝરાયલના યુદ્ધ બાદ આ સ્થળ લગભગ ખંડેર બન્યું છે. આથી, તેનુ પુનઃનિર્માણ આવશ્યક બન્યું છે.

ટ્રમ્પે અમુક પેલેસ્ટાઈનના લોકોને અમેરિકામાં પ્રવેશની સંભાવનાઓ પર જણાવ્યું હતું કે, અમે આ મુદ્દે વિચાર કરીશું. અમુક પેલેસ્ટાઈનના શરણાર્થીઓને અમેરિકામાં એન્ટ્રી આપી શકીએ છીએ.

હમાસના પોલિટિકલ બ્યૂરોના સભ્ય ઈજ્જત અલ-રશ્કે ટ્રમ્પની ગાઝા ખરીદવાની યોજનાનો વિરોધ કરતાં કહ્યું કે, ગાઝા ખરીદવા કે વેચવાની પ્રોપર્ટી નથી. તે પેલેસ્ટાઈનના લોકોનો અભિન્ન હિસ્સો છે. પેલેસ્ટાઈનવાસીઓ ટ્રમ્પની આ યોજનાને સંપૂર્ણપણે નિષ્ફળ બનાવશે.

### ગુજરાતની મહિલા ટીટી
પેજ-૨ પાનાનું ચાલુ

નું પ્રતિનિધિત્વ કરતા ઐતિહાસિક બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. ઉપરાંત હાલ મા જ સુરત ખાતે પૂરી થયેલી ૮૬મી સિનિયર નેશનલ અને ઈન્ટર સ્ટેટ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપ ૨૦૨૪માં પણ ગુજરાતની મહિલા ટીમએ બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. ગુજરાત સ્ટેટ ટેબલ ટેનિસ એસોસિએશનના બધા પદાધિકારીઓએ ગુજરાતની મહિલા ટીમને અભિનંદન સાથે શુભેચ્છા પાઠવી હતી. વિમેન્સ ટીમ : ફીલઝાહ ફાતેમા કાદરી (સુરત), ફ્રેનાઝ ચીપિયા (સુરત), ઓઈશિકિ જોઅરદાર (અમદાવાદ), રિયા જયસ્વાલ (ભાવનગર), નામના જયસ્વાલ (ભાવનગર), કોચ મહાવીર કુંપાવત (એસએજી), મેનેજર રુજુલ પટેલ (અરાવલ્લી).

### તા.૧૬મીએ બેતાલીસ કડવા
પેજ-૨ પાનાનું ચાલુ

રહ્યું છે અને સમૂહ લગ્નોત્સવ ના સમાજસેવા રૂપી યજ્ઞમાં અનેક દાતાઓ દ્વારા દાન પણ આપવામાં આવ્યું છે, કડવા પાટીદાર સમાજ ના કુળદેવી શ્રી ઉમિયા માતાજીનું ધામ ધરાવતા વીરપુર ગામની પાવન ધરા ઉપર સમાજના શ્રેષ્ઠિઓ દ્વારા માતૃશ્રી શાંતાબેન હીરાભાઈ પટેલ ૪૨ કડવા પાટીદાર સમાજ વાડી તરીકેના નામાધિકરણ સાથે ઓળખાતા આ સ્થળે પ્રતિ વર્ષ સમાજના યુવાનો, વડીલો, અને દાતાઓના સહયોગથી ભવ્ય અને સફળ આયોજન કરવામાં આવે છે,

આગામી ૧૬ મી ફેબ્રુઆરી ના રોજ વર્તમાન સમયની તાતી જરૂરિયાત રૂપી આ સમાજના સુધારણાના સેવા રૂપી યજ્ઞને આગળ ધપાવવા માટે અવિરત પણે ચાલ્યા આવતા સમૂહ લગ્નોત્સવ રૂપી ૩૬ માં સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે આ સમૂહ લગ્નોત્સવમાં ૧૦ જેટલા નવ યુગલો સપ્તપદી ના ફેરા સાંત ફરી ને પ્રભુતામાં પગલાં પાડશે અને માં ઉમિયા માતાજીના આશીર્વાદ સાથે જિંદગીની એક નવી સફર શરૂ કરશે. શ્રી ૪૨ ગોળ કડવા પાટીદાર સમાજ ના નેજા હેઠળ યોજાનાર ૩૬ મોં સમૂહ લગ્નોત્સવ દાવડના ઈશ્વરભાઈ પટેલ અને નટવરભાઈ પટેલ ના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવનાર છે ઉપરોક્ત પ્રસંગે ના સમારંભ ના મુખ્ય મહેમાન તરીકે સમાજના શ્રેષ્ઠિઓ ઉપસ્થિત રહેશે . આ પ્રસંગે મહેમાનો, ઉદાર દીલ દાતાઓનું પુષ્પગુચ્છ અને શાલ ઓઢાડી અદકેરૂ સન્માન કરવામાં આવશે. સાથે જ ઈનામ વિતરણ પણ કરવામાં આવશે. કાર્યકર્મને સફળ બનાવવા માટે સમાજના પ્રમુખ હિતેન્દ્ર પટેલ, સમાજના શ્રેષ્ઠિઓ ?? તેમજ કારોબારી સભ્યો, શિક્ષણ સમિતિ, યુવા કારોબારી, મહિલા કારોબારી તથા સમસ્ત સમાજના સહિયારા સહયોગથી તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે સાથે ભવિષ્યમાં આવા વધુને વધુ સમૂહ લગ્નો થાય અને સમાજનો દરેક પરિવાર આ લગ્નોત્સવમાં જોડાય તે પણ ખૂબ જ જરૂરી જણાઈ રહ્યું છે.

### અંધશ્રદ્ધા તથા કુરિવાજોને
પેજ-૨ પાનાનું ચાલુ

સુભાષભાઈ ઝાડે શિક્ષણ સમિતિના ઉપાધ્યક્ષ સ્વાતિબેન સોસા એડવોકેટ એન્ડ નોટરી બૌદ્ધ સમાજ મહીલા અગણી એડ, કીર્તનબેન સાળવે ભીમોતસવ સમિતી અધ્યક્ષ સતીશભાઈ ચૌહાણ બૌદ્ધ સમાજ અગ્રણીઓ આર,-કે,સોનવણેદાદા,લોકજનશક્તિ પાટી ના ઉપાધ્યક્ષ નાગમલ પ્રભાકર, ત્રિશરણ બુદ્ધ વિહાર અધ્યક્ષ દિલીપ આહીરે ગુરુજી ,બામસેફ અગ્રણીઓ, સુભાષભાઈ ઘુંરઘર, ની ઉપસ્થિતિમાં મુખ્ય મહેમાનપદે તેમજ આમંત્રિત મહેમાન પદે રિપબ્લિકન પાર્ટીના મહિલા અગ્રણીઓ વંદનાબેન સૈદાણે,મહામંત્રી સુનંદાબેન નગરાળે, સુરત શહેર અધ્યક્ષ સંધ્યાબેન ભગત, મંહામંત્રી સુષ્માબેન પવાર, આર,પી,આઈ ના અગ્રણીઓ,બૌદ્ધ સમાજ અગ્રણીઓ શેષરાવ ખરાત, છબીલદાસ જાદવ, અશોક સેદાણે,ધમ્મપાલ આહીરે,જગદીશ પવાર, ઉપસ્થિત રહ્યા હતા કાર્યક્રમ ની શરૂઆત લોડ બુદ્ધ વિહાર અધ્યક્ષ, ભારતીય બૌદ્ધ મહા સભા ના અગ્રણી ગોતમભાઈ ઈગળે એ ત્રિશરણ પંચશીલ ગ્રહણ કરાવી ત્યાગ મુતિ માતા રમાઈ ની પ્રતિમા ને પુષ્પાહાર અર્પણ કરી સ્વાગત ગીત કાર્યક્રમ શરુ થયો હતો,પંચશીલ મહીલા મંડળ,સમતા મહીલા મંડળ,રમાઈ મહીલા મંડળ,ભીમ સેના મહીલા મંડળ,સંઘમિત્રા મહીલા મંડળ તમામ મહીલાઓ મોટી સંખ્યા માં ઉપસ્થિત રહ્યા હતા કાર્યક્રમ ને સફલ બનાવવા આયોજન સમિતી ના સભ્યો, પ્રફુલ એસ,જગદેવ, ઉદ્ધવ પી,બાગલે,સુખદેવ વાનખેડે સુરેશ કાપડણે,મનોહર ઠીવરે,ગોતમ સુરવાડે,અંબાલાલ સોનવણે,સંતોષ ભગત, શિવાભાઈ ઠીવરે,દિનેશભાઈ ગોતમ ,સંઘપાલ ધુરંધર ,રીન્કુભાઈ જોષી,સુરેશ આખાડે,રવિન્દ્ર સોનવણે,મનોજ સીરસાઠ, વિનોદ જાવડે, ધમ્મપાલ આહીરે મીલીન ઈગળે રાધેશ્યામ ગોતમ, અરુણ બહારે રાજુભાઈ શિગારે,રાજુભાઈ ઈગળે,જયંતિભાઈ કંથારીયા અન્ય ભીમસેનિક જહેમત ઉઠાવી કાર્યક્રમ સફલ બનાવેલ મહારાષ્ટ્ર ની સુપ્રસિધ્ધ ગાયકા વૈશાલી ઈગળે એન્ડ પાર્ટી રમાઈ ભીમગીતો રમઝટ કરી હતી,અખબારી યાદી માં જણાવેલ છે

### હથિયાર બતાવનાર
છેલ્લા પાનાનું ચાલુ

કાફલામાં લેંજ રોવર કારની સનરૂફમાંથી બહાર આવીને રિવોલ્વર જેવું દેખાતું હથિયાર બતાવનાર વિદ્યાર્થીને શોધવા તપાસ કેન્દ્રિત કરી છે. આ વિદ્યાર્થીના કારણે ફાઉન્ટેન સ્કૂલ ઉપર પણ અનેક સવાલો ઉઠ્યા છે

### ચલથાણ પાસે બાઈક
છેલ્લા પાનાનું ચાલુ

પાછળના વિહીલમાં આવી ગયેલ અજીતને થાપા ના ભાગે ટ્રકનું પાછળનું ટાયર ફરી વળેલ ગંભીર ઈજા થતા ૧૦૮ એમ્બ્યુલન્સ મારફત સીમીમેર હોસ્પિટલ સુરત ખાતે લઈ જવાયા હતા જ્યાં સારવાર દરમિયાન ફરજ પરના ડોક્ટરે તેને મૃત જાહેર કર્યો હતો પોલીસે આ અંગે ધારા ધોરણ મુજબનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે

### આરટીઓ ઈન્સ્પેક્ટરોની
છેલ્લા પાનાનું ચાલુ

આરટીઓ ઈન્સ્પેક્ટરો અને આસી. ઈન્સ્પેક્ટરોએ પોતાના પડતર પ્રશ્નો બાબતે વિરોધ પ્રદર્શન કરવાની જાહેરાત કરી છે. આજે નો લોગિન ડેનો કાર્યક્રમ આપવામાં આવ્યો હતો. એટલે કે ઈ ચલણ,વાહન,સારથી ટેસ્ટ ટ્રેક વગેરે કોઈ પણ સિસ્ટમમાં લોગિન નહી કરી આ કામગીરીથી અધિકારીઓ અડગા રહ્યા હતા. આજે ચેકિંગના મેમો પણ બનાવી શક્યા ન હતા. મેનુઅલ ટેસ્ટ પણ થયા ન હતા. આવતીકાલે કાલે ટેક્નિકલ અધિકારીઓ એક દિવસની માસ સીએલ પર જઈને તમામ કામગીરીનો બહિષ્કાર ધરણા કરશે. તા.૧૫ ફેબ્રુઆરીથી ગુજરાત મોટર વાહન વિભાગના અધિકારીઓ પડ્તર પ્રશ્નોનુ નિરાકરણ ન આવે ત્યાં સુધી માસ સીએલ પર ઉતરશે.

### ડ્રગ્સ કેસમાં ખોટુ
છેલ્લા પાનાનું ચાલુ

મેળવી લેવાયું હતું. આ મામલે રાંદેર પોલીસે બોગસ ડોક્યુમેન્ટ બનાવી આપનાર આરીફ અંશારી તેમજ તેના એક મળતીયા વિરૂધ્ધ ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

આ અંગે અડાજણ પોલીસ સ્ટેશનના પીઆઈ પી.જે.સોલંકીએ જણાવ્યું હતું કે, રાંદેરમાંથી ગત ૨૬ જાન્યુઆરીના રોજ પકડાયેલા એમડી ડ્રગ્સના કેસમાં ગઈકાલે જે રાંદેરમાં ફરીયાદ નોંધાઈ છે બોગસ ડોક્યુમેન્ટ સંબંધિત તેનો આરોપી ૧૭ વર્ષિય સગીર છે. તેના જયારે કોર્ટમાં રિમાન્ડ મેળવવાના હતા ત્યારે રજુ કરેયાલ જન્મનું પ્રમાણ પત્ર ખોટું હોવાનું સામે આવ્યું હતું. સગીરની માતાએ રજુ કરેલું જન્મનું પ્રમાણપત્ર મુંબઈનું હતુ એક બીજુ પ્રમાણપત્ર ઉત્તરપ્રદેશના મઉ ખાતેનું હતું. જોકે ત્યાં તપાસ કરતા મહુ ખાતેનું સર્ટીફીકેટ બોગસ હોવાનું ધ્યાને આવતા રાંદેરમાં આ બાબતે ગુનો નોંધાયો હતો.

### ગ્રાહક કોર્ટ વીમા
છેલ્લા પાનાનું ચાલુ

જણાવીને વીમાદારનો કલેઈમ નામંજુર કર્યો હતો. જેથી વીમાદારે એડવોકેટ નરેશ નાવડીયા અને જીગ્નેશ હરીયાણી મારફતે સુરતના ગ્રાહક કમિશનમાં ફરીયાદ દાખલ કરાવી હતી. જે ફરિયાદ ચાલી જતાં ફરિયાદીના એડવોકેટ નરેશ નાવડીયા, તથા જીગ્નેશ હરીયાણી દ્વારા વીમા કંપનીએ એવો કોઈ પુરાવો રજુ કર્યો નથી, કે જેનાથી સાબિત થાય કે, તમાકુ ચાવવાથી કેન્સર થયું છે, તેથી ફરિયાદ ખર્ચ સહિત મંજુર કરવા બાબતે દલીલો કરી હતી. બંને પક્ષની દલીલના અંતે ગ્રાહક કમિશને વીમા કંપનીને રૂા. ૧૦,૦૦૦ના દંડ સાથે ફરિયાદીને કલેઈમ રકમ રૂા.૩,૧૯,૫૫૫ ફરિયાદની તારીખથી ૮% વ્યાજ સહિતનું વળતર ચુકવવા વીમા કંપનીને હુકમ કર્યો હતો.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 .
Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

સોમવાર, તા.૧૦ ફેબ્રુઆરી ૨૦૨૫ | E-mail : pratap_darpan@yahoo.co.in | મોબાઈલ : ૯૮૨૫૫ ૩૨૫૦૫

### ૧૭૨૪ શાળાના ૧૧,૭૫,૩૫૮ બાળકોનું આરોગ્ય તપાસ

## ૪૭૯ જન્મજાત ખામી, ૧૨૪ વિવિધ પ્રકારના કેન્સર, ૭૩ ડાયાબિટીશ સહિત બિમારીથી પીડાતા ૯૩,૯૪૨ વિદ્યાર્થીઓ શોધી કઢાયા

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૦

સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા રાષ્ટ્રીય બાળ સ્વાસ્થય કાર્યક્રમ અંતર્ગત મનપાની હદમાં આવેલ આંગણવાડીથી લઈ ધોરણ-૧૨ સુધીનો અભ્યસ કરતા વિદ્યાર્થીઓનું આરોગ્ય સ્ક્રીનીંગ કરવામાં આવ્યું હતું. તા.૧-૪-૨૪થી લઈને તા.૬-૨-૨૫ સુધી વિદ્યાર્થીઓની આરોગ્ય ચકાસણીમાં ખુબ જ ગંભીર કહી શકાય એવી બિમારી વિદ્યાથીઓમાં મળી આવી હતી. વર્ષ દરમિયાન આ કાર્યક્રમ અંતર્ગત બે વખત ૦ થી લઈને ૧૮ વર્ષના વિદ્યાર્થીઓની આરોગ્ય ચકાસણી કરવામાં આવી હતી.

સુરત મહાનગર પાલિકાના આરોગ્ય વિભાગના સુત્રોનાં જણાવ્યા અનુસાર તા.૬-૨-૨૦૨૫ સુધીમાં આરોગ્ય ચકાસણીમાં આંગણવાડીથી લઈ ધોરણ-૧૨ સુધીનો અભ્યાસ કરતા ૧૧,૭૫,૩૫૮ વિદ્યાર્થીનું આરોગ્યલક્ષી તપાસ કરવામાં આવી હતી. જેમાં જન્મજાત ખામી, હૃદય રોગ, કેન્સર સહિતની બિમારીથી પીડાતા ૯૩,૯૪૨ વિદ્યાર્થીઓ મળી આવ્યા હતા. સુરત મહાનગર પાલિકાની હદ વિસ્તારમાં આવેલ ૧૭૨૪ શાળામાં આરોગ્ય સ્ક્રીનીંગ કરવામાં આવ્યું હતું.

સુરત મનપાના આરોગ્ય વિભાગના જણાવ્યા મુજબ આરોગ્ય ચકાસણીમાં ૧૨૪ વિદ્યાર્થીઓ અલગ-અલગ કેન્સરની બિમારીવાળા મળી આવ્યા હતા. ૬૭ થાઈરોઈડના કેસ, ૭૩ વિદ્યાર્થીઓમાં ડાયાબિટીશ, ૩૩ વિદ્યાર્થી થેલેસેમિયા, ૨૧ વિદ્યાર્થી સિકલસેલ સહિત જન્મ પછીના વિકાસ, વિદ્યાર્થીનીમાં સ્ત્રી રોગ, શરીરની ઉણપ, જન્મજાત ખામી સહિતના કેસો મળી આવ્યા હતા. ખાસ કરીને ૪૭૯ વિદ્યાર્થીમાં જન્મજાત ખામીવાળા કેસો મળી આવ્યાં છે. જેમાં જન્મજાત ખામીમાં ૩૦૯ વિદ્યાર્થીને હૃદયની બિમારી, નવર્સ સિસ્ટમના ૧૦ વિદ્યાર્થી, ડાઉન સિન્ડ્રોર્મના ૧૮ વિદ્યાર્થી, હોઠ અને તાળવાની ખામીના ૫૯ વિદ્યાર્થી, પગ-પંજાની ખામીવાળા ૫૭ વિદ્યાર્થી , થાપાની ખામીનો એક વિદ્યાર્થી જન્મજાત મોતિયાના ૫ વિદ્યાર્થી, સાંભળવાની તકલીફના ૨૦ વિદ્યાર્થી, આંખની તકલીફનાં ૨ વિદ્યાર્થી, શોધી કાઢવામાં આવ્યાં હતા.

સુરત મનપાના આરોગ્ય વિભાગના જણાવ્યા મુજબ કુલ ૧૧,૭૫,૩૫૮ વિદ્યાર્થીના આરોગ્ય ચકાસણીમાં વિવિધ પ્રકારની બિમારીથી પીડાતાં ૯૩,૯૪૨ વિદ્યાર્થી મળી આવ્યા છે. જેઓને સુરતની વિવિધ સરકારી હોસ્પિટલોમાં સારવાર આપવામાં આવે છે.

### રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત ૧-૪-૨૪થી ૧-૬-૨૫ સુધીમાં બે વખત વિદ્યાર્થીઓની આરોગ્ય ચકાસણી કરાઈ

## ફાઉન્ટેન હેડ સ્કુલના માલેતુજાર નબીરાઓ સામે કડક કાર્યવાહિ થશે : ડીસીપી અમિતા વાનાણી

### ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓના લક્ઝરીયસ કારોના કાફલા સાથેના પ્રદર્શને પોલીસને પડકારતા પોલીસ એક્શનમાં

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૦

ટ્રાફિક ડીસીપી અમિતા વાનાણીએ જણાવ્યું હતુ કે, જહાંગરીપુરા પોલીસ સ્ટેશનની હદમાં ફાઉન્ટેન હેડ સ્કુલના વિદ્યાર્થીઓએ લક્ઝરી કારનો કાફલો કાઢવાની ઘટનામાં ચોક્કસપણ પોલીસ સ્ટેશન દ્વારા તપાસ હાથ ધરવામાં આવી રહી છે. એમ.વી.એક્ટ અને આઈપીસીની કલમો હેઠળ ગુનો પણ દર્જ કરવામાં આવશે. વિડીયોના આધારે તપાસ કરાઈ રહી છે સખતમા સખત શિક્ષાત્મક પગલા ભરવામાં આવશે.

નબીરાઓ પોતાના મોજશોખ પુરા કરવા માટે એટલી હદે બેફામ બને છે કે તેમને ખબર પણ નથી હોતી કે ક્યારેક તેમના મોજશોખ બીજા લોકો માટે જીવનુ જોખમ બની શકે છે. બે દિવસ પહેલા જ વાલક આઉટર રિંગરોડ ઉપર બેફામ બનેલા એક નબીરાએ અકસ્માત સર્જતાં બે નિર્દોષ લોકોના જીવ ગયા હતા.

હવે આવો ક્રેઝ સ્કુલના વિદ્યાર્થીઓને પણ ચઢ્યો છે. દાંડી રોડ ઉપર આવેલી ફાઉન્ટેન હેડના વિદ્યાર્થીઓ પાવરશોના નામે વરવુ પ્રદર્શન બતાવવાની ઘેલછામાં પોલીસ કાર્યવાહીમાં સપડાયા છે. ફાઉન્ટેન હેડ સ્કુલના વિદ્યાર્થીઓ ટ્રાફિકો નિયમોનું સરેઆમ ભંગ કરી તેમની સ્કુલેથી ૩૦થી વધુ લક્ઝરી કારો સાથે કાફ્લો કાઢી સુસાટા માર્યા હતા. અને આ વિડીયો સોશિયલ મિડીયા ઉપર ખુબ જ વાયરલ થતા ફાઉન્ટેન હેડ સ્કુલની શિક્ષણ આલમમાં ભારે ચર્ચા થઈ રહી છે. આ વિદ્યાર્થીઓ સામે સુરતના ડી.સી.પી. ટ્રાફિક અમિતા વાનાણીએ તો તપાસ કરીને સખતમાં સખત શિક્ષાત્મક પગલા ભરવા પણ આદેશ આપ્યો હતો.

દાંડી રોડ રોડ સ્થિત કુકણીગામમાં આવેલી ફાઉન્ટેન હેડ સ્કુલ ખુબ જ શિસ્તબદ્ધ ગણાય છે. આ શાળામાં મોટાભાગે માલેતુજારોના બાળકો જ ભણે છે. શિસ્તબદ્ધ ગણાતી આ સ્કુલની છબી પોતાના વિદ્યાર્થીઓના કારણે શિક્ષણ આલમમાં ખરાબ થઈ જવા પામી છે. ફાઉન્ટેન હેડ સ્કુલના ધો.૧૨ના વિદ્યાર્થીઓએ પોતાનો વિદાય સમારંભ સ્ટાઈલ અંદાઝમા બનાવવા આયોજન કર્યુ હતું. જેમાં વિદ્યાર્થીઓએ ટ્રાફિક નિયમોનું સરેઆમ ભંગ કરી ૩૦થી વધુ લક્ઝરી કારના કાફલા સાથે નિકળીને રસ્તો પણ બાનમાં લીધો હતો. એટલુ જ નહિ એક વિદ્યાર્થીએ તો બંદૂક જેવા હથિયાર સાથે કારની સનરૂફમાથી બહાર નિકળીને જાહેરમાં સુસાટા મારતો વિડીયો પણ બનાવ્યો હતો.

જેથી પોલીસે આ વિદ્યાર્થીઓ સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવા આદેશ આપ્યો છે.

### સગીર વિદ્યાર્થીના વાલીઓ પણ ભેરવાશે

કારનો કાફલો કાઢી સિનસપાટા મારવાના ચક્કરમાં વિદ્યાર્થીઓ પોલીસ પ્રક્રિયામાં ભેરવાયા છે. ટ્રાફિક ડીસીપીએ તો આ વિદ્યાર્થીઓ સામે સખત મા સખત શિક્ષાત્મક કાર્યવાહી કરવાનો પણ આદેશ આપ્યો હતો. આ કાફ્લામાં કેટલાક સગીર વિદ્યાર્થીઓ પણ કાર ચલાવી રહ્યા હોવાની શક્યતા છે. કાયદાકીય રીતે પોલીસ સગીર વિદ્યાર્થી અને તેમના વાલી સામે પણ ગુનો દર્જ કરશે. વિદ્યાર્થીઓના સિનસપાટાના કારણે વાલીઓ પણ હવે પોલીસ કાર્યવાહીમાં સપડાશે.

### હથિયાર બતાવનાર વિદ્યાર્થીને શોધતી પોલીસ

ફાઉન્ટેન હેડ સ્કૂલના વિદ્યાર્થીઓએ કારનો કાફલો કાઢી સીનસપાટા કરનાર વિદ્યાર્થીઓ સામે પોલીસ તપાસ કરી રહી છે. ખાસ કરીને આ

અનુસંધાન પાના ૭ પર



વિવિધ માંગણી સાથે આજે સુરત આરટીઓ કચેરીના ઈન્સ્પેક્ટર, આસિસ્ટન્ટ ઈન્સ્પેક્ટરોએ સામુહિક રજા પર ઉતરવાના નિર્ણય સાથે દેખાવો યોજ્યા હતા. (તસવીર : હનીફ મલેક)

## ચલથાણ પાસે બાઈક ચાલક પર ટ્રક ફરી વળતા એકનું મોત

### બે મિત્રોને સચીનથી કડોદરા જતી વેળા અકસ્માત નડ્યો

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૦

કડોદરા તારીખ ૧૦ નેશનલ હાઈવે નંબર ૪૮ ઉપર ચલથાણ ગામની સીમમાં રેલવે બ્રિજ ની ઉપર બાજુમાં ચાલતી એક અજાણી ટ્રક ની નીચે આવી જતા બે મિત્રો પૈકી એક ઉપર ટ્રકનું પાછળનું ટાયર ફરી વળતા ઈજા ના કારણે હોસ્પિટલ ખાતે સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું પ્રાપ્ત વિગત મુજબ મુલ મધ્યપ્રદેશના વતની અને હાલ સચિન સુરત ખાતે રહેતા પરવીન ધર્મરાજ ચૌધરી એ કરોડરા પોલીસ સ્ટેશનમાં આપેલી ફરિયાદમાં જણાવ્યા અનુસાર ગઈકાલે તેમનો નાનો ભાઈ અજીત ધર્મરાજ ચૌધરી ઉંમર વર્ષ ૨૪ જેઓ કંપનીની જીજે ૦૫ કે એચ ૨૦ ૩૨ નંબર ની મોપેડ લઈ તેના મિત્ર સોનું અશોક ગોર બંને જણા તેમની કંપનીને માલિકના સુચના મુજબ કડોદરા દિવ્યા ફેશન ખાતે મેન્ટેનન્સનું કામ કરવા જતા હતા મોપેડ પર બેસીને બંને વચ્ચે સામાન ર્હ્રેટ મૂકીને સચિન થી પલસાના થઈ કડોદરા જતા હતા ત્યારે ચલથાણ ગામની સીમમાં રેલવે બ્રિજ ની ઉપરથી આશરે સાડા અગિયાર એક વાગ્યાના સુમારે પસાર થતા હતા ત્યારે બાજુમાં ચાલતી એક અજાણી ટ્રકને તેમની વચ્ચે મુકેલ સામાન નો બોક્સ તે ટ્રકને અડી જતા મોપેડ ચલાવતા સોનુંનું બેલેન્સ ખોડવાય ગયેલ બંને નીચે પડી ગયા હતા. અજીત ટ્રકના

અનુસંધાન પાના ૭ પર

## સારોલી કુબેરજી માર્કેટનાં ચાર વેપારીઓનું કરોડોમાં ઉઠમણું

### વરાછાનાં વેપારીના રૂા.૧.૬૦ કરોડ ફસાયા : દલાલ સહિત ૫ સામે ફરિયાદ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૦

પુણા સારોલી રોડ ઉપર આવેલી શ્રી કુબેરજી વર્લ્ડ ટેક્ષટાઈલ માર્કેટનાં દલાલ અને ચાર વેપારીઓએ મળી વરાછાના ટાઈડ કાપડના વેપારી પાસેથી સાડી માટેનું રૂ.૧.૬૦ કરોડનું કાપડ ખરીદી કરી તેનું પેમેન્ટ નહીં ચુકવી ઉઠમણું કર્યું હોવાની ફરીયાદ સારોલી પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે.

પ્રાપ્ત વિગત અનુસાર મુળ ભાવનગરના વતની અને હાલ વરાછા રોડ બરોડા પ્રિસ્ટેજની સામે મહેશ્વરી સોસાયટીમાં રહેતા વિવેકાનંદ દલસુખભાઈ વસોયા ઉ.વ.૫૫ યોગી ફેબ ટેક સહિત ત્રણ પેઢીઓ ચલાવી ટાઈડ કાપડનો વેપાર કરે છે. સાડી માટે વપરાતા ટાઈડ કાપડની ડિમાન્ડ કરી સારોલી રોડ ખાતે આવેલી શ્રી કુબેરજી ટેક્ષટાઈલ માર્કેટના કાપડ દલાલ હનુમાનરામ ગંગારામજી ચૌધરી સાથે મળી કુબેરજી માર્કેટના વેપારી વિનોદકુમાર જૈન, જેઠમન ઉર્ફે જયેશ ઉર્ફે મુનીમજી નાથુલાલ જૈન અને મહાવીર શાંતિલાલ મહેતા તેમજ કાલુસિંગ દેઓરાએ મળી ગઈ તા.૧૧-૪-૨૦૪ થી તા.૧૬-૮-૨૦૪ના સમયગાળમાં કુલ રૂ.૧.૬૦ કરોડનું કાપડ ખરીદી કર્યું હતું. ટાઈડ સાડી માટે વપરાતા કાપડની ખરીદી કર્યા બાદ વેપારી ધારા ધોરણ પ્રમાણે પેમેન્ટ ચુકવવાનું જણાવી દલાલ હનુમાનરામ ચૌધરી સહિત પાંચેય વેપારીઓએ મળી રૂપીયાની ચુકવણી કરી ન હતી. અવાર નવાર પેમેન્ટની માંગણી કરતા દલાલ સહિતની ટોળકીએ વાયદાઓ બતાવી સમય પસાર કર્યો હતો. આખરે આ મામલે કાપડ વેપારી વિવેકાનંદ વસોયાએ સારોલી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

## આરટીઓ ઈન્સ્પેક્ટરોનું 'નો લોગીન ડે' સાથે વિરોધ પ્રદર્શન

### ઈન્સ્પેક્ટરો કામગીરીથી અળગા રહેતા આરટીઓની કામગીરી ઠપ્પ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૦

સુરત સહિત રાજયભરમાં આર.ટી.ઓ. કચેરીના ઈન્સ્પેક્ટર અને આસિ. ઈન્સ્પેક્ટરોએ આજે નો લોગીન ડે અભિયાન છેડીને ભારે વિરોધ પ્રદર્શન કર્યુ હતું.સુરત આરટીઓ કચેરીમાં અધિકારીઓ હાજર રહ્યા હતા પરંતુ સિસ્ટમને લોગીન નહી કરી વિરોધ નોંધાવ્યો હતો. બીજી તરફ ઓનલાઈન એપોઈમેન્ટ લેનારા લોકો આરટીઓ કચેરી પહોંચતા ધરમ ધક્કા ખાવા પડ્યા હતા. આવતીકાલે સામુહિક રજા ઉપર ઉતરીને વિરોધ કરશે.

રાજયભરની આરટીઓમાં ફરજ બજાવતા ઈન્સ્પેક્ટરો અને આસી.ઈન્સ્પેક્ટરો પ્રોબેશન પિરીયડમાં હેરાનગતિ, લાંબા સમયથી અટવાયેલા પ્રમોશન, ખોટી ખાતાકીય તપાસો બંધ કરવા અંગે, ઈલેક્શનને લગતી કોઈપણ કામગીરી અટકાવવી નહી, પેન્ડીગ અને અનિયમિત ટ્રાન્સફર, સાત દિવસ સતત રાત પાણી જેવા મુદ્દાઓનુ નિરાકરણ લાવવા છેલ્લા એક વર્ષથી માગ કરી રહ્યા છે. પરંતુ કોઈ નિરાકરણ નહી આવતા આરટીઓ અધિકારીઓએ બાંયો ચઢાવી છે. ગુજરાત રાજ્યના તમામ

અનુસંધાન પાના ૭ પર

## ડ્રગ્સ કેસમાં ખોટુ જન્મપ્રમાણ પત્ર રજુ કરનાર સગીર સામે ગુનો દર્જ

### આરોપી સગીરે ખોટા પ્રમાણપત્રના આધારે મહત્વના દસ્તાવેજો બનાવ્યાં હતા

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૦

રાંદેરના શાહ ભાગળ વિસ્તારમાં રહેતા ૧૭ વર્ષિય સગીરે બેંકમાં નોકરી મેળવવા તેમજ લાયસન્સ કઢાવવા માટે યોગ્ય ઉંમરની જરૂર હોય પોતાની ઉંમર વધુ બતાવવા માટે આરીફ અંશારી નામના એક આરોપી અને તેના માણસ પાસે ઉત્રપ્રદેશના મઉ ખાતેની એક હોસ્પિટલના નામે બોગસ જન્મ પ્રમાણ પત્ર બનાવ્યું હતું. જેને આધારે બેંકમાં અકાઉન્ટ ખોલાવવામાં આવ્યું હતું. બોગસ ડોક્યુમેન્ટ અંગે રાંદેર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

રાંદેર પોલીસ સ્ટેશનેથી મળતી વિગત અનુસાર મુળ ઉત્તરપ્રદેશના વતની અને હાલ રાંદેર વિસ્તારમાં જીમખાના પાસે રહેતા ૧૭ વર્ષિય સગીરે બેંકમાં અકાઉન્ટ ખોલાવવા માટે આરીફ અંશારી નામના યુવકનો સંપર્ક કર્યો હતો. આરીફે સગીર પાસેથી ૨૫૦૦ રૂપીયા લેખે પાનકાર્ડ, આધારકાર્ડ બનાવવા માટે ઉત્તરપ્રદેશ જિલ્લા મહિલા હોસ્પિટલ મઉ ખાતેથી બોગસ જન્મ પ્રમાણ પત્ર બનાવી આપ્યું હતું. જેને આધારે બેંકમાં અકાઉન્ટ ખોલાવી તેમજ ડ્રાઈવિંગ લાયસન્સ પણ

અનુસંધાન પાના ૭ પર



વોર્ડ નં.૧૮માં આવેલા મીઠીખાડી આઝાદ ચોકના રહેણાંક વિસ્તારમાં દરરોજ સવારે ડ્રેનેજ લાઈન ઓવર ફ્લો થતા ગંદુ પાણી જુદી જુદી ગલીઓમાં વહેતું થાય છે. વોર્ડ નં.૧૮ની પેટા ચૂંટણી હાલ ચાલી રહી છે ત્યારે કોઈપણ પાર્ટીના ઉમેદવારોએ આ કાયમી સમસ્યાનો નિવેડો લાવવાની દરકાર લીધી નથી.

## રેસ્ટોરન્ટના માલિકના આપઘાત કેસમાં આરોપીઓના સાત દિવસના રિમાન્ડ મંગાશે

### ગત બપોરે ધરપકડ કર્યા બાદ આરોપીઓને બપોર પછી કોર્ટમાં રજૂ કરાશે

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૦

વરાછા મીની બજાર ભાત ની વાડી ખાતે આવેલ ગિરિરાજ રેસ્ટોરન્ટ ના માલિક ની હની ટ્રેપ અને ત્યારબાદ માંગવામાં આવેલી રૂપિયા પાંચ લાખની ખંડની પ્રકરણમાં વરાછા પોલીસે ગતરોજ બપોર પછી બે મહિલા અને બે પુરુષ સહિત કુલ ચાર આરોપીઓની ધરપકડ કર્યા બાદ આજે બપોર પછી ત્રણેય આરોપીઓને કોર્ટમાં રજૂ કરી પોલીસ સાત દિવસના રિમાન્ડ ની માંગણી કરશે એવું વરાછા પોલીસે જણાવ્યું હતું.

આ કેસની વિગતો એવી છે કે, કામરેજના પાસોદરા પાટીયા ખાતે આવેલ નવકાર એવન્યુ સોસાયટીમાં રહેતા અને વરાછા મીની બજાર ભાતની વાડી ખાતે ગીરીરાજ રેસ્ટોરન્ટ ના માલિક યોગેશ જાગ્યા એ ગત બુધવારના રાત્રે ૯:૦૦ વાગ્યાના વિડીયો રેકોંડિંગ સાઢુભાઈ દિપક રાણા ને મોકલ્યું હતું જેમાં પોતે કામરેજ બ્રિજ પરથી સુસાઈડ કરી રહ્યા નું જણાવ્યું હતું. પોતાને તેની હોટલમાં કામ કરતી નયના ભરત ઝાલાએ હની ટ્રીપ માં ફસાવી રૂપિયા પાંચ લાખની ખંડણીની માંગણી કરી હોવાનું પણ જણાવવામાં આવ્યું હતુ. આ પ્રકરણમાં વરાછા પોલીસે પત્ની નયના ઝાલા, પતી ભરત ઝાલા, જેઠ અનુભાઈ ઉર્ફે કાનજી ઝાલા અને જેઠાણી નયના અનુભાઈ ઝાલા ની ગત બપોરે ૩:૩૦ વાગે ધરપકડ કરી હતી. આજે તમામને બપોર પછી કોર્ટમાં રજૂ કરી સાત દિવસના રિમાન્ડની માંગણી કરવામાં આવી શકે છે એવું વરાછા પોલીસે જણાવ્યું હતું.

## કોસાડ ફાયર સ્ટેશન પાસે બ્રિજ ઉપર બાઈક સળગી

### બાઈક સવાર દાઝી જતા હોસ્પિટલ ખસડાયો

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૦

અમરોલી કોસાડ ફાયર સ્ટેશન પાસે આવેલા બ્રિજ પર ગત રોજ એક બાઈક કોઈક કારણોસર સળગી ઊઠી હોવાનો બનાવ ફાયર બ્રિગેડ ના ચોપડે નોંધાયો હતો. જોકે બાઈક સવાર સામાન્ય દાદી જતા સારવાર માટે તેને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હોવાનું પણ ફાયર બ્રિગેડ એ જણાવ્યું હતું.

ફાયર બ્રિગેડ સૂત્રોના જણાવ્યા અનુસાર, કોસાડ આવાસ માં રહેતો સાહિલ નામનો ઈસમ બજાજ એવેન્જર નામની બાઈક લઈને કોસાડ ફાયર સ્ટેશન પાસે આવેલ બ્રિજ પરથી પસાર થતો હતો ત્યારે અચાનક બાઈક સળગી ઊઠી હતી. બાઈક સળગી ઉઠતા બાઈક સવાર સાહિલ સામાન્ય દાઢી જતા ૧૦૮ મારફત તેને પ્રીમિયર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ બનાવની જાણ ફાયર બ્રિગેડને કરવામાં આવતા કોસાડ ફાયર સ્ટેશન ના ફાયર ઓફિસર ઘટના સ્થળે ધસી ગઈ પાણીનો મારો ચલાવી બાઈકમાં લાગેલી આગને બુજાવી નાખી હતી. આગમાં સંપૂર્ણ બાઈક સળગી ગઈ હોવાનું ફાયર બ્રિગેડ એ જણાવ્યું હતું.

## ચેક રિટર્ન કેસમાં અમિત ચાસીયાને એક વર્ષની સજા

### જ્વેલર્સ અરૂણ સોનીએ ફરિયાદ નોંધાવી હતી

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૦

દાગીનાના પેમેન્ટ પેટે આપેલા ત્રણ ચેક રિટર્ન કેસમાં પાલનપુર પાટિયાના અમિત ચાસીયાને કોર્ટે ૧-૧ વર્ષની કેદની સજા કરી હતી.

મોરાભાગળ ખાતે સીતારામ જ્વેલર્સના નામે ધંધો કરતા અરૂણ સોનીએ એડવોકેટ રમેશ સાનેપરા મારફતે પાલનપુર પાટિયા દિનદયાળ સોસા.માં રહેતા અમિત કિશોર ચાસીયા સામે ચેક રિટર્નની ફરિયાદ કરી હતી. અરૂણ સોની પાસેથી લીધેલા સોના-ચાંદીના દાગીનાના પેમેન્ટ પેટે અમિત ચાસીયાએ કુલ ૩૦ લાખના ૩ ચેકો આપ્યા હતા. આ ત્રણ ચેકો ?રિટર્ન થવાના કેસમાં અમિત ચાસીયાને કોર્ટે ૧-૧ વર્ષની સાદી કેદની સજા કરી હતી.

## ગ્રાહક કોર્ટનો વીમા કંપનીને ૩.૧૯ લાખનું વળતર ચુકવવા આદેશ

### તમાકુના સેવનથી કેન્સરનું કારણ બતાવી ક્લેઈમ નકારી ન શકાય

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૦

"મેડીકલ વિજ્ઞાન અનુસાર એ સાબિત થયું છે કે 'કેન્સરના એકથી વધુ કારણો હોઈ શકે, માત્ર તમાકુ સેવનની આદતને કારણે જ કેન્સર થયું છે, તેવો બચાવ વીમા કંપનીનો દાવો સાચો નથી." તેવું ગ્રાહક કોર્ટે પોતાના હુકમમાં ટાંકી વીમા કંપનીને રૂા. ૧૦,૦૦૦ના દંડ સાથે વિમાદારને કલેઈમ રકમ રૂા.૩.૧૯ લાખ વ્યાજ સાથે ચુકવવા હુકમ કર્યો હતો.

અડાજણ પ્રાઈમ આર્કેડમાં રહેતા વિજયકુમાર રમેશચંદ્ર કાપડીયાએ નિવા બુપા હેલ્થ ઈન્શ્યોરન્સ કંપની લિમિટેડની પોલીસી લીધી હતી. પોલીસી અંતર્ગત વીમાદાર વિજયકુમારને કેન્સરની સારવાર કરવામાં આવી તેનો કલેઈમ વીમા કંપનીમાં રજુ કરાયો હતો. કલેઈમ રજુ કરતા વીમા કંપનીએ તંબાકુ ચાવવાની આદતને કારણે કેન્સર થયાનું

અનુસંધાન પાના ૭ પર